
# શ્રી ગુણસ્થાનક ક્રમારોહ ગ્રંથની વાંચના




વાચનાદાતા -

પૂ.પા. યુગદિવાકર આ. દેવ

શ્રી વિજય ધર્મ સૂરીશ્વરજી મ.સા.

આ ગ્રંથના અંતિમ વાચના દાતા



પૂ.પા. યુગદિવાકર આ. દેવ

શ્રી વિજય ધર્મસૂરિશ્વરજી મ.સા.ને

સમર્પણ

।। શ્રી સિધ્ધાચલ મંડન શ્રી આદિનાથાય નમઃ ।।

। પ્રગટ પ્રભાવી શ્રી કલ્યાણ પાર્શ્વનાથાયનમઃ ।

શાસનપતિશ્રી મહાવીર સ્વામિને નમઃ

# ગુણકસ્થાનક ક્રમારોહ ગ્રંથની વાચના.

## વાચનાદાતા


દ્રવ્યાનુ યોગના અદ્દ્ભુત ક્ષયોપશમ પૂર્વક માર્મિક જ્ઞાતા પૂજ્યપાદ

યુગદિવાકર આચાર્ય ભગવંત શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ.સા.


## વાચનાનું સ્થળ

શ્રી જૈન સાહિત્ય મંદિર પાલિતાણા સંવત્ ૨૦૩૩

## સંયોજક : તથા સંપાદકઃ


વ્યાકરણતીર્થ સાહીત્ય વિશારદ વિશદવક્તા પ.પૂ અચાર્યદેવ

શ્રી વિજય કનકરત્ન સૂરીશ્વરજી મહારાજ



## પ્રકાશક

વડોદરા શ્રી મામાની પોળ જૈન સંઘ

સંવત્ ૨૦૫૦ અક્ષય તૃતીયા.

પ્રથમ આવૃત્તિ
પ્રત : ૭૫૦

**પ્રકાશ તથા પ્રાપ્તિસ્થાન**
શ્રી રાવપુરા મામાનીપોળ શ્વે.મૂ.જૈન સંઘ
મામાની પોળ, રાવપુરા, વડોદરા.

**મુદ્રક : પારસ પ્રિન્ટરી**
કાઠીયાવાડ દિવાનજીનો વાડો - વડોદરા.
દાંડિયા બજાર - વડોદરા ૩૯૦ ૦૦૧.
ફોન નં. ૫૫૨૨૩૭

# સ્વલ્પ પ્રાસંગિકમ્

ચૈતન્ય-જ્ઞાન, શાન્તિ-આનંદ-સુખ-સમતા સમાધિ વગેરે સર્વ જેમ આત્માનાજ ગુણો છે બીજા કોઈપણ દ્રવ્યના પદાર્થના ગુણો નથી. તેમ પ્રત્યેક દ્રવ્યના ગુણો અનાદિ કાળથી તે તેદ્રવ્યો માંજ સ્થિર પણે રહેલા હોય છે અન્ય સ્થળેથી લાવી તે દ્રવ્યોમાં દાખલ કરેલા છે આવાત જૈન દર્શનને સર્વથા અમાન્ય અસ્વીકાર્ય છે.

આત્મામાં ચૈતન્યની જેમજ પાણીમાં શીતતા, અગ્નિમાં દાહકતા. આકાશમાં પદાર્થમાત્રને જગ્યા આપવાનો, પુદ્ગલમાં જડત્વ આદિ મૂળ ગુણો સહજ ગુણો સદા સર્વદા તે-તે દ્રવ્યોની સાથેજ પ્રગટપણે કે ક્યારેક અપ્રગટપણે રહેલાં હોય છે. પરંતુ આગ્રંથમાં તો પ્રધાનરૂપે ફક્ત આત્માનાજ ગુણોનું સ્વરૂપ અને ભૂમિકાઓનો વિચાર કરાયો છે. કે જેનું જીવના (આત્મા) જીવનમાં અત્યંત મહત્વ છે.

# ગુણ સ્થાનક શબ્દની સાર્થકતા

ઉપર જણાવ્યા પ્રમાણે આત્મામાં રહેલા ચૈતન્ય જ્ઞાન - વગેરે ગુણો અનાદિ કાળથી પ્રાયઃ મોહનીય વડે અવરાએલા દાબાએલા છે જ. તેને સાચી અધ્યાત્મિક સાધના આરાધના વડે ધીમે ધીમે મોહનીય વગેરે કર્મોના અતિ તીવ્ર આવરણો (બંધનો) પાતળાં પાતળાં થતાં જાય છે, આંશિકરૂપે ઉત્તરોત્તર આત્મ ગુણોનો આવિર્ભાવ પ્રગટ પણું થતું જાય તે ગુણના પ્રાગટયની ભૂમિકાને ગુણસ્થાનક શબ્દ વડે જણાવાય છે.

જો કે આત્માના ગુણોની જેમ ગુણનાસ્થાનકો પણ અનંતાજ છે. પરંતુ તે સર્વને તો અતિ અલ્પ આયુષ્ય અને અતિસ્વલ્પ ક્ષયોપશમના કારણે સમજવા જાણવા અત્યંત મુશ્કેલ હોવાથી અનંત ઉપકારી અનંતજ્ઞાની મહા પુરૂષોએ તે ગુણોનો મૂલ ગુણોમાં સમાવેશ કરી તેના ૧૪ની સંખ્યામાં સમાવી સ્થાનકો પણ ફરમાવ્યા છે. વર્તમાન સમયે શ્રી આગમગ્રંથો તથા કર્મગ્રંથાદિ પ્રકરણોમાં આ ગુણસ્થાનક વિશેનું સંક્ષેપને વિસ્તારથી છૂટું છૂટું વર્ણન તો છે જ તોપણ આ પ્રકરણના

સ્વતંત્રકર્તા શ્રીમાન રત્નશેખર સૂરીશ્વરજી મ.જે અનેક આગમના અભ્યાસથી તેમજ સ્વગુરૂદેવ પાસેથી ગુણસ્થાનકોનું સુંદરજ્ઞાન મેળવી કદમાં નાના છતાંય અત્યંત ગંભીર ભાવવાળો ખૂબજ મહત્વનો, પોતાનાજ વિવેચન યુક્ત ગ્રંથ બનાવ્યો છે અને આત્માની ઉત્તરોત્તર ક્રમિક આધ્યાત્મિક વિકાસની ભૂમિકાઓ પગથીઆઓ ગુણસ્થાનકરૂપ, સાર્થકનામ વડે બતાવવામાં આવ્યા છે. જેના ઉપર પૂ. વિજય ધર્મ સૂરીશ્વરજી ગુરૂ દેવશ્રી એ પોતાના મહાનક્ષયોપશમ અને આગવી શૈલી વડે ગ્રંથકર્તાના સદાશયને અભ્યાસી જીજ્ઞાસુઓને ઉપયોગ પૂર્વક વાચનારૂપે સમજાવ્યો હતો, તેજ વાચના આપ સર્વની સમક્ષ શ્રીમામાનીપોળના ઉત્સાહી કાર્યકર્તાઓએ રજુ કરવાનો જે પ્રયત્ન કર્યો છે તે ખૂબજ અનુમોદનીય છે. ગુરૂદેવશ્રીના આજ્ઞાવર્તિ સાધ્વીજીશ્રી મનોરમા શ્રીજી સા.શ્રી જયલતાના શિષ્યા સા.શ્રી જ્યોતિધરો શ્રીજી એ તથા તે સમયે મુનિવર્ય શ્રી કનકવિજયજીએ કરેલી પ્રાયઃ અક્ષરશઃ નોંધોનો આમાં સંગ્રહ છે. ઈતિ

# મંગલ પ્રારંભ

गुणस्थानक्रमारोह - हतमोहं जिनेश्वरम् ।
नमस्कृत्य गुणस्थान-स्वरुपं किञ्चिदुच्यते ।।

**શબ્દાર્થ** અનુક્રમે ગુણસ્થાનો ઊપર આરોહણ કરીને જેમણે અતિપ્રબળ એવા મોહનીય કર્મને હણ્યું છે-(પોતાના આત્મામાંથી સર્વથા દૂર કર્યું છે.) એવા શ્રી જીનેશ્વર દેવોને નમસ્કાર કરીને ગુણસ્થાનકોનું કાંઈક (અલ્પ) સ્વરુપ મારા વડે કહેવાય છે. અર્થાત્ હું કહુ છું ॥

**વિશેષાર્થ** આ પ્રથમ શ્લોકમાં ગ્રંથકારે મંગલ અભિધેયવિષય - સંબંધ અને પ્રયોજન આ ચાર વસ્તુ બતાવી છે જેને અનુબંધ ચતુષ્ટયી તરીકે કહેવાય છે. તેમાં મંગલ શા માટે ?

**પ્રશ્ન - મંગલ** સમ્યગ જ્ઞાનરુપ ધર્મશાસ્ત્ર પોતેજ મંગલરુપ છે.તો બીજું મંગલ શા માટે કરવું ?

**જવાબ -** અલ્પજ્ઞ એવા શિષ્યોને આ શાસ્ત્ર મંગલ રુપ છે. એમ સમજાવવામાટે, વળી પૂર્વના મહાપુરુષોની પ્રણાલિકાને અનુસરવા માટે,તથા "સારા કામમાં સો વિઘ્ન" એ કહેવત અનુસાર નિર્વિઘ્ને ગ્રંથની પૂર્ણાહૂતિ થાય માટે અવશ્ય મંગલ કરવું.

**અભિધેય.** ૨) ગ્રંથકારને આ ગ્રંથ માં જણાવવાનો વિષય છે. ગુણસ્થાનકોનું સ્વરુપ. જેને અભિધેય કહેવાય છે.

**સંબંધ** ગુરુ પર્વક્રમ અર્થાત્ ગુરુશિષ્ય પરંપરા સંબંધ આ ગ્રંથકારશ્રીને પોતાના પૂજ્ય ગુરુદેવ પાસેથી જ્ઞાન મળ્યુ હતું. હવે ગ્રંથકાર પાસેથી પોતાના શિષ્યાદિકને મળવાનું છે.

**પ્રયોજન** બે પ્રકારે -૧ અનંતર ૨. પરંપર તેમાં શ્રોતા અને ભણનારને ગુણસ્થાનકના સ્વરુપનો બોધ થાય તે અનંતર અને શ્રોતા વક્તા વગેરેને કલ્યાણની પ્રાપ્તિ થાય તે પરંપર.

**હવે** ગ્રંથકારે શ્રી જીનેશ્વર દેવને નમસ્કાર કરતાં "હત મોહં એવું" જે વિશેષણ આપ્યું તેનું કારણ વાચના દાતા ગુરુદેવ શ્રી જણાવે છે કે ૪-૫-૬- ને, ૭ મા ગુણસ્થાનક સુધીમાં જીવ દર્શન સપ્તક ને દૂર કરે, અર્થાત્ અનન્તાનુ બંધિ ૪ અને મિથ્યાત્વ મોહ મિશ્રમોહ અને સમ્યકત્વ મોહ આ સાતેય દર્શન મોહનીયની પ્રકૃતિઓને ઉપશમ શ્રેણિ હોય તો ઉપશમાવે અને ક્ષપક શ્રેણિ હોય તો ક્ષય કરે ત્યાર પછી જ કોઈ પણ શ્રેણિ માંડે. આ ક્ષપકશ્રેણિ ની વાત છે. નવમાં ગુણસ્થાનકમાં અપ્રત્યાખ્યાની કષાય અને પ્રત્યાખ્યાની કષાય ૪-૪ ચોકડી અને સંજવલનકષાયના ક્રોધ-માન-માયા-અને બાદર (સ્થૂલ) લોભ- નપુસંક વેદ- સ્ત્રીવેદ--હાસ્ય રતિ- વગેરે છ તથા પુરુષવેદ આ સર્વ ૨૦ પ્રકૃતિઓનો નવમાં ગુણસ્થાનકે ક્ષય કરે. પછી ૧૦ મા ગુણસ્થાનકને અન્તે સૂક્ષ્મ સંજવલન લોભ નો ક્ષય કરે અને ત્યાર બાદ બારમાના પહેલા સમયથીજ સંપૂર્ણ મોહ ક્ષય થયા પછી સમગ્ર જ્ઞાનાવરણીય દર્શના વરણીય તેમજ અંતરાયરુપ ત્રણેય ઘાતી કર્મનો પણ ક્ષય કરવા લાગે. બારમા ના અંતે આ ત્રણેયનો ક્ષય કરી નાખે. મોહ સર્વથાનાશ પામતા જ બાકીના ઘાતીનો ક્ષય ફક્ત એક અન્તમુહૂર્ત ૪૮ મિનિટ માંજ કરી નાખે. એક માત્ર મોહનો ક્ષય કરવા માટે અનન્તો કાળ પસાર થાય અને બાકીના માટે ફક્ત ૪૮ શજ મિનિટ. દશમાના અંતે સંપૂર્ણ મોહક્ષય થયા પછી તુર્ત બારમેજ્ઞાનાવરણાદિક્ષય થતાં જ તેરમાના પ્રથમ સમયથી કેવલ જ્ઞાન સર્વજ્ઞપણું પામે અને શ્રીજીનેશ્વર દેવો ભાવજીનેશ્વર બને

गर्भसूच्यां विनष्टायां यथातालोविनश्यति ।
तथा कर्मक्षयंयाति, मोहनीयेक्षयंगते ।।

આમ આઠેય કર્મોમાં મોહનીયની પ્રધાનતા હોવાથી શ્રી જીનેશ્વર દેવને હતમોહં એવું વિશેષણ આપ્યું છે.

વળી શાસ્ત્રો માં પણ કહ્યું છે જ "अक्खाण रसणा कम्माण मोहणी" વગેરે એટલેપાંચેય ઈન્દ્રિયોમાં રસના, કર્મમાં મોહનીય, વ્રતોમાં બ્રહ્મચર્ય અને ગુપ્તિમાં મનોગુપ્તિ આ ચાર મહા દુર્જેય છે.

**ગુણસ્થાનકો કુલ ૧૪ છે તે નીચે પ્રમાણે-**

૧) મિથ્યાદ્રષ્ટિ, ૨ સાસ્વાદનદ્રષ્ટિ ૩ મિશ્રદ્રષ્ટિઅને ૪ અવિરત સમ્યગદ્રષ્ટિ, ૫ દેશવિરતિ- ૬ સર્વવિરતિ-૭ અપ્રમત્ત સંયત ૮ અપૂર્વકરણ ૯, અનિવૃતિ બાદર, ૧૦,સૂક્ષ્મ લોભકષાય ૧૧, ઉપશાન્ત મોહ ૧૨ છદ્મસ્થ વીતરાગ ૧૩ સયોગિ કેવળી ને ૧૪ અયોગિકેવળી

**ગુણસ્થાનક એટલે શું ?**

જે ગુણ આત્મામાં પહેલાં પ્રગટ થયો ન હોય પરંતુ પાછળથી તેની પ્રાપ્તિ થાય. અર્થાત્ ગુણનું સ્થાન બદલાય તેને ગુણસ્થાનક કહેવાય એક પછી એક એમ અનુક્રમે આત્માના ગુણો ઉપર ઉપરના ગુણસ્થાનક કે પ્રગટ થતા જાય. પ્રથમ ના ચાર ગુણ ગુણસ્થાનમાં અનંતાનુબંધિ ચોકડી માં, મિથ્યાત્વમોહમાં, મિશ્ર મોહમાં અને સમ્યકત્વ મોહનીય માં તરતમતા હોય છે.

પ્રથમના ચાર ગુણસ્થાનકોમાં જ્ઞાનપર્યાય અને બાકીના છ ગુણસ્થાનકોમાં વર્તના પર્યાય હોય છે. તેથી જ પ્રથમના ચારમાં દ્રષ્ટિ ગુણ સ્થાનક કહ્યું છે. જ્યારે ત્યાર પછીનામાં નિશ્ચયથી સમ્યગ્ દર્શન વાળા હોવાથી **દ્રષ્ટિ પદ લખ્યું નથી,**

અનાદિ કાળના પહેલા ગુણસ્થાનકમાં અનાદિનું મિથ્યાત્વ છે. ઊપશમવાળો સમ્યકત્વને વમીને પહેલે જતાં વચ્ચે બીજામાં આવે, ત્યાં ફક્ત છ આવાલિકાનો જ કાળ હોય છે. જેમાં ખાધેલા વમનથએલા દુધપાકના સ્વાદ જેવો યત્કિંચિત્ સમ્યકત્વનો આસ્વાદ હોય છે આવાત સિદ્ધાન્તકાર ની માન્યતા અનુસાર છે.

આ છ આવલિકા પૂર્ણ થતાં જ જીવ પહેલે ગુણસ્થાને જાય અને ત્યાર પછી તે સાદિમિથ્યા દ્રષ્ટિ ગણાય. અનાદિ મિથ્યાદ્રષ્ટિ મોહનીયનો ઊત્કૃષ્ટ સ્થિતિબંધ ૭૦ કોડાકોડીનો કરે, જ્યારે સાદિ મિથ્યાદ્રષ્ટિ. એટલે એકવાર પણ સમ્યકત્વ પામ્યા પછી મિથ્યાત્વે ગએલો તે ઊત્કૃષ્ટથી પણ, અન્તઃ કોડાકોડીનો બંધ કરે તેથી વધારે નહિં.

## પ્રથમ મિથ્યાત્વ ગુણ સ્થાનક :-

મિથ્યાત્વ -એટલે સત્યનું વિરોધિ પણું. શ્રી વીતરાગ દેવના વચન ઊપર યથાર્થ વિશ્વાસ (શ્રદ્ધા) ન રાખવો એટલે અંતરના સાચા ભાવ પૂર્વક પ્રભુના વચનની સદહણા ન કરવી, તેમજ અનેકાન્તવાદના સિદ્ધાંતનો, અપલાપ (વિરોધ) કરવો તેનું નામ મિથ્યાત્વ.

**શંકા - જો તમે ઊપર કહયું તેમજ હોય તો પછી, તેવી (ભૂમિકા) અવસ્થા ને. ગુણસ્થાનક કેમ કહેવાય ?**

ઉત્તર - વ્યક્ત કે અવ્યકત મિથ્યાત્વ વાળો મિથ્યાત્વી પણ પદાર્થના કેટલાક (અનંતમાંથી)અક્ષરના અનંતમા ભાગરૂપ અતિઅલ્પ, પર્યાયોને અવિપરીત પણે ગ્રહણ કરી શકે છે. અને તે અલ્પગુણરુપ છે માટે. તથા જે સ્થાને પૂર્વે પ્રાપ્ત થયેલા ગુણથી કાંઈક વિશેષ ગુણ પ્રાપ્ત થાય તે તે સ્થાનને ગુણસ્થાનક કહ્યું છે, તે રીતે તથા અવ્યક્ત અવસ્થામાંથી વ્યક્ત અવસ્થા આવવી તે પણ ગુણ ગણાય

છે માટે જ તેને ગુણસ્થાનક કહ્યું છે.

જેમ કે अदेवागुर्वधर्मेषु, यादेवगुरुधर्मधीः ।
तन् मिथ्यात्वं भवेद् व्यक्तं अव्यक्तं मोह लक्षणम् ।

મિથ્યાત્વ મૂળ બે પ્રકારે એક વ્યક્ત સ્વરુપે અને બીજું અવ્યક્ત સ્વરુપે.

કુદેવ (રાગીદેવ) માં કુગુરુ (અબ્રમ્હચારિ ગુરુ) અને કુધર્મ (હિંસામય) ધર્મમાં, જીવની સાચા દેવગુરૂધર્મ તરીકેની માન્યતા તે વ્યક્ત (પ્રગટ) મિથ્યાત્વ કહેવાય. આવી પ્રગટ માન્યતા તો જેને મન હોય તેવા સંજ્ઞિપંચેન્દ્રિયને જ હોઇ શકે. પણ તે સિવાયના એકેન્દ્રિયથી લઇ અસંજ્ઞિપંચેન્દ્રિય સુધીના જીવોને અવ્યક્ત મિથ્યાત્વી અપ્રગટ મિથ્યાત્વી કહેવાય. વળી સંજ્ઞિપંચેન્દ્રિયમાં પણ યુગલિકોને તો અવ્યક્ત મિથ્યાત્વ છે. કારણ કે તેમને મન હોવા છતાંય તે ક્ષેત્રના કારણે ત્યાં દેવગુરુ ધર્મનો સંભવ જ નથી તેથી તેનું જાણપણું પણ નથી.

વળી યુગલિકોમાં કષાયોનો ઉદય પણ ઘણો ઓછો હોય છે. કારણ કે તે ક્ષેત્રમાં કલ્પવૃક્ષો (દેવવૃક્ષો) છે. તેથી તે વૃક્ષો પાસેથી જેને જે જે જોઇએ તે તે તેને સર્વ મળે છે તેથી ક્રોધાદિ કરવાં પડતા જ નથી. પરંતુ બધા જ કષાયો આત્માનું અહિત કરનાર છે. અનંત કાળ સુધી સંસારમાં રખડાવનાર છે. એવું સમજીને તેઓ કષાયો નથી કરતાં એવું નથી. એટલે જ તેઓ સર્વને પ્રાયઃ અનન્તાનુ બંધિ કષાયોનો ઊદય હોય છે.

તથા યુગલિક તિર્યંચોને પણ કલ્પવૃક્ષો પાસે થી (તેના ફળોનો જ) આહાર હોય છે. તેથી પરસ્પર મહા હિંસા લડાઇ વગેરે કરતાં નથી. વિશેષમાં યુગલિકોને મરણ બાદ જે દેવલોક મળે છે, તે ધર્મના કારણે નથી મળતો. પરંતુ હિંસાદિ પાપો ઓછા ઓછા હોવાના કારણે મળે છે.

અને તે પણ પહેલો બીજો બેજ દેવ લોક મળે છે. દેવલોકમાં પણ જેટલું આયુષ્ય યુગલિક પણામાં મળ્યું હોય તેટલું અથવા તેથી ઓછું આયુષ્ય પ્રથમના બે દેવલોકમાં સૌધર્મ ઇશાનમાં મળે છે કેમ કે તેથી આગળના દેવલોકનું જઘન્ય

આયુષ્ય પણ સાગરોપમનું હોય છે. તેથી યુગલિકો પહેલા બીજા સિવાય આગળ ઉત્પન્ન થઈ ન શકે.

## મિથ્યાત્વના સામાન્ય રીતે પાંચ પ્રકાર છે.

અભિગ્રહિક, અનભિગ્રહિક, અભિનિવેશિક, સાંશયિક, અને અનાભોગિક.

૧) **અભિગ્રહિક** - જેમાં સંપૂર્ણ પણે અસત્યનો જ અભિગ્રહ હોય જેમ કે - શ્રીજીનોપદિષ્ટ તત્વને બિલકુલ માનવું જ નહિં. અસત્યમાં જ પોતાનો કદાગ્રહ રાખવો.

૨) **અનભિગ્રહિક** - અસત્યનો જ કે પોતાના મત નો જ આગ્રહ નહિં. શ્રીજીનોપદિષ્ટ તત્વને પણ માને અને બીજા અનેકને પણ માને. દરેક ધર્મ સાચા. સોનું ને પિત્તળ સરખા માને. ઊપરના બન્ને મિથ્યાત્વના ભેદો જૈન સિવાયના દર્શનોમાં હોય છે. જ્યારે -

૩) ત્રીજો ભેદ. **અભિનિવેશિક** - શ્રી જૈન દર્શનના તત્વને યથાર્થ જાણી, તેમાંની એકાદ બે વાતને પોતાના સ્વાર્થ કે અજ્ઞાનતાથી ખોટી માને અને ઠરાવે, તથા પોતે માનેલી વાતમાં જ અતિ આગ્રહ રાખે. અને પોતાની જીદ પૂર્વક શ્રીજીનના માર્ગથી વિરુદ્ધ પ્રરુપણા કરે. જેમ જમાલી એ કહ્યું બીજી બધી વાતમાં શ્રી મહાવીર સાચા પણ ચલમાણે ચલિયે માં ખોટા. એટલે આમ કહેવાથી દરેક શ્રી તીર્થંકર દેવના સર્વજ્ઞપણા ઊપર અને વીતરાગતા ઊપર ચોકડી મુકાઈ ગઈ.

આ ભેદવાળો પહેલા સમ્યગ્ દ્રષ્ટિ હોય પછીથી ભયંકર સ્વમતરાગી (દ્રષ્ટિરાગી) બની જાય છે. અને મિથ્યાત્વે જ જાય.

૪) **સાંશયિક** - શ્રી જૈન દર્શનની કોઈ પણ બાબત ઊપર સંશય કરે,અને શંકા થયાપછી તેને દૂર કરવાનો પ્રયત્ન તો ન કરે. પરંતુ કોઈ ગીતાર્થ ગુરુ તેને સમજાવે તો પણ સાંશયિક મિથ્યાત્વના ઉદયના કારણે તેના હૃદયમાં ગીતાર્થની વાત ઠસે નહિં. અલબત જે જે અતિન્દ્રિયભાવો (જેને ચર્મચક્ષુથી

જોઈ સમજી ન શકાય) તેમાં છદ્મસ્થ (અલ્પજ્ઞાની જીવોને શંકા જરુર થાય પરંતુ શંકા થયા પછી પણ એક વાત નકકી જ હોય કે ॥ જં જીણેહિં પવેઈયં તમેવ નિશંકંસચ્ચં ॥ પરમ કરુણાના નિધાન એવા શ્રી વીતરાગ સર્વજ્ઞ જીનેશ્વર ભગવંતે જે જે કહ્યું છે તે શંકા રહિતપણે સર્વથા સાચું છે પરંતુ હું જ્ઞાનાવરણીય કર્મના ઉદયના કારણે મારી બુદ્ધિની મંદતાથી સમજી શકતો નથી. કોઈ વિશિષ્ટ જ્ઞાની મળશે એટલે મારી શંકાનું બરાબર નિવારણ કરી લઈશ. આને સાંશયિક મિથ્યાત્વ ન કહેવાય પરંતુ શંકા અતિચાર તરીકે ગણાય. શંકાવાળો હોય તો સમ્યકત્વીજ.

૫) **અનાભોગિક** - આ ભેદ અવ્યક્ત મિથ્યાત્વનો છે. પ્રથમના ચાર ભેદો વ્યક્ત મિથ્યાત્વના છે.જેને ક્યારેય સુદેવાદિ કે કુદેવાદિની માન્યતા જ ન હોય તેને જ અનાભોગિક ગણાય અને આ મિથ્યાત્વ વ્યક્ત મિથ્યાત્વની પ્રાપ્તિ પહેલાં દરેક જીવને હોય.(સવ્વજીયટ્ઠાણમિચ્છે) અવ્યવહાર રાશિવાળા જીવોને અવ્યક્ત મિથ્યાત્વ કાયમ જ હોય. વ્યવહાર રાશિમાં આવ્યાપછી તેમને વ્યક્ત મિથ્યાત્વ આવે. વ્યક્ત મિથ્યાત્વવાળો ભવિ હોય કે અભવિ તે સુદેવાદિકને અને કુદેવાદિકને આત્મકલ્યાણમાટે કે સંસારના માનેલા મહાન સુખો માટે માને ગમે તે કારણે સુ કે કુ દેવાદિકને માનવાની જેને બુદ્ધિ છે તે જ વ્યકતમિથ્યાત્વી અને જેને આ જાતની બુદ્ધિ કે વિચાર શક્તિજ નથી તે અવ્યકત મિથ્યાત્વી.

અનંતા પુદ્ગલ પરાવર્તો કે જે જીવના સૂક્ષ્મ નિગોદમાંજ પસાર થયા છે. બીજે કયાંય પણ થયા નથી. તે અવ્યવહાર રાશિ વાળો જીવ, કોઈ શ્રુતકેવલિ જેવાપણ. આ અવ્યવહાર રાશિ માંથી નીકળી (આટલે ઉંચે ૧૧ મે ગુણસ્થાનકે) ચડેલા પાછા નીચે પડી છેક સૂક્ષ્મ નિગોદમાં ચાલ્યા જાય છે. અતિપ્રમાદના કારણે. પરંતુ તેને હવે અવ્યવહાર રાશિવાળા ન કહેવાય. તેઓ પોતાની અમુક ઉત્કૃષ્ટી કાયસ્થિતિ પુરી કર્યા પછી ફરી પાછા વિશુદ્ધિ વડે બહાર નીકળે અને ઊપર ચડે.

**નિગોદનું સ્વરુપ** :- અંજનની ડાબડી માં અંજન ચૂર્ણની જેમ સૂક્ષ્મ નિગોદો ચઉદેય રાજ લોકમાં ઠાંસી ઠાસીને ભરી છે. નિગોદ એ જીવનું નહિં પણ

શરીરનું નામ છે. એવા નિગોદરુપ એક જ શરીરમાં અનંતાનંત જીવો એક સાથે રહે છે. તેમને પોતાનું શરીર પણ સ્વતંત્ર નથી તેથી શ્વાસોત્શ્વાસ, આહાર, ચ્યવન, બધાનું એક સાથે જ થાય છે. નિરોગી મનુષ્યના એક શ્વાસોત્શ્વાસમાં નિગોદના જીવોના ૧૭॥ ભવ થાય છે.એટલી વાર જન્મે ને મરે છે. નિગોદમાંના અનંતાનંત જીવો અનંત કાળ સુધી હજુ તેમાંને તેમાં જ નિગોદમાં જ પ્રાયઃ જન્મ મરણ કરતાં રહેશે. અનંતા જીવો જેમાં છે એવી એક નિગોદ જેને પ્રતિનિયત નિગોદ કહેવાય. તે નિગોદ જે અને જેટલા આકાશ પ્રદેશની અવગાહના કરે તે અને તેટલા જ આકાશ પ્રદેશમાં બીજી અસંખ્ય નિગોદોરહેલી છે. છતાંય અતિસૂક્ષ્મ હોવાથી તેની જાડાઈ લંબાઈ કે પહોળાઈ જરાપણન વધે.

(જેમ પારો સોનાને ગળી જાય છતાંય પારાના વજન માં કે રંગ માં બિલકુલ ફેર ન પડે.)

પ્રતિનિયત નિગોદની ઊપર જ રહેલી અસંખ્ય નિગોદ સમવગાહી નિગોદ કહેવાય. ત્યારપછી પ્રતિનિયત નિગોદથી એક આકાશ પ્રદેશને છોડીને રહેલી બીજી અસંખ્ય નિગોદો છે તેને વિષમાવગાહી નિગોદ કહેવાય. એજ પ્રમાણે બે-ત્રણ -ચાર-પાંચ-છ એમ એકેક આકાશ પ્રદેશ ને છોડી યાવત્ પ્રતિનિયતના છેલ્લા આકાશ પ્રદેશસુધી વિષમાવગાહી નિગોદ રહેલી છે. અને તે ચારેય દિશા વિદિશા ઊર્ધ્વ ને અધો એમ ૧૦સેય દિશાએ પ્રતિનિયતથી, વિષમાવગાહી નિગોદો રહેલી છે. આમ પ્રતિનિયતથી સમાવગાહી અને વિષમગાહી નિગોદોનો એક ગોળો અર્થાત્ દશેય, દિશાએ ગોળાકારે ગોઠવાયેલી અસંખ્યાતિ નિગોદોનો એક ગોળો ગણાય. તે ગોળાથી એક આકાશ પ્રદેશને સ્પર્શિ બીજો ગોળો એમ અસંખ્ય ગોળાઓ છે. અતિ સૂક્ષ્મતમ વાલાગ્ર જેટલા પ્રદેશમાં અસંખ્યાતિ નિગોદ રહેલી છે.

गोलाय असंखिज्जा असंखनिगोयओहवइ गोलो ।
इक्किकंमिनिगोए अणंतजीवामुणेयव्वा ।।

શ્લોકનો અર્થ : દશેય દિશામાં ગોળાકારે ગોઠવાયેલી અસંખ્ય નિગોદોનો ગોળો કહેવાય. અનંતાનંત જીવોની એક નિગોદ, અસંખ્યાતિ નિગોદનો

એક ગોળો એવા અસંખ્ય ગોળાઓ છે.સુક્ષ્મ અને બાદર બન્ને નિગોદના જીવોનું જઘન્ય ઊત્કૃષ્ટ આયુષ્ય એક અન્તર્મુહૂર્તનું હોય.

અનાદિ નિગોદીયા જીવો સ્વકાયમાં અનંતિઊત્સર્પિણી પર્યન્ત જન્મે ને મરે છે જ્યારે જે જીવ એક વાર પણ વ્યવહારીયો બની ફરી સૂક્ષ્મ નિગોદમાં જાય તો તે અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી સુધી જ સ્વકાયમાં જન્મે અને મરે. સૂક્ષ્મ ને બાદરનો ભેદ જેમાં નથી તે સાધારણ નિગોદીયા જીવો કહેવાય. આપણે અને સર્વ જીવો અનંતિ વાર નિગોદમાં જઇ આવ્યા છીએ.

સંસારમાંથી કર્મનો ક્ષય કરી જેટલા મોક્ષમાં જાય તેટલા જ જીવો અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં આવે. આવો શાશ્વત નિયમ છે.

અહિં અવ્યવહાર રાશિવાળા જીવોને અનાદિકાળથી અવ્યક્ત મિથ્યાત્વ છે. છતાંય તેમને ગુણસ્થાનકમાં ગણ્યા નથી. ચૌદ ગુણ સ્થાનકની ગણત્રીમાં તો વ્યક્ત મિથ્યાત્વ વાળાનો જ સમાવેશ કર્યો છે. અવ્યવહાર રાશિવાળાની ગણના ગુણસ્થાનકમાં કરી નથી.

**પ્રશ્ન - તો પછી ચોથા કર્મગ્રંથની ગાથામાં ॥ સવ્વજિઅટ્ઠાણ મિચ્છે ॥ માં સર્વ જીવ સ્થાનકોની પ્રથમ મિથ્યાદ્રષ્ટિ ગુણ સ્થાનમાં ગણત્રી કરી છે તેનું શું ?**

ઉત્તર - જીવસ્થાનકો ચૌદ છે. ૧ સુક્ષ્મને ૨ બાદર એકેન્દ્રિય. બે-ત્રણ-ચાર ઇન્દ્રિયોવાળા, અને અસંજ્ઞિપંચેન્દ્રિયને સંજ્ઞિપંચેન્દ્રિય. આ સાતેય પર્યાપ્તા અને અપર્યાપ્તા કુલ ૧૪ ભેદ જીવસ્થાનકને મિથ્યાત્વે મૂક્યા હોય તો અવ્યક્ત તેમાં આવી જાય. પરંતુ અહિં બે મત છે.

૧) ગુણસ્થાનકમારોહના કર્તા અને વ્યાખ્યાકારે અવ્યવહાર રાશિવાળાની ગુણસ્થાનમાં ગણત્રી કરી નથી. ૨) શ્રી સાગરજીમ. સુક્ષ્મ નિગોદના જીવોને ફક્ત સ્પર્શેન્દ્રિય છે. અને તેમને અવ્યક્ત પણ સ્પર્શનો ગુણ છે. તેથી તેને પણ પ્રથમ ગુણસ્થાનકમાં ગણ્યા છે --

**એકમતથી** - જેમણે સૂક્ષ્મ નિગોદ સિવાય બીજું ચિત્ર હજુ ધારણ કર્યું જ નથી તે અને **બીજામતથી** જેમણે સૂક્ષ્મ નિગોદ જીવ સિવાયનું એટલે સુક્ષ્મ પૃથ્વી - પાણી -તેઊ -વાયૂ -અને -વનસ્પતિનો સમાવેશ થાય છે તે ચિત્રવાળા, કારણ કે તેઓ પણ વ્યવહારમાં કદિ આવતા નથી. તેવા જીવો સિવાયનું ચિત્ર હજુ સુધી તે જીવોએ ધારણ કર્યું નથી તે.

જે જીવો વ્યવહાર રાશિમાં છે તેને વ્યક્ત મિથ્યાત્વવાળા અને જે જીવો અવ્યવહાર રાશિમાં છે તેને અવ્યક્ત મિથ્યાત્વ વાળા જાણવા.

અહિં બે પ્રકારના ભાવ છે. ૧)પ્રતિપન્નભાવ અને ૨) પૂર્વપ્રતિપન્નભાવ હવે જેમને વર્તમાનમાં પ્રતિપન્ન ભાવે । અદેવેદેવબુદ્ધિઃ । ઈત્યાદિ નથી પરંતુ પૂર્વપ્રતિપન્નભાવથી અગાઉ કોઈ એક વાર પણ તેમને એવી બુદ્ધિ થઈ હોય અર્થાત્ વ્યક્તમિથ્યાત્વ નો ભાવ સ્પર્શી ગયો હોય તેઓ પછી ગમે ત્યાં જાય અરે સુક્ષ્મ નિગોદમાં જાય તો પણ તેને વ્યક્તમિથ્યાત્વીને વ્યવહાર રાશિવાળો જ ગણાય કહેવાય.

"મદ્યમોહાદ્યથા.--------તથામિથ્યાત્વમોહિત ॥

## પ્રશ્ન : મિથ્યાત્વના કારણે આત્માને નુકશાન શું ?

**ઉત્તર :** મિથ્યાત્વ મોહનીયના ઊદયવાળાને મદિરા પીધેલા માણસની ઊપમા આપી છે.દારુ પીધેલો માણસ જેમ પોતાના હિતઅહિતને જાણી શકતો નથી તેમ મિથ્યાત્વીને પણ સ્વહિતાહિતનું કર્તવ્યાકર્તવ્યનું ભાન હોતું નથી.

જે ચૈતન્ય પ્રગટપણે હતું તે મદ્યના કારણે અપ્રગટ દશાને પામ્યું છે, ઘણી વખત દારુ પીધા પહેલાં જેવી ચેતના હતી તેવી નશો ઊતર્યો પછી પણ પાછી આવતી નથી, આ નુકસાન થયું ગણાય. જ્ઞાન હોવા છતાં ધર્માધર્મ - સારાસારનો વિવેક મિથ્યાત્વથી મુંઝાયેલો હોવાના કારણે આવતો નથી.મિથ્યાત્વમાં પણ મંદતા તીવ્રતાના કારણે ઘણી તરતમતા હોય છે. મદિરા પીધેલા માણસની ઊપમા, ઘણા તીવ્રરસ વાળા મિથ્યાત્વને કારણે અતિ મૂઢ ચેતનાવાળાને આપી છે. જ્યારે મિથ્યાદ્રષ્ટિ વાળાનેસર્વઘાતી રસ હોવા છતાં પહેલા કરતાં ખૂબ તફાવત

હોય છે. પાતળામાં પાતળું મિથ્યાત્વ પણ સર્વઘાતીના ઉદયવાળું હોય છે, છતાંય ઉત્તરોત્તર તરતમતા વાળું હોય છે.

## મિથ્યાત્વના ચાર ભાંગા

૧. **અનાદિ અનંતમિથ્યાત્વ** - આ ભાંગો અવ્યક્ત મિથ્યાત્વ વાળા અભવિ અને જાતિભાવિને હોય.

૨. **સાદિ અનંત મિથ્યાત્વ** - આ ભાંગો વ્યક્ત મિથ્યાત્વવાળા અભવિને હોય. અવ્યક્તવાળો અભવિજીવ એકવાર વ્યક્તમાં દેવગુરુધર્મની માન્યતામાં આવ્યા પછી ફરી પાછો અવ્યક્ત માં જાય અને અનંતો કાળ પસાર કરે તો પણ તે અવ્યક્ત ભેદમાં હવે ગણાવાનો નથી. તેવા જીવની પહેલા ગુણસ્થાનકની અપેક્ષાએ મિથ્યાત્વની સાદિ અનંત સ્થિતિ ગણાય.

૩. **અનાદિ સાન્ત** - અવ્યક્ત મિથ્યાત્વવાળા જાતિ ભવ્ય તથા અભવ્યને છોડી ભવ્ય જીવોની અપેક્ષાએ સર્વપ્રથમવાર સમ્યગ્દર્શન પામે ત્યારે આ ભાંગો હોય.

૪. **સાદિ સાન્ત** - વ્યક્ત મિથ્યાત્વવાળા ભવ્યજીવોને હોય. ભવ્ય જીવ જ્યારે સર્વપ્રથમ ઉપશમકે ક્ષયોપશમસમ્યકત્વ પામે ત્યારે મિથ્યાત્વનો અંત થાય અને સમ્યકત્વને વમી ફરી મિથ્યાત્વે જાય ત્યારે સમ્યકત્વનો અંત અને મિથ્યાત્વની આદિ આમ સાદિસાંત ભાંગો બને.

કર્મના પુદ્ગલોનો બંધ બીજા કોઈનાય કારણે પ્રાયઃ નથી થતો પરંતુ, પોતાનાજ કારણે થાય છે. ગમે તેવા અશુભ નિમિત્તો મળવા છતાં જો તે વખતે આત્મા સમતામાં ઉપયોગમાં રહે, તોઅશુભ કર્મોનું ગ્રહણ ન થાય. જેટલી સાધનાની અનુકુળતા જાગૃતિ વધારે તેટલી સાધ્યસિદ્ધિની અનુકુળતા ત્રણેય બરાબર સાનુકુલ હોવા છતાં સાધ્યનો ઉપયોગ બરાબર

હોય તો સિદ્ધિની પ્રાપ્તિમાં વાંધો ના આવે. કર્મપુદ્ગલોનું ગ્રહણ, કરણ ઈન્દ્રીયો ની સાથે વીર્યના જોડાણને લીધે છે. જો આત્માની સાથે વીર્યનું જોડાણ હોય તો બંધ ને બદલે નિર્જરા ક્ષય થાય . બંધાતા કર્મમાં સ્થિતિ બંધનું કારણ કષાય અને રસબંધનું મુખ્ય કારણ ભાવ લેશ્યા છે.

ક્રોધાદી ચારેય કષાયોનો ઉદયતો એકસાથે થાય છે. પરંતુ જે કષાયના ઉદયમાં મનનો ઉપયોગ મનનું જોડાણ હોય. તે કષાયના બંધમાં રસની તીવ્રતા થાય તેમજ તેનો સ્થિતિબંધ પણ વધુ.

ચારેય કષાયોનો ભોગવટો પણ એકસાથે થાય છે. છતાંય, ઉપયોગ તો એકમાંજ હોય. જેમાં અધિક રસની તીવ્રતા છે. તેનોજ ખ્યાલ આવે. કષાયોદયની સાથે સાથે લેશ્યા પણ હોય છે. દ્રવ્ય લેશ્યાનો સંબંધ યોગ શરીર સાથે હોય છે. વિગ્રહગતિમાં પણ જીવને લેશ્યા હોય છે. સંસારની માયા નહોતી છોડવી પરંતુ પરાણે છોડવી પડી છે, માટે જ કૃષ્ણ લેશ્યાના પરીણામ છે. તૈજસ શરીર હોવાથી લેશ્યા હોય છે. દ્રવ્ય લેશ્યા કષાય જનિત નથી પરંતુ યોગ-મનવચનકાયા રૂપ શરીર જનિત છે. દશમાં ગુણસ્થાનક પછી કષાય છે જ નહીં તેથી અધ્યવસાય રુપભાવલેશ્યા નથી. પરંતુ દ્રવ્ય લેશ્યા તો ૧૩માં ગુણ સ્થાનક સુધી છે. અને તેથી જ ૧૧-૧૨-૧૩ માં ગુણ સ્થાનકમાં સ્થિતિ બંધનથી પરંતુ રસબંધ તો છે. સ્થિતિ બંધ ૧૦ માં ગુણસ્થાનક સુધીજ છે.

પહેલા ગુણસ્થાને એકાન્તે યોગ અને ઉપયોગ બન્ને અશુદ્ધ હોય, ચોથાથી દશમાં સુધી યોગને ઉપયોગ બન્ને શુદ્ધાશુદ્ધ અને ૧૧-૧૨ -૧૩ માં ગુણસ્થાનકે એકાન્તે યોગ અને ઉપયોગની શુદ્ધિ હોય છે . પહેલા ગુણસ્થાનકે સત્તામાં ૧૪૮ કે ૧૫૮ પ્રકૃતિ છે બંધમાં ૧૨૦ અને ઉદયમાં ૧૧૭ પ્રકૃતિઓ હોય છે. તીર્થંકરનામકર્મ ચોથાથી આઠમાગુણસ્થાનકના છઠ્ઠા ભાગ સુધીજ બંધાય છે. અને તે-જો નિકાચિત બાંધ્યુ હોય તો બાંધનાર મિથ્યાત્વે ન જાય પરંતુ જો અનિકાચિત બાંધ્યુ હોય મિથ્યાત્વે જઈ તીર્થંકરનામકર્મ ઉવેળી વિખેરી નાખે.

**પ્રશ્ન : પહેલા ગુણસ્થાનકમાં શ્રી તીર્થંકરનામ કર્મની સત્તા કેવી રીતે હોય ?**

જવાબ : પહેલા ગુણસ્થાનકે આવ્યા પછી તીર્થંકરનામ કર્મને ઉવેલતા વિખેરતા ઉદ્વર્તનાકરણથી પલ્યોપમનો અસંખ્યતામનો ભાગ પસાર થાય. એ દ્રષ્ટિએ એટલા સમય પુરતી તીર્થંકરનામકર્મની સત્તા છે. પરંતુ જો તીર્થંકરનામકર્મ નિકાચિત બાંધ્યુ હોય તો કાળકરીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થાય અને ત્યાં ૩૩ સાગરોપમસુધી ત્યાંજ રહેવા છતાંય ક્ષયોપશમ સમ્યક્ત્વરુપે ચોથું ગુણ સ્થાનક એકસરખું ટકાવી રાખે, તિર્થંકરનામકર્મ માટે દર્શન વિશુદ્ધિની મુખ્યતા છે.

## બીજું - સાસ્વાદન સમ્યગ્દ્રષ્ટિ ગુણસ્થાનક

બીજું ગુણસ્થાનક ઉપશમસમ્યગ્દર્શન વાળા નેજ આવે, ક્ષયોપશમ ક્ષાયિક વાળાને ન જ આવે. બીજું ગુણસ્થાનક ચડતાનું નથી પણ ઉપશમસમ્યક્ત્વથી પડતાનું છે. ઉપશમનો સમય પૂર્ણથતાં સમ્યક્ત્વથી પતિત થનાર આત્મા મિથ્યાત્વ પામતા પહેલાં વમન કરાતી ખાધેલી ખીરના જેવા એટલે અસલ ખાતી વખતની ખીર જેવો નહીં તેમજ ખૂબ ખરાબ સ્વાદ પણ નહીં, પરંતુ ખીરના કાંઈક અણસાર જેવા સમ્યકત્વના અલ્પસ્વાદની ઝાંખી અનુભવે છે. અનંતાનુબંધિ કષાયોનો ઉદય ચાલુ હોય છે. હજુ સુધી પ્રથમ ગુણસ્થાનક આવ્યું નથી પણ અલ્પ સમયમાં આવશે. અનાદિકાળથી બંધ ઉદયને સત્તા અવિરિછન્ન પણે જેના ચાલે છે એવા મિથ્યાત્વનો ઉપશમભાવ અર્થાત્ કચરોવાસણમાં નીચે બેસી જાય એટલા ૪૮ મીનીટના સમય પુરતું ઉપશમસમ્યકત્વ આવે. જે ચોથે ગુણસ્થાનકે જાય અને ઉપશમસમ્ય ને પ્રાપ્ત કરે તેને માટે જ આગુણસ્થાનક છે બીજા માટે નથી. ક્ષયોપશમવાળો જો નીચે પડે તો ચોથે થી ત્રીજે કે પહેલે જાય. વચમાં બીજે ન જાય. ક્ષયોપશમમાં ૬ નો પ્રદેશોદય અને સમ્યકત્વમોહનીયનો વિપાકોદય હોય. તે સમયમાં મિથ્યાત્વ એ સમ્યક્ત્વ અને મિશ્ર બે રુપે પરિણમે. ઉપશમમાં સાતેય દર્શન સપ્તકનો ઉપશમ હોય.

ઉપશમરુપ  ચોથા વાળાને જ બીજું પ્રાપ્ત થતું હોવાથી પહેલા ચોથું સમજવું જોઈએ.

મિથ્યાત્વનો પ્રદેશ અને વિપાક બન્ને પ્રકારે ઉદય અટકે ત્યારેજ ચોથા પ્રાપ્ત થાય ઉષશમસમ્ય. પ્રાપ્ત કરવા કેટકેટલી પૂર્વતૈયારી કરવી  પડે છે. ફક્ત એક અન્તર્મુહૂર્ત પુરતું પણ તે સ્પર્શિ જાય તો બેડો પાર થઈ જાય.

**ઉપશમના બે પ્રકાર છે, એક કરણકૃત બીજું અકરણકૃત.**

યથા પ્રવૃત્તિ આદિ ત્રણ કરણકર્યા બાદ જે ઉપશમસમ્ય. પ્રાપ્ત થાયતે *કરણકૃત* અને *અકરણકૃત* ઉપશમ કોઈ જીવ વિશેષને અતિવિશુદ્ધિના જોરે થઈ શકે છે. પરંતુ તેનું વર્ણન કરવું અશક્ય છે.

ગ્રંથી ભેદ કરવો ઘણો દુષ્કર છે, અનંતીવાર ગ્રંથીની નજીક આવવા છતાંય ગ્રંથી ભેદ જીવો કરી નથી. શકતા.

સર્વોપશમના જો કોઈ કર્મની થતી હોય તો તે મોહનીય કર્મનીજ થાય. મતિ શ્રુતજ્ઞાન સર્વોત્કૃષ્ટ હોય તો પણ કદી સંપૂર્ણ ન  હોય. શ્રુતકેવલી અર્થની અપેક્ષાએ ષષ્ઠાંશે અનંત ગુણ  વૃદ્ધિ પણ, દેશ ઘાતી રસનો ઉદય હોય તેથી પૂર્ણ ન કહેવાય. કારણ કે તે ક્ષયોપશમ ભાવનું જ છે. અનાદિથી એક સરખું વર્તતું જે મોહનીય  કર્મ તેનો અપૂર્વ વિર્યોલ્લાસ વડે સર્વથા ઉપશમ  થાય. કોઈપણ જીવને ઉપશમ પ્રાપ્ત થાય એટલે તે સાદિ સાંત ભાંગા વાળોજ કહેવાય. કોઈપણ જીવને સર્વ પ્રથમ દર્શન મોહનો ઉપશમ, સંજ્ઞિપંચેન્દ્રીય તેમજ પર્યાપ્તાવસ્થાવાળા નેજ થાય  બીજાને નહીં તે જીવની ભવ્યતામાં પણ ઉપશમ લબ્ધિ, ઉપદેશ  શ્રવણ લબ્ધિ, અને ત્રણેય કરણ કરવા માટેની યોગ લબ્ધિ આ  ત્રણ લબ્ધિ જે જીવને હોય તે જ ઉપશમના કરી શકે. એટલે અભવિ દુર્ભવિ અને જાતિભવિ ત્રણેય છૂટી જશે સંજ્ઞિપણું હોવા  છતાંય.

# યથાપ્રવૃત્યાદિ ત્રણેય મહાકરણોનું સ્વરૂપ

# કાર્યસિદ્ધૌ અસાધારણં કારણં કરણં

## યથાપ્રવૃત્તિકરણ

કરણ એટલે આત્માનો વિશુદ્ધ તર તમ પરિણામ વિશેષ. યથા પ્રવૃત્તિકરણ આવતા પહેલાનું એક અન્તર્મુહૂર્ત એવું હોય કે જેનો પ્રત્યેક સમય અનંત ગુણ વિશુદ્ધિવાળો હોય. ગ્રંથિની નજીક આવેલા અભવિને જે વિશુદ્ધિ હોય તેનાથી અનંતગુણી વિશુદ્ધિ ભવિજીવને હોય. કરણ કરવાના સમયે જ્ઞાનોપયોગ હોય. દેવનારકીને મતિશ્રુતવિભંગ અજ્ઞાન તેમજ મનુષ્ય તિર્યંચને મતિશ્રુત જ્ઞાન હોય. કાયયોગ અને વચનયોગ ક્ષણે ક્ષણે ચાલુ હોવા છતાં ઉપયોગ તેમાં ન હોય પરંતુ મનોયોગમાં હોય અથવા ગમે તે એકયોગમાં ઉપયોગ હોય. ત્રણ શુભ લેશ્યા માંથી કોઈ પણ એક હોય અશુભ એકેયનહોયન જઘન્યથી તેજો લેશ્યા મધ્યમથી પદ્મલેશ્યા ઉત્કૃષ્ટથી શુક્લ લેશ્યા હોય.

આયુષ્યસિવાયના ૭ કર્મોની સ્થિતિ અન્તઃકોડાકોડી થી વધુ ન હોવી જોઈએ. તે સમયે પ્રવર્તમાન વિશુદ્ધિના કારણે અશુભકર્મનો તીવરસ મંદ મંદતર કરે અને શુભ દ્વિઠાણીયાંમાંથી ચઉઠાણીયો કરે ૪) કર્મપ્રકૃતિ જે અનિવાર્ય છે તેમાં પણ શુભપ્રકૃતિઓનો જ બંધ થાય. શુભમાંજ પરાવર્તના. તે વખતે જેમત્રસ દશક બંધાય સ્થાવર દશક ન બંધાય,તેમ અતિવિશુદ્ધ પરિણામમાં આયુષ્યના બંધની શક્યતા નથી.

મોહનીયના ઔદયિક ઔપશમિક ક્ષાયોપશમિક અને ક્ષાયિક ચારેય ભાવો હોય છે.

જ્ઞાનાવરણ - દર્શનાવરણ અને અંતરાયના પ્રથમના ઔપશમિક સિવાયના ત્રણ ભાવો હોય છે. અને અઘાતિકર્મના ઔદયિકને ક્ષાયિક બે જ ભાવો હોય છે.

મોહનીયમાં ઔદયિક ભાવ અનાદિથી છે. જ્ઞાનાવરણ આદિ ત્રણમાં ઔદયિક અને ક્ષાયોપશમિક આ બે અનાદિથી છે.

સંસારી સર્વ જીવોને જ્ઞાનદર્શન અને વીર્યલબ્ધિ અનાદિથી છે. વીર્યલબ્ધિનું જ્ઞાનગુણ સાથે જોડાણ તે જ્ઞાનોપયોગ અને વીર્યલબ્ધિનું દર્શન ગુણસાથે જોડાણ તે દર્શનોપયોગ. જ્ઞાનદર્શનોપયોગ બે માંથી એક સમયે એકજ હોય. જ્ઞાનપયોગ વખતે દર્શનોપયોગ ન હોય અને દર્શનોપયોગ વખતે જ્ઞાનોપયોગ ન હોય, બેમાંથી એક હોય. વીર્યલબ્ધિમાંથી બે પ્રવાહ નીકળે છે. એક પુદ્ગલ સાથે જોડાય અને બીજો સ્વગુણ સાથે જોડાય વીર્યલબ્ધિનું પુદ્ગલ સાથે જોડાણ તેનું નામ કરણવીર્ય અને વીર્યલબ્ધિનું સ્વરગુણ સાથે જોડાણ તેનું નામ ઉપયોગવીર્ય કહેવાય. મન વાણી કાયાના વ્યાપાર તે કરણ વીર્ય. મનોયોગ એટલે મનઃ પર્યાપ્તિ વડે મનોવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરી મનપણે પરીણમાવી તેના અવલંબનથી ભૂત ભાવિનોવિચાર કરી શકીએ તે. અને તે સંજ્ઞીપંચેન્દ્રિય નેજ હોય છે. એકેન્દ્રિયથી અસંજ્ઞિપંચેન્દ્રિય સુધીના જીવોને ફક્ત ભાવમન જાણવું. દ્રવ્યમન સાથે ભાવમન છદ્મસ્થપણા માં અવશ્ય હોય છે. ભાવમનમાં પુદ્ગલનું ગ્રહણ નથી. મનોયોગ એ પૌદ્ગલિક ભાવ છે. ભાવમન અને મનોયોગ એ બેજુદા સમજવા, મનોયોગમાં ભાવમન પણ ભેગું ભળ્યું હોય છે. ભાવેન્દ્રિયની અપેક્ષાએ દરેક જીવો પંચેન્દ્રિય સમજવા. કારણ દરેકને ભાવેન્દ્રિય તો છેજ. જ્ઞાનોપયોગ અને દર્શનોપયોગમાં અવળાઈ ઉભી કરનાર મિથ્યાત્વ મોહનીય છે. કારણ તેનો દરેકને અનાદિથી એક સરખો ઉદય છે. આથી મનવાણી કાયાના વ્યાપારરુપ કરણ વીર્યમાં અળવાઈ એટલે અવિરતિ અને સવળાઈ એટલે વિરતિ. કરણવીર્યની અળવાઈ થી કર્મપુદ્ગલોનું ગ્રહણ થાય છે.

આત્માના ગુણ જ્ઞાન દર્શન અને ચારિત્રરુપ સ્વભાવને સ્વભાવ તરીકે જાણવા તેને જ્ઞાન કહેવાય. તે ગુણોમાં ઉત્તમ રુચિ તે દર્શન અને તેમાંનિજ ગુણમાં રમણતા સ્થિરતા તે ચારિત્ર જે ભાવો જે રીતે છે. જેવા છે તેને તે રીતે તેવા માનવામાં વિપર્યાસ અવળાઈ તે દર્શનમોહ. મિથ્યાત્વ. અને પરભાવ જ્ઞાનાદિથી ભિન્ન ભાવ તેમાં રમણતા તે ચારિત્રમોહનીય.

વિશુદ્ધિ એટલે સમયે સમયે કષાયની મંદતા. યથાપ્રવૃત્ત કરતાં પહેલાનાં

આગલા એક અન્તર્મુહૂર્તમાં આત્મ પરિણામની ઉત્તરોત્તર પ્રત્યેક સમયે અનંત અનંત ગુણ વિશુદ્ધિ હોય. તે વખતે સાકારોપયોગ છે. નિરાકારોપયોગ નથી. આયુષ્યવિના સાતેય કર્મની અન્તઃકોડાકોડી સાગરોપમની સ્થિતિ કરે.

કર્મનો ઉદય ખૂબ લાંબા કાળ પર્યંત ભોગવાય તે ઉત્કૃષ્ટ સ્થિતિ બંધ અને તેનાં અનુભવમાં રસની તીવ્રતા તે ઉત્કૃષ્ટ રસબંધ.

સુવિશુદ્ધ પરિણામમાં અથવા સંકિલષ્ટખૂબજ અશુદ્ધ પરિણામમાં આયુષ્યનો બંધ થતો નથી.

અનાદિ મિથ્યાદ્રષ્ટિ ચારેય ગતિના જીવો ઉપશમ સમ્યકત્વ પામી શકે છે. જેમ જેમ કષાયની તીવ્રતા તેમતેમ અશુદ્ધિ તીવ્ર . જેવા પ્રકારના કષાય નો ઉદય તેવો સ્થિતિ બંધ. સ્થિતિબંધ એટલે સમયની (કાળની) મર્યાદા લિમીટ. તથા, બાંધેલી કે બંધાતી સ્થિતિમાં વિશુદ્ધિના કારણે ઘટાડો કરવો તે સ્થિતિઘાત, અને સ્વાદ-અનુભવ માં પણઘટાડો કરવો તે રસઘાત. બન્ને અપવર્તનાકરણ કરવા વડે થાય, અપવર્તના એટલે કાતર અથવા વાંસલો. ગતિ અને આયુષ્યની સ્થિતિ સમાન હોતી નથી. જેમ નરકનું આયુષ્ય પુરુથયું પણ ગતિ પુરી થઈ નથી. તેવો જીવ મનુષ્ય તરિકે ઉત્પન્ન થયો તે વખતે મનુષ્યપણામાં મનુષ્યનું આયુષ્ય અને મનુષ્યગતિ બન્ને ભોગવટામાં છે. પણ બાકી રહેલ નરકગતિ પણ મનુષ્યગતિની સાથે સાથે ભોગવાય, પણ અનુભવતો મનુષ્યગતિ નોજ થાય. મનુષ્યગતિનો વિપાકોદય અને નરકગતિનો પ્રદેશોદય. જે વસ્તુ જેમ છે તે તેજ રુપે ભોગવાય તે વિપાક અને બીજા સજાતીયસાથે ભળી ભોગવાય. તે પ્રદેશોદયતેનોસાક્ષાત પ્રત્યક્ષ અનુભવ ન થાય. જેમ એક શેર શેરડીના રસમાં ૧૦, ટિપા લીંબડાનો રસ નાખો છતાયં શેરડીનો તાજો રસ કડવો પ્રાયઃ ન બને લીંબડાની કટુકતા તેમાં ન આવે. તેમ પ્રદેશોદયથી ભોગવાતું કર્મ વિપાકોદય સાથે મળીને ભોગવાઈ જાય. આયુષ્ય જ્યારે બંધાય ત્યારે તેની ગતિ પણ સાથે જ બંધાય. મનુષ્ય અને ગર્ભજતિર્યંચનું આયુષ્ય ઉત્કૃષ્ટથી ૩ પલ્યોપમનું અને દેવનારકીનું ૩૩ સાગરોપમનું. જ્યારે ગતિ તો કોડાકોડી સાગરોપરની પણ બંધાય, એટલે આયુષ્ય પુરું થયા પછી પણ ગતિ પુરી ન થાય.

## અપૂર્વકરણ :

અપૂર્વકરણમાં પહેલા સમયની ઉત્કૃષ્ટવિશુદ્ધિ કરતાં, બીજા સમયની જઘન્યવિશુદ્ધિપણ અનંત ગુણી હોય છે. એમ દરેક સમયની વિશુદ્ધિ અનંત અનંત ગુણી હોય. આમ એક સરખી વિશુદ્ધિ માં નવો સ્થિતિ બંધ ઓછો થાય. અને જુના સ્થિતિબંધમાં જે કર્મસ્થિતિ , ભવિષ્યમાં ઘણી મોડી ઉદયમાં આવવાની છે. તેનો સમય અપવર્તનાકરણ વડે ઘટાડી નાખે (સ્થિતિઘાત) જેમ દાખલા તરિકે ૧૦૦૦ વર્ષે ભોગવટામાં આવવાના કર્મદલિકો છે તેની છેલ્લા ૧૦ વર્ષની સ્થિતિ ઘટાડે. એમ એક એક નાના નાના અન્તર્મુહૂર્તે, એક એક ટુકડો કરી સ્થિતિ ઘટાડે. આ ઘટાડો અપૂર્વકરણ ના છેલ્લા સમયસુધી ચાલુ રહે, આમ અપૂર્વકરણના પહેલા સમયે જે સ્થિતિ હતી, તેના કરતાં પ્રત્યેક સમયની અનંત ગુણવિશુદ્ધિથી છેલ્લા સમયે સંખ્યાત ભાગ હીન સ્થિતિ રહે. તો પણ મિથ્યાત્વની અન્તઃ કોડાકોડી ની સ્થિતી તો છે જ. તેમજ મિથ્યાત્વના તીવ્ર રસને કારણે બુદ્ધિમાં જે વિપર્યાસ છે તેને,અપૂર્વકરણની વિશુદ્ધિના કારણે સ્થિતિઘાતની સાથે રસઘાત પણ કરે જ. અનંતાનુબંધિ કષાય, અને જો કૃષ્ણ લેશ્યાના પરિણામ હોય તો ચઉઠાણીયો તીવ્ર રસ ફરી બંધાય કષાયના કારણે જે તીવ્ર રસ ઉભો કર્યો છે, તેને અપૂર્વ વિશુદ્ધિના કારણે તોડવાની પણ શક્તિ છે. આખી કર્મની લતામાં રહેલા કર્મસ્કંધોમાં રહેલો રસ, એક સાથે ઓછો કરે.

અપૂર્વકરણના એક એક નાના સંખ્યાત સમયના અન્તર્મુહૂર્તે અનંતમા ભાગ અનન્તમા ભાગનો રસ રાખી, બાકીના અનંતમાં ભાગના અંશનો રસ દૂર કરે. કરણના છેલ્લા સમયે ખૂબજ ઓછો રસ હોય. તેથી મિથ્યાત્વની સ્થિતિ અલ્પરસવાળી થઈ જાય.

અપૂર્વકરણમાં ચાર બાબત થાય. ૧) જુના કર્મસ્કંધોનો સ્થિતિઘાત ૨) રસઘાત તથા ૩ નવા કર્મોનો કેવો સ્થિતિબંધ અને રસ બંધ થાય ? તે અપૂર્વકરણના પ્રથમ સમયે પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ જેટલો સ્થિતિ બંધ ઓછો થાય, અને તેની સાથે સાથે રસબંધ પણ ઓછો થાય . સ્થિતિ ઓછી થાય તેમ અશુભ કર્મનો રસ ઘટે, અને શુભકર્મનો રસ વધે. તેવી જ રીતે સ્થિતિ વધે ત્યારે શુભકર્મના રસમાં મંદતા, અને અશુભ કર્મના રસમાં તીવ્રતા થાય. સ્થિતિ ગમે

તેની હોય તો પણ અશુભ જ છે.

અપૂર્વકરણના પ્રત્યેક સમયે સંખ્યાત માં ભાગહીન સ્થિતિબંધથાય, અપૂર્વકરણના પહેલા સમયથી સ્થિતિઘાત અને સ્થિતિબંધ બન્ને સાથે સાથે થાય.તે છેક છેલ્લા સમય સુધી સાથે થાય.

## ગુણશ્રેણી :

સ્થિતિઓછી કરવા છતાંય, તેના કર્મસ્કંધો તો જે છે તે રહેલા જ છે.તેને ક્યાં ગોઠવવાં તે ગોઠવણીનું નામ ગુણશ્રેણી ઉદયના સમયમાં પણ તે કર્મસ્કંધોને વિશુદ્ધિ વડે ગોઠવે. જે કર્મસ્કંધો વર્તમાન સમયમાં ઉદયમાં છે. તેની સાથે સાથે સ્થિતિને રસહીન થયેલા તે કર્મસ્કંધો ગોઠવી દે. વળી અમુક દલિકોની સ્થિતિ એવી તોડી નાખે કે તેઓ તુર્ત જ ભોગવટામાં આવે.

અમુક દલિકો બીજા સમયે અમુક ત્રિજા સમયે અમુક ચોથા સમયે ભોગવાય એમ ગોઠવી નાખે. સ્થિતિ ઘાત અને રસઘાત બન્ને કાર્યો સાથે જ થાય.

**અનિવૃતિકરણ** : જે પ્રમાણે અપૂર્વકરણમાં સ્થિતિ ઘાતાદિ કાર્ય થતા હતા. તે પ્રમાણે અનિવૃતિકરણમાં પણ થાય. અપૂર્વકરણમાં દાખલ થઈ તેમાં અન્તર્મુહુર્ત પસાર થાય કે તુરત રાગદ્વેષ ની અતિતીવ્રગાંઠને તોડી નાખે, અને તેને કારણે અનિવૃત્તિકરણમાં વીર્યોલ્લાસ પહેલાની અપેક્ષાએ ઘણો વધારે હોય તેમજ અધ્યવસાય વિશુદ્ધિ પણ ઉત્તરોત્તર ઘણી વધુ હોય.

અપૂર્વકરણ થયું એટલે અનિવૃત્તિમાં જીવ અવશ્ય આવવાનો જ તથા તેને સમ્યકત્વ પ્રાપ્ત થવાનું જ હવે ફરી રાગદ્વેષ આવે તો પણ તેની એવી તીવ્ર ગાંઠ નથી જ બંધાવાની, તેથી જ તેને અપુનર્બંધક કહ્યો છે. મિથ્યાત્વમાં ગયા પછી પણ તેને તીવ્રગાંઠ ન બંધાય માટે જ પહેલાના જેટલી મોહનીયાદિ કર્મોની સ્થિતિ દીર્ઘ ન બંધાય.

**પ્રશ્ન : અનિવૃત્તિકરણ એવું નામ શા માટે ?**

**જવાબ** - અપૂર્વકરણમાં રહેલા જીવોના દરેકના અધ્યવસાયો (આત્માના

પરિણામો) ની વિશુદ્ધિ ઉત્કૃષ્ટ, મધ્યમ, જઘન્યાદિ જુદી જુદી હોઈ શકે છે. પરંતુ અનિવૃતિકરણમાં આવેલા ત્રણેય કાળના જીવોની એક સમયની અપેક્ષાએ વિશુદ્ધિ એક જ સરખી હોય. **નિવૃત્તિ એટલે તફાવત અનિવૃત્તિ એટલે તફાવત નહીં.** અનિવૃત્તિનામના આ કરણમાં દરેક સમયે અનંત અનંત ગુણ વિશુદ્ધિ હોય, છતાં પણ દરેક સમયે સમાન વિશુદ્ધિ વાળા અનેક જીવોનું અધ્યવસાય સ્થાન એક સરખું જ હોય. જેવું પહેલે સમયે તેવું જ બીજા ત્રીજા ચોથા પાંચમાં યાવત્ અનિવૃત્તિના છેલ્લા સમય સુધી સરખુંજ હોય. મિથ્યાત્વના દલિકો જ્યાં સુધી એક સરખા ઉદયમાં ચાલું જ હોય ત્યાં સુધી, સમ્યકત્વની પ્રાપ્તિ થશે નહીં, જો મિથ્યાત્વના દલિકોનો ઉદય અટકે તો જ સમ્યકત્વ ની પ્રાપ્તિ થઈ શકે. ખેતરમાં બધે જ એક સરખું ઘાસ પથરાએલું હોય, અને તેમાં જો કોઈ એક સ્થળે આગ લગાડે તો તે આગ જ્યાં જ્યાં ઘાસ છે ત્યાં ત્યાં બધે જ ફેલાય. પરંતુ વચ્ચે ક્યાંક જો ઘાસ વગરની જગ્યા હોય તો ત્યાં આગ રોકાય તેમ.

**પ્રશ્ન : મિથ્યાત્વનો ઉદય એક સરખો ચાલુજ છે તેને રોકવો કેવી રીતે ?**

**જવાબ** - અંતરકરણ નામની ક્રિયા કરવાથી. અનિવૃત્તિકરણમાં સમયે સમયે વિશુદ્ધિ એક સરખી ચાલુ જ છે અને મિથ્યાત્વનો ઉદય પણ સાથે ચાલુ જ છે. અનંતાનંત જન્મના અતિગાઢ મિથ્યાત્વને વિશુદ્ધિ વડે, ઓછું ઓછું અર્થાત જીવ પાતળું કરતો જાય છે. જેમ આષાઢ માસની અંધારી ઘનઘોર રાતનું અંધારુ જેમ જેમ સૂર્યોદયનો સમય ધીરે ધીરે નજીક આવતો જોય તેમ તેમ તેં મહાઘોર અંધારુ પાતળું પાતળું થતું જાય, છતાંય સૂર્યોદય ન થાય ત્યાં સુધી કહેવાય તો રાત્રી જ. તેવી રીતે અનિવૃત્તિકરણના ઘણા સંખ્યાતા ભાગો પસાર થઈ ગયા પછી છેલ્લો એક સંખ્યાતમો ભાગ બાકી રહ્યો છે. એટલે કે ૧૦૦ સમયમાંથી ફક્ત ૯ સમય બાકી રહયા છે, એ ૯ સમય પછીનો જે ૧૦ મો સમય શરુ થશે, ત્યાર થી એટલે ૯ સમય પછીના ૧ લા સમયથી લઈ આગલા૧૦૦ સમય સુધી મિથ્યાત્વના ચાલુ રહેલા ઉદયને બિલકુલ અટકાવી દેવો છે. તો તે માટે ચાલુ રહેલી અનંત ગુણવિશુદ્ધિ વડે, અનિવૃતિકરણના બાકી રહેલા છેલ્લા ૯ સમયમાં આત્મા ૯માં પછીના પ્રથમ સમયમાં જે ઉદયમાં આવનારા ગાઢ મિથ્યાત્વના દલિકોને એટલે ૧ થી સો સમય સુધીમાં રહેલા મિથ્યાત્વના નજીકના પુદ્ગલોને કેટલાકને ઉપાડી ઉપાડી ચાલુ ભોગવાતા મિથ્યાત્વમાં નાખે.

એટલે ૧ થી ૨૫ સમય સુધીનાને ચાલુ ભોગવાતામાં નાખે અને બાકીના ૨૬ થી ૧૦૦ સુધીનાને ૧૦૧ મા સમય થી ઉદયમાં આવનાર મિથ્યાત્વના મોટા ઢગલામાં નાખે, આમ ૧ થી ૧૦૦ સમય સુધીની જગ્યા ઘાસ વગરની જગ્યાની જેમ ખાલી થઈ ગઈ. તેમાં એકેય ઘાસના તણખલાની જેમ એક પણ મિથ્યાત્વનું પુદ્ગલ રહ્યું નહિં. આમ ભોગવાતા મિથ્યાત્વમાં નાખેલાની સ્થિતિ ઘટાડી અને બાકીનાની સ્થિતિ ઓછી હતી એટલે તેના ભોગવટાની સ્થિતિ ઓછી હતી તેમાં વધારો કર્યો. આ આગાલ બંધ વડે ૧ થી ૧૦૦ સમયસુધી ની મિથ્યાત્વના ભોગવટાની સ્થિતિમાં આંતરુ, ગાબડુ પાડ્યું તેનું નામ-અંતરકરણ.

અનિવૃત્તિકરણના છેલ્લા ૧ થી ૯ સમયમાં સ્વાભાવિક રીતે કર્મ સ્કંધો ભોગવાય છે. તેમાં આગાલબંધથી આવેલા, ૯મા સ્થિતિ સ્થાનમાં રહેલાને પણ ભોગવાતા ઉદય સ્થાનમાં લઈલે, આમ એની સ્થિતિ પણ ઘટાડે. પ્રથમ સ્થિતિમાં લઈ લે, એની સ્થિતિ પણ ઘટાડે. પ્રથમ સ્થિતિના એટલે કે ૧ થી ૯ સમયમાં રહેલા સ્થિતિ સ્થાનના કર્મસ્કંધોને તો ભોગવે. (અનુભવે) પરંતુ બીજી સ્થિતિની એટલે પૂર્વે જણાવેલા ૫૪ સમયે પછીના સમયના સ્થિતિ સ્થાનમાં નાખેલા કર્મસ્કંધોને પણ આગાલબંધ રુપ પ્રયત્ન વિશેષવડે ભોગવાઈ રહેલા ૧ થી ૯ માના સ્થાનમાં ઉમેરી દે, અને સાથે સાથે ભોગવે. આમ એકથી નવ સમયમાં એટલે અનિવૃત્તિ કરણના છેલ્લા સંખ્યાતમાં ભાગમાં ૧) સ્વાભાવિક ચાલુ ઉદય રુપે ભોગવાતા કર્મસસ્કંધો.૨) લાંબા કાળે જે ઉદયમાં આવવાના હતા તેની સ્થિતિ ઘટાડી,(સ્થિતિઘાત કરી )ગુણ શ્રેણી ક્રિયા દ્વારા ઉદય સ્થાનમાં ગોઠવાયાતે. ૩) અને ૯ મા સમય પછીથી છેક ૫૪ માં સમય પછી ઉદયમા આવનારા હતા તે આમ ત્રણ પ્રકારના કર્મ સ્કંધો એક સાથે ભોગવાય.

અંતરકરણમાં મિથ્યાત્વનો ઉદય સર્વથા અટક્યો છે. એટલે ઉપશમ સમ્યક્ત્વ તો આત્મામાં બેઠું છે. આગળ ઉપર ભલે મિથ્યાત્વનો ઉદય પાછો થવાનો છે, પરંતુ એક અન્તર્મુહુર્તપુરતો પણ મિથ્યાત્વનો ઉદય અટક્યો એટલે જ સમ્યકત્વની (ઉપશમની) પ્રાપ્તિ થઈ.

અંતરકરણનો ક્રિયાકાળ અને ભોગ્યકાળ બન્ને જુદા છે. યથાપ્રવૃત્તિ કરણ અને

અપૂર્વકરણમાં મિથ્યાત્વ નો ઉદય હજુ બરાબર ચાલુ જ છે. અને અનિવૃત્તિ કરણમાં પણ મંદપણે મિથ્યાત્વનો ઉદય ચાલુ જ છે. અંતરકરણના અન્તમુહર્ત પછી ફરી અન્તઃકોડાકોડી સાગરોપમની મિથ્યાત્વની સ્થિતિં હોવાથી, તેનો ઉદય શરુ થાય છે. અને ઉદયની આધીનતાના કારણે, ફરી મિથ્યાત્વનો બંધ ચાલુ થાય છે. તે ચાલુ જ રહે છે.

હવે શ્રદ્ધામાં ફરી વિપર્યાસ ન આવે તે માટે મિથ્યાત્વના અશુદ્ધ પુદ્ગલોનું શુદ્ધિકરણ અર્થાત્ ત્રિપુંજીકરણ કરવું પડે છે. સમ્યકત્વની પરિણતિ સારી મજબૂત થઈ હોય તો ગમે તેવા આરંભ સમારંભના કાર્યોમાં નિર્ધ્વંસ પરિણામ નજ આવે અને આત્મજાગૃતિ હોય જ અને એ જ મુખ્ય કારણને લઈનેઅંતઃ કોડાકોડીથી વધુ સ્થિતિ કર્મોની ન બાંધે. મિથ્યાત્વનો ઉદય અટકે તો જ તેનો બંધ અટકે. મિથ્યાત્વ સત્તામાં પડ્યું હોય અને ઉદય ચાલુ ન હોય તો તે આત્માને વધુ પડતી અસર ન પહોંચાડે.

**અંતરકરણ** કરવાની આત્માની તાકાત અનિવૃત્તિકરણ કર્યા પછી જ આવે પરંતુ યથાપ્રવૃત્તિકરણ કે અપૂર્વકરણમાં ન આવે અને તે બન્ને કરણોમાં એ તાકાત છે પણ નહીં. પ્રથમ યથા પ્ર. અને અપૂર્વ બન્ને વડે મિથ્યાત્વની સ્થિતિ પાતળી કર્યા પછી, અનિવૃત્તિ ની અનંત અનંત ગુણ વિશુદ્ધિ દ્વારાજ તે થઈ શકે.

ઉપશમ સમ્યકત્વના પ્રથમ સમયે ત્રિપુંજીકરણ કરવાની જે વિશુદ્ધિ છે તેવી ઉત્કૃષ્ટ વિશુદ્ધિ જો અપૂર્વકરણમાં કોઈ જીવ વિશેષને આવી જાય તો સીધે સીધું અંતરકરણ કર્યા વિના જ ક્ષયોપશમ સમ્યકત્વ તે જીવવિશેષ પામી શકે, અનિવૃત્તકરણનો છેલ્લો સમય પૂર્ણ થાય એટલે મિથ્યાત્વનો ઉદય અટકી ગયો. અને ઉપશમ સમ્યકત્વને પ્રાપ્ત કર્યું. અંતરકરણના પ્રથમ સમયથીજ તે સમ્યકત્વ પ્રાપ્ત થાય.

**પ્રશ્ન :** ઉપશમ સમ્યકત્વથી લાભ શું ?

**જવાબ :** અલભ્ય આત્મહિતનો લાભ. અતિદુર્લભ એવી શ્રી જીનેશ્વરના વચન પ્રત્યે શ્રદ્ધા પ્રાપ્ત થઈ. જન્મથી અંધને નવી આંખો મળે ને

જેવો અનહદ આનંદ થાય તેથી અતિવિશેષ આનંદ સમ્યકત્વ પ્રાપ્તિથી આત્માને થાય. વર્ષોથી ભયંકર વ્યાધિથી પીડાતાને, વ્યાધિ તદ્દન દૂર થવા પછી જે અત્યંત આનંદ થાય, તેનાથી પણ ખૂબજ વધુ અવર્ણનીય આનંદ થાય, મિથ્યાત્વનો મહારોગ દૂર થયો. શ્રી કેશી કુમાર ગણધરથી પ્રદેશી રાજા ધર્મ પામ્યો. ધર્મ પામ્યા પછી તેનું ફક્ત ૩૯ દિવસનું જ આયુષ્ય (જીવન) બાકી હતું. છતાંય જરાય ન ગભરાઈને એટલા આયુષ્ય ભોગવવાના સમયમાં ૧૩ છઠ ને ૧૩ પારણાં કર્યા. અને તેની પ્રિય રાણી સૂરિકાન્તાએ ઝેર આપ્યું. તો પણ સમ્યગ્ દર્શનનાં કારણે આત્મા અને શરીરનું ભેદજ્ઞાન મેળવી, તેના ઉપર લેશમાત્ર કષાય ન કરી અપાર સમતા સમાધિમાં મરી દેવગતિ પામ્યો. અપાર સમતા સમાધિ નિર્વેર તેમજ તેનાથી સદ્‌ગતિ અને પરંપરાએ મોક્ષ એજ સમ્યગ્ દર્શનનું અણમોલ ફળ (લાભ) છે. અનિવૃત્તિકરણના છેલ્લા સમયે એટલે ભોગવાતા મિથ્યાત્વ ની પ્રથમ સ્થિતિના છેલ્લા સમયે જ ઉપશમસમ્યકત્વને પ્રાપ્ત કરતાં પહેલાં અને અન્તરકરણ પછીની સત્તામાં રહેલા મિથ્યાત્વની જે બીજી લાંબી અન્તઃ કોડાકોડીની સ્થિતિ છે તેના દલિકોના એટલે તે મોટા જત્થાના અધ્યવસાય વિશુદ્ધિના જોરે ત્રણ વિભાગ કરી નાખે (ત્રણ ઢગલા મિથ્યાત્વના મોટા ઢગલા ના કરે) તેનું નામ ત્રિપુંજીકરણ એટલે ત્રણ વિભાગીકરણ કરે. તે ત્રણ ઢગલામાંનો એક ઢગલો સંપૂર્ણ શુદ્ધ પુદ્‌ગલોનો હોય. બીજો અર્ધશુદ્ધ મિથ્યાત્વના પુદ્‌ગલોનો હોય જ્યારે ત્રીજો હજુ સંપૂર્ણ અશુદ્ધ મિથ્યાત્વનાપુદ્‌ગલોનો હોય. તેમાંનો જે શુદ્ધ પુંજ રુપ ઢગલો છે તે સમ્યકત્વ મોહનીયનો કહેવાય. તેમાં દેશઘાતી રસ હોય છે. અને અર્ધશુદ્ધ તેમજ તદ્દન અશુદ્ધ આ બન્ને પુંજો સર્વઘાતી રસ વાળા હોય.

પ્રશ્ન **હવે જીવ ત્રિપુંજી કરણ કરે કેવી રીતે ?**

જવાબ **પ્રથમ પ્રદેશસંક્રમના પાંચ ભેદ પડે.૧. પ્રકૃતિ સંક્રમ ૨. ગુણ**

સંક્રમ ૩. ઉદ્વલના સંક્રમ ૪. યથાપ્રવૃત્ત સંક્રમ ૫. સર્વસંક્રમ તેમાં પ્રકૃતિ સંક્રમ એટલે જે કર્મ પ્રકૃતિ નરકે લઈ જવાના સ્વભાવવાળી છે જેને પહેલાં અશુભ મનોયોગથી બાંધી પછી પાછળથી શુભ શુભતર વિચારથી (મનોયોગથી) દેવગતિ માં લઈ જવાવાળી શુભ પ્રકૃતિ બાંધી અને શુભમનોયોગ ચાલુ છે તેથી પહેલા બાંધેલ નરકે લઈ જવા વાળી કર્મપ્રકૃતિને દેવગતિની પ્રકૃતિ પ્રબળ છે તેમાં ફેરવી નાખે. આનું નામ પ્રકૃતિ સંક્રમ.

શુભ પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ જેટલી હોય એટલી તે વખતે ન બંધાય. જેમ કે નામકર્મની ઉત્કૃષ્ટ સ્થિતી ૨૦ કોડાકોડીની છે તે ૨૦ ન બંધાતા ૧૦ કોડાકોડી થી વધુ ન બંધાય. હવે અપવાદ-બંધની અપેક્ષાએ ઉત્કૃષ્ટ સ્થિતિ ન બંધાયપરંતુ સંક્રમની અપેક્ષાએ બંધાય. જેમકે-નરકની ૨૦ કોડાકોડી સ્થિતી બાંધ્યા પછી જો દેવગતિ બંધાય અને તેમાં નરકગતિ પ્રકૃતિનો જો પ્રકૃતિ સંક્રમ થાય તો દેવગતિની સ્થિતિ ૨૦ કોડા કોડીની થાય.

જેમ પ્રસન્નચંદ્ર રાજર્ષિએ કાઉસ્સગ્ગમાં રણસંગ્રામ અને તીવ્ર હિંસાનો પરીણામ મનોયોગમાં આવ્યો એટલે તેમાંથી નરક ગતિની પ્રકૃતિ બંધાણી તે વખતે શત્રુને મારવાના અતિ તીવ્ર કષાય પરિણામના કારણે ક્લિષ્ટ કૃષ્ણ લેશ્યા હોવાથી અશુભ રસ પ્રકૃતિમાં પડ્યો. અનંતાનુબંધિ કષાય અને મિથ્યાત્વના કારણે સ્થિતિ બંધાય. તેઓ છઠ્ઠા ગુણ સ્થાનક માંથી સીધા ૧ લે આવી ગયા. **મનોયોગથી પ્રકૃતિબંધ પ્રદેશબંધ લેશ્યાથી રસબંધ અને કષાયથી સ્થિતિ બંધ થાય.**

## ગુણ સંક્રમ બીજો નંબર

મિથ્યાત્વ મોહના દલિકોને સમ્યકત્વ માં ફેરવી નાંખે તે ગુણ સંક્રમ . ઉપશમસમ્યક્ત્વના ૧ લા સમયથીજ ગુણસંક્રમ શરુ કરે, વિશુદ્ધિના જોરે **મિથ્યાત્વના દલિકોને મિશ્રને સમ્યકત્વના ઢગલાઓમાં નાખે, (સંક્રમ કરે)** મિશ્રના દલિકોને સમ્યકત્વના

ઢગલામાં નાંખે.

ઉપશમસમ્યકત્વના પહેલાજ સમયે મિથ્યાત્વના થોડા દલિકોને સમ્યકત્વમાં નાખે, અને એજ પ્રથમ સમયે સાથે સાથે મિશ્રના ઢગલામાં અસંખ્ય ગુણા નાંખે. પછીના બીજા સમયે મિશ્રની અપેક્ષાએ તેના કરતાં અસંખ્ય ગુણા દલિકો મિથ્યાત્વમાં નાખે પાછા એને એજ બીજા સમયે સમ્યકત્વ કરતાં અસંખ્યગુણ દલિકોને મિશ્રના ઢગલામાં, આમ એક અન્તર મુહુર્તસુધી દરેક સમયે એટલે છેલ્લા સમયસુધી ગુણસંક્રમની ક્રિયા ચાલુ રાખે અર્થાત્ ગુણસંક્રમ કરે.

ઉપશમસમ્યકત્વના પ્રથમ સમયથી ગુણસંક્રમ કરવાને માટે અનિવૃત્તિકરણના છેલ્લા સમયે આખા સ્થિતિ સ્થાનનું ત્રિપુંજીકરણ કરે છે. કારણ કે વિભાગ પાડયા હોય તોજ, પ્રથમ સમયથી મિથ્યાત્વના દલિકો સમ્યકત્વમાં નાખી શકે. અપૂર્વકરણમાં જેમ સ્થિતિઘાતઅને રસઘાત થતો હતો, તેવી રીતે અન્તરકરણમાં પણ આગળ રહેલી, મિથ્યાત્વની સ્થિતિનો સ્થિતિઘાત અને અશુભ રસનો રસઘાત પણ ચાલુ છે. અન્તરકરણની એક સમયાધિક આવલિકા એક આવલિકાથી થોડો સમય વધુ બાકી રહે ત્યારે, અધ્યવસાય દ્વારા આગળની સ્થિતિમાં રહેલા ત્રણેય પુંજના દલિકો ને ખેંચી ખેંચીને એ ઉપર કહેલી છેલ્લી આવલિકામાં ગોપુચ્છાકારે એટલે (ઉપરથી જાડું અને નીચેથી આગળ આગળ પાતળું) એવી રીતે દલિકોને ગોઠવી નાખે. એક આવલિકાથી જે વધારાનો સમય છે, એ સમયમાં રહેલા (શુદ્ધ-અર્ધશુદ્ધ- અશુદ્ધ) ત્રણેય પુંજને ક્રમસર છેલ્લી આવલિકામાં ગોઠવી દે.

દલિકો રહીત એવી આવલિકામાં ત્રણેય પ્રકારના દલિકો ગોઠવ્યા તે ગોપુચ્છાકારે એટલે શરૂઆતમાં વધુ પછી ઓછા પછી તેનાથી ઓછા અને તેનાથી ઓછા એમ ગોઠવે. આ, ગોઠવ્યા પછી જયારે એક આવલીકા સિવાયનો સમય પસાર થઈ જાય પછી એને જે

વાતાવરણ મળે તેના પરિણામને અનુકુલ ગમે તે એક પ્રકારના પુંજને તે ગ્રહણ કરે અને તેનો ઉદય તેને શરુ થાય ઉત્તમ પરિણામ હોય તો શુદ્ધ પુંજનો, મધ્યમ પરિણામ હોય તો અર્ધશુદ્ધ અશુદ્ધ પરિણામ હોયતો મિથ્યાત્વ ના પુંજનો ઉદય થાયછે.

ઉપશમસમ્યકત્વમાં થી ક્ષયોપશમમાં પણ જાય, મિશ્રમાં પણ જાય, તેમજ સાસ્વાદનને સ્પર્શ્યાવિના મિથ્યાત્વે પણ ચાલ્યો જાય. જ્યારે અનંતાનુંબંધિનો ઉદય હોય અને મિથ્યાત્વનો ઉદય ન હોય, ત્યારે બીજું સાસ્વાદન ગુણ સ્થાનક આવે. જ્યાં મિથ્યાત્વ હોય ત્યાં અનંતાનુ બંધિ હોય જ. પરંતુ અનંતાનુંબંધિ નો ઉદય હોય ત્યારે અમુક સમય સુધી મિથ્યાત્વનો ઉદય ન પણ હોય.

કોઈ જીવ ઉપશમ ભાવમાંથી વિશુદ્ધ પરિણામ દ્વારા, ક્ષયોપશમ ભાવની દેશવિરતિ ને પણ પામી શકે છે. તેમજ ક્ષયોપશમભાવની સર્વવિરતિને પણ પામી જાય. **ઉપશમસમ્યકત્વ આખાયે ભવ ચક્રમાં વધુમાં વધુ પાંચ વખત પ્રાપ્ત થઈ શકે.**

૧ વખત અનાદિ મિથ્યાત્વિને અને ચાર વખત ઉપશમશ્રેણિનું પામે. **ઉપશમ શ્રેણી એક ભવમાં વધુમાં વધુ બે વખત માંડી શકે.** અને આખાય ભવ ચક્રમાં ૪ વખત માંડી શકે. **સાસ્વાદને જવાવાળાને** અન્તરકરણનો જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૬ આવલિકા બાકી રહે ત્યારે અનંતાનુબંધિનો ઉદય થાય. તેમને ગોપુચ્છાકારે દલિકોને ગોઠવવાના હોતા નથી. સાસ્વાદનથી જીવ સીધો મિથ્યાત્વે જ જાય.

આંજણની ડબ્બીમાં જેમ આંજણ ઠાંસી ઠાંસીને ભર્યું હોય તેમ, ચઉદરાજ લોકમાં કાર્મણવર્ગણાના પુદ્ગલો ઠાંસી ઠાંસી ભર્યા છે. જે આકાશ પ્રદેશને અવગાહીને આત્મા રહેલો છે. તે જ આકાશ પ્રદેશ ઉપર રહેલા કામણ વર્ગણાના પુદ્ગલોને તે ગ્રહણ કરે છે. બીજે ક્યાંય ગ્રહણ કરવાજતો નથી. જ્યાં સિદ્ધભગવંતો છે ત્યાં

પણ કામણવર્ગણાના પુદ્ગલો ઠાંસીને ભરેલા છે. છતાંય પણ તેમની વચ્ચે ગ્રાહ્ય **ગ્રાહક ભાવ નથી. પુદ્ગલો અને સિદ્ધ ભગવંતો બન્ને પોતાના સ્વરુપમાં જ રહેલા છે.** વળી એજ આકાશ પ્રદેશ ઉપર પાંચેય સુક્ષ્મ એકેન્દ્રિય જીવો પણ ભરેલા છે. તેઓ કર્મપુદ્ગલો નું ગ્રહણ કરે છે.

સંસારી જીવોનો આત્મા કાયયોગના કારણે અને કષાયના કારણે સખતઉકળતા પાણી જેવો ચંચળ છે. જ્યારે સિદ્ધ ભગવંતનો આત્મા પરમસ્થિર છે. આત્મા ચંચળતાના કારણે જ કર્મપુદ્ગલોનું ગ્રહણ કરે છે. અને સાથે કર્મના ઉદયના કારણે કર્મબંધાય છે. નવા નવા કર્મો આત્માની સાથે નથી બંધાતા પણ આત્માએ પૂર્વે બાંધેલા કર્મો સાથે તે ચોંટી એકમેક થઈ જાય છે. વર્ગણાના વિભાગો પરમાણુની સંખ્યાના કારણે પડેલાં છે. અનંતાનંત પરમાણુઓનો સ્કંધ બને પછી જ તે ગ્રહણ કરવાના ઉપયોગમાં આવે. જેમ જેમ પરમાણું ઓનો જત્થો વધુ તેમતેમ તેનું પરિણમન સૂક્ષ્મ. ઔદારિક વર્ગણાના પુદ્ગલો આપણને દેખાય છે જ્યારે ત્યાંને ત્યાંજ રહેલા વૈક્રીય વર્ગણાના પુદગલ સ્કંધો આપણને દેખાતા નથી. આત્મપ્રદેશ અને કર્મપુદ્ગલ એકજ આકાશ પ્રદેશને આવગાહી ને રહેલા છે. કર્મબંધ થયા પછી અવગાહના ફરતી નથી. ફક્ત અન્યોન્ય પ્રવેશ ને સ્વામિભાવ થયો. તે જ રીતે નિર્જરા થાય એટલે કર્મપુદ્ગલ છુટા પડીને ત્યાંથી ક્યાંય બીજે જતાં જ નથી. પણ જેં અન્યોન્ય પ્રવેશ ને સ્વામિભાવ થયો હતો તે દૂર થયો.

અનાદિ મિથ્યાદ્રષ્ટિજીવ સીધેસીધું ક્ષયોપશમ સમ્યકત્વ પ્રાપ્ત કરે તો અપૂર્વકરણમાં જ ત્રિપુંજીકરણ કરી, શુદ્ધ પુંજને ગ્રહણ કરી ક્ષયોપશમને પ્રાપ્ત કરે છે. જેણે ગ્રંથી ભેદ કર્યો છે, અને હજી ત્રિપુંજીકરણ કર્યું નથી તેને જ ઉપશમસમ્યકત્વની પ્રાપ્તિ થાય. ઉપશમ સમ્યકત્વનાં પ્રથમ સમયથી ત્રિપુંજીકરણ શરુ થાય.

અંતરકરણના અંતર્મુહૂર્તના કાળમાં બિલકુલ મિથ્યાત્વનો ઉદય નથી, કારણ પ્રથમ સ્થિતિના મિથ્યાત્વના દલિકો ક્ષીણ થઈ ગયા છે. અને બીજી સ્થિતિમાં રહેલાનો ઉદય અત્યારે સંભવિત નથી. મિથ્યાત્વનો ઉદય અટકવાથી જે નિર્મળતા આવી તેનું નામ જ ઉપશમ સમ્યકત્વ.

ઉદય અટક્યો એટલે નવો બંધપણ અટક્યો. અને વિશુદ્ધિને કારણે સમ્યકત્વને ટકાવી રાખવા, બીજી સ્થિતિમાં વર્તતા મિથ્યાત્વના દલિકોનો જે સર્વઘાતી રસ હતો તેને તોડીને દલિકો દેશઘાતી રસવાળા કર્યા અને દેશઘાતી રસને કારણે સમ્યકત્વને (શ્રદ્ધાને) ટકાવી રહેવામાં વાંધો ન આવે.

વિશુદ્ધિ આવે એટલે ઘાતિકર્મમાં રસઘાત અને સ્થિતિઘાત શરુ થઈ જાય મિથ્યાત્વના દલીકોમાં એવું શુદ્ધિકરણ કરી નાખે કે સાધિક ૬૬ સાગરોપમસુધી શ્રદ્ધાને ટકાવી શકે. ઉપશમમાંથી ક્ષયોપશમમાં આવનારને સાધિક ૬૬ સાગરોપમ સુધી શ્રદ્ધા ટકી શકે.

એક વખત ઉપશમ શ્રેણી માંડયા પછી, તે જીવને ક્ષપકશ્રેણી માંડવી હોય તો તેને છઠ્ઠે કે સાતમે ગુણસ્થાનકે પાછું આવવું પડે. જો બે વાર ઉપશ્રેણી માંડી દીધી હોય તો પછી એજ ભવમાં ક્ષપકશ્રેણી ન માંડી શકે.

આયુષ્યનો બંધ છઠ્ઠે કે સાતમે થાય સર્વાર્થસિદ્ધનું ૩૩ સાગરોપમનું આયુષ્ય તો તેજ બાંધી શકે કે, જેણે છઠ્ઠામાં બંધ શરુ કર્યોછે. અને સાતમે નક્કી જવાનો જ છે, જ્ઞાનપુર્વકના છઠ્ઠ તપદ્વારા જેટલા કર્મની નિર્જરા કરે, તેટલી નિર્જરા ૧૧ માં ગુણસ્થાનકે બાકી રહે. નિર્જરા કરવાને માટે ૭ લવ (૩ાા મિનીટ) ઓછા પડે છે. એટલે જ સર્વાર્થસિદ્ધમાં જાય. જો સાત લવ જેટલું આયુષ્ય વધારે મળ્યું હોત તો એજ ભવમાં કેવલ જ્ઞાન પામી મોક્ષે જાત. ૧૧ માં અને

૧૩ માં વાળાની વિશુદ્ધિ સરખી સંયમસ્થાન પણ સરખું આટલી ઉત્કૃષ્ટ કોટીની વિશુદ્ધિ ૧૧ મેં હોય છે. ૧૧ માં થી નીચે ઉતરતાં ૧૦ મેં ૯ મેં કે ૮ મેં જો આયુષ્ય પૂર્ણથાય તોજયંતાદિ ચાર અનુત્તરમાં પણ જાય. પરંતુ ૧૧ મેં જેનું આયુષ્ય પૂર્ણ થાય તેને માટે નિયમા સર્વાર્થસિદ્ધ વિમાનજ. સંયમસ્થાનમાં તરતમતા મોહનીય કર્મના ઉદયના કારણે પડે છે. ૧૦ મા ગુણ સ્થાનક સુધી ક્ષપક અને ઉપશમવાળા બન્નેને, સુક્ષ્મલોભનો ઉદય તરતમતા વાળો હોવાથી સંયમસ્થાનમાં તરતમતા હોય. દશમાના અન્તે અને ૧૧ મેં બન્નેને એટલે બારમે ક્ષપક શ્રેણી અને ૧૧ મે ઉપશમશ્રેણી વાળાને ઉદય અટક્યો છે તેથી સંયમ સ્થાન સમાન છે.

ક્ષયોપશમ વાળો ક્ષપક શ્રેણી માંડે એટલે, સમ્યકત્વ મોહનીયનું અંતરકરણ કરે, જેને ઉપશમ શ્રેણી માંડવી છે તેને ૪ થે-૫મેં-૬ઠ્ઠે કે સાતમેગુણસ્થાનકે ક્ષયોપશમ કે ક્ષાયિક સમ્યકત્વ પ્રાપ્ત કરી લેવું પડે. અને તે વખતે મિથ્યાત્વનોઉદય તો છે જ નહીં. સમ્યક્ત્વનો ઉદય છે. અને તેને અટકાવવાં તેનું અંતરકરણ કરે. ઉપશમ શ્રેણી વાળો અનંતાનુંબંધિ ક્રોધ માન માયા લોભ ચાર અને મિથ્યાત્વમોહનીય મિશ્રમોહનીય સમ્યકત્વ મોહનીય રુપ દર્શન સપ્તકનો ઉપશમ અને ક્ષપક શ્રેણીવાળો ઉપરની સાતેયનો ક્ષય કરે. ઉપશમ સમ્યકત્વ એ સાસ્વાદનનું મૂળ કારણ છે.

પ્રશ્ન : મિશ્ર ગુણસ્થાનકે ઉપયોગ સાકાર કે નિરાકાર ?

જવાબ : મન અને ચક્ષુરિન્દ્રિય એ બન્ને અપ્રાપ્યકારી છે. વસ્તુના સ્પર્શ વિના બન્ને ને વસ્તુનું જ્ઞાન થાય છે. બાકીની ચારઈન્દ્રિયો પ્રાપ્યકારી છે એટલે તે તે વસ્તુનો ઈન્દ્રિયો સાથે સ્પર્શ થયા વિના જ્ઞાન થાય નહીં.

ભાષા વર્ગણાના પુદ્ગલો અસંખ્યતા સમય સુધી શ્રવણેન્દ્રિયને

સ્પર્શે ત્યારે, ઈદં કિંચિત્ આ કંઈક છે એમ સમજાય. વસ્તુ અને ઈન્દ્રિયોનો સ્પર્શ રુપ વ્યંજનાવગ્રહ થવા પછી ૧ સમયનો અર્થાવગ્રહ થાય. ત્યાર પછી ઈહા અને ત્યાર બાદ અપાય થાય. એક અક્ષરને બોલતા અસંખ્યાતા સમય બીજો અક્ષર બોલતા પહેલા અને બીજા વચ્ચે પણ અસંખ્યાતા સમય પસાર થઈ જાય. પ્રાપ્યકારી ઈન્દ્રિયને પ્રથમ અસંખ્યાતા સમયનો વ્યંજનાવગ્રહ થાય, ત્યાર પછી ૧ સમયનો અર્થાવગ્રહ થાય. અને ત્યાર પછી ઈહા (વિચારણા) (અનેક પ્રકારના વિકલ્પવાળી હોય. અને ત્યાર પછી અપાય (નિર્ણય) થાય કે આ વસ્તુ આ છે અપાય થયા પછી પૂર્ણ અપાય( શેનો સ્પર્શ) એ શેનું બનેલું.) કરવા માટે ફરી અવગ્રહને ઈહા ચાલ્યા કરે. જ્યાં સુધી તે વસ્તુના વિષયમાં પુરેપુરી તૃપ્તિ ન થાય, અથવા બુદ્ધિની મર્યાદા હોય ત્યાં સુધી અપાય ચાલે.

મિશ્ર ગુણસ્થાનકમાં સાકારોપયોગ છે. પણ તે અર્થાવગ્રહ નથી તેમ અજ્ઞાન પણ નથી. કોઈ વાતનો નિર્ણય નથી, એકલું સમ્યગ દર્શન પણ નથી તેમજ એકલું મિથ્યાદર્શનપણ નથી, વચલી પરિસ્થિતિ છે. તેથી મિશ્ર કહ્યું. અહીં આયુ નો બંધ નથી કારણ નરક તિર્યંચ ગતિનો બંધ સમ્યગદ્રષ્ટિ ન કરે. મિથ્યાત્વિને ચારેય ગતિનો બંધ છે, જ્યાં સમ્યગ્ મિથ્યા બન્ને નું મિશ્રણ હોય ત્યાં કઈ ગતિનો બંધ થાય. અર્થાત્ એકેય ન થાય. ત્રીજું મિશ્ર ગુણ સ્થાનક ચડતા પડતા બન્ને સમયમાં હોય છે. અનાદિ મિથ્યાત્વિ સીધેસીધો પહેલેથી જ ત્રીજે આવી શકે નહીં, જેણે એક વખત પણ સમ્યગદર્શન પ્રાપ્ત કર્યું હોય, તેજ પહેલેથી ત્રીજે સીધો જઈ શકે. કારણ કે તેને જ્યારે તે પહેલે વર્તતો હોય ત્યારે ત્રણેય પ્રકારનાપુંજ સત્તામાં હોય છે.(મિથ્યા મિશ્રને સમ્યક્) ત્રિજા ગુણસ્થાનક નો સમય અન્તર્મુહૂર્તનો છે. સમ્યગ અને મિથ્યા બન્ને ભાવોનું મીશ્રણ તે જ મિશ્ર ગુણસ્થાનક જેમ દહીઅને સાકરબન્ને મળી શીખંડ થાય ખાટા અને મધુર રસનું મિશ્રણ થાય. ત્યારે ખટમિઠો ત્રીજો સ્વતંત્ર રસ બને પરંતુ તેનો અર્થ એવો ન કરવો

કે સમ્યક્ અને મિથ્યાત્વ બન્ને ના દલિકો એક સાથે ઉદયમાં હોયપરંતુ મિશ્રના દલિકો ખટમિઠા રસની જેમ સ્વતંત્ર છે ત્રીજા પ્રકારના છે.

અહિં સુદેવાદિ પ્રત્યે અત્યાર સુધી જે અરુચિ હતી તે નથી રહી પરંતુ હજી જેવી હોવી જોઈએ તેવી રુચિ નથી થઈ. જેમ ઘોડી અને ગધેડાના સંયોગે ની ત્રીજી જાતિ સ્વતંત્ર પેદા થાય છે તેમ. અહિં સુદેવાદિ કુદેવાદિ માં બન્નેનાં રુચિ અરુચિ નથી. અશ્રદ્ધા દુર થઈ છે. પણ હજુ યથાર્થ શ્રદ્ધા પેદા થઈ નથી શરીરમાં બિમારી આવવાથી ખોરાક પર અરુચિ થાય છે. અને બિમારી ગયા પછી અરુચિ દૂર થાય છે. પણ હજુ જોઈએ તેવી પુરેપુરી રુચિ થઈ નથી. એવી પરિસ્થિતિ ને મિશ્ર ગુણ સ્થાનક કહેવાય. અહીં આયુષ્યનો બંધ નથી તે આગળ કહેવાઈ ગયું છે. જેમ છઠ્ઠામાં શરુ કરેલું આયુષ્ય સાતમે પૂર્ણ કરે તેમ અહિં પહેલા ચોથામાં શરુ કરેલું આયુષ્ય પૂર્ણ ન કરે, વળી અહિં આયુષ્યની સમાપ્તિ પણ થતી નથી. ૩ ૧૨ ને ૧૩ માં ગુણ સ્થાનકમાં આયુષ્યની પૂર્ણાહુતિ થતી નથી. બાકી રહેલા ૧૧ ગુણ સ્થાનકોમાં આયુષ્ય પૂર્ણ તો થાય જ છે. પરંતુ પરભવમાં તો પહેલું બીજું અને ચોથું આ ત્રણ જ ગુણ. સાથે આવી શકે છે. બાકીના ૧૧ માંથી ૮ સાથે આવી શકતા નથી. આયુષ્યનો બંધ થયા પછી મિશ્રમાં આવે તો જે લેશ્યા ના પરિણામમાં બંધ કર્યો હોય. તેજ પરિસ્થિતિમાં પાછો જઈ મૃત્યુ પામે છે. તેને લાયકની લેશ્યાના પરિણામ તેને આવે પણ ગુણસ્થાનક એજ આવે એવું નિશ્ચિત નહિં. ક્ષાયિકસમકિત વાળા એ પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકે આયુષ્યનો બંધ કર્યો છે. અને પછી મિશ્રમાં જઈ નીચે ન ઉતરતા આગળ વધીને ક્ષાયિક પ્રાપ્ત કર્યું હોય તો હવે તેને મિથ્યાત્વેતો આવવાનું નથીતેથી મૃત્યુ સમયે તેને લાયકની લેશ્યા આવે, જેમકે શ્રી શ્રેણીક મહારાજાને જે લેશ્યા આયુષ્યના બંધવખતે હતી તે જ લેશ્યાઆયુઃની પૂર્ણાહુતિ વખતે પણ આવે, શ્રેણીકે છેલ્લે કોણિકને

પિતૃહત્યાનું પાપ ન લાગે માટે સ્વયં હીરો ચુસી આત્મહત્યા કરી. કોણિકને પાપ ન લાગે તે સારી વાત છે પણ આપઘાત એ અશુભ ધ્યાન છે. એવી જ રીતે મહામંત્રી શકડાલે પણ કુટુંબને કલંક ન લાગે અને રાજા પાયમાલ ન કરે માટે આત્મહત્યા કરી, પણ ઉપર બન્નેમાં પંડિત મરણ નથી. આત્મહિતનું લક્ષ્યનથી પંડિતમરણની પૂર્વ ભૂમિકા સર્વસાથે ક્ષમાપના વોસિરાવવું વગેરે કર્યું હોય તો પંડિત મરણ નો અધિકાર છે. આત્મહિત કલ્યાણમાટે અણસણ વગેરે કરવું તેમાં આત્મહત્યાનું પાપ નથી, એ અશુભ ધ્યાન નથી.

**પ્રશ્ન :** મિશ્રગુણસ્થાનકમાં કેટલી કર્મ પ્રકૃતિ, બંધ ઉદયને સત્તામાં હોય ?

જવાબ: મિશ્રમાં આયુષ્યનો બંધ ન પડે પરંતુ ગતિનો બંધ તો ચાલુજ છે. પણ ત્યાં નરક કે તિર્યંચ (ત્રિક) (આયુઃ ગતિ અનુપૂર્વી) ગતિનો બંધ ન કરે. સાસ્વાદને તિર્યંચ ગતિ આયુષ્ય આનુપૂર્વી નો બંધ છે, અહિંનથી. મિશ્રે થિણદ્ધિ ત્રીક (થિણદ્ધિ પ્રચલાપ્રચલાને નિદ્રા નિદ્રા) નો બંધ નથી. દુસ્વર દુર્ભગત્રિક અનાદેય નામ કર્મનો બંધ ન હોય અનંતાનુબંધિ, ચારનો બંધ નહોય. વજ્રઋષભ નારાચસંઘયણને સમચતુરસ્ત્ર સંસ્થાનજ બંધાય.

બીજા ગુણસ્થાનકમાં બાકીના ચાર બંધાતા હતા. જ્ઞાનાવરણીય કર્મના ઉદયના કારણે તેનો બંધ નથી. પણ મોહનીયના ઉદયના કારણે છે. તેથી ૧૦ મા ગુણસ્થાનક સુધી જ્ઞાનાવરણીય બંધાય. ૧૦ માં સુધી મોહનીયના ઉદયના કારણે ઉપયોગ વીર્ય, પૂર્ણશુદ્ધ નથી. ૧૦ મે મોહનીય અત્યંત ક્ષીણ થયું હોવાથી મોહનીય નો બંધ નથી. ત્રીજે નીચગોત્ર ન બંધાય નીચગોત્રનો બંધ પાંચમા સુધી તો થાય છે. પણ ત્રીજામાં તો નજ થાય.

આ બધી પ્રકૃતિઓ બંધમાથી અટકી તેનું મુખ્ય કારણ અનંતાનું બંધિનો ઉદય અટક્યોછે. તિર્યંચત્રિક અટક્યું એટલે તિર્યંચ પ્રાયોગિક

પ્રકૃતિ ઉદ્યોતનામ કર્મ અટક્યું. અશુભ વિહાયોગતિ (ગધેડા ઊંટ, જેવી ગતિ) સ્ત્રી વેદનો બંધ અટક્યો દેવ અને મનુષ્યના આયુષ્યનો અબંધ. બધી ભેગી મળી કુલ ૨૭ પ્રકૃતિ બંધમાંથી ઘટી એટલે બીજા ગુણસ્થાનકે ૧૦૧ બંધાતી હતી તેમાંથી ૨૭ ઘટાડતા ૭૪ રહી ૭૪ નો બંધ રહ્યો.

અનંતાનુબંધિ, ચાર અને સ્થાવર નામકર્મનો ઉદય ન હોય. એકેન્દ્રિય થી ચઉરેન્દ્રિય સુધીના જીવોને ત્રીજું ગુણ સ્થાનક ન હોય એટલે ત્રીજામાં એકેન્દ્રિય વિકલેન્દ્રિય ત્રિકનો અનુદય. તિર્યંચ દેવને મનુષ્યની આનુપુર્વી નો અનુદય હોય કારણ ત્રીજે મૃત્યુ થતું જ નથી. આમ બાર પ્રકૃતિનો અનુદય અને મિશ્ર પુંજનો ઉદય વધ્યો એટલે૧૧ પ્રકૃતિ ઉદયમાંથી ઘટી બીજામાં ૧૧૧ નો ઉદય હતો, અહીં ૧૦૦ નો છે અને શ્રી તિર્થંકરનામ કર્મસિવાય ૧૪૭ સત્તામાં છે, આમ ત્રીજામાં ઉદયમાં ૧૦૦ બંધમા ૭૪ સત્તામાં ૧૪૭ હોય.

## ૪થું અવિરત સમ્યગ્ દ્રષ્ટિ ગુણસ્થાનક.

**મિથ્યાત્વનું** - દર્દ ગયું અને સમ્યકત્વરુપ આરોગ્ય આવ્યું એટલે શ્રી જીનોપદિષ્ટ તત્વભૂત પદાર્થોની શ્રદ્ધા થવા પણું થાય છે. પછી અલ્પબુદ્ધિના કારણે તેની પુરી સમજ ન થાય.પણ અંતરંગ રુચિ થાય તે જ સમ્યગ્દર્શન. તેના કારણ બે એક નિસર્ગ અને બીજું અધિગમ. એટલે એક કુદરતી રીતે સ્વાભાવિક કોઈપણ બાહ્યનિમિત્તવિના અને બીજું દેવગુરુ ધર્મનિમિત્ત જન્ય. નિમિત્ત બે પણ કાર્ય તો એકજ સમ્યગદર્શનરુપ. બન્નેમાં કાર્ય તો શ્રદ્ધા જ છે. અસદ્ની પ્રવૃતિ હોય છતાંય અસદ્નો આગ્રહ ન હોય અને અસદ્છોડવા જેવું જ માને તો સમ્યગદર્શનની સંભાવના ગણાય.

**નિસર્ગ એટલે પૂર્વભવમાં આલંબન** મળ્યું હોય પણ વર્તમાનમાં કોઈ પ્રકારના આલંબનવિના અથવા તો પૂર્વભવમાં પણ

કોઈજ આલંબન વિના સહજરીતે ક્ષપિતકર્માંશી જીવની અપેક્ષાએ ભવિતવ્યતાના યોગે સમ્યગ્ દર્શન પામે તે નિસર્ગકારણ.

**અધિગમ એટલે** - નિમિત્ત. શ્રી જીનપડિમા શ્રીજીન પ્રવચનશ્રવણાદિ કોઈપણ શુભનિમિત્તના ઉપાસનાદિના આલંબનથી સમ્યગ દર્શન પામે તેને અધિગમનિમિત્ત કારણ કહેવાય. અને તે શુભનિમિત્ત આત્માને સમ્યગ દર્શન પમાડવામાં પૂર્ણ સહાયક બનેજ. નહીં કે તે નિમિત્તોની ફક્ત હાજરીજ હોય. **હેય પદાર્થોમાં હેયબુદ્ધિ ઉપાદેયમાં ઉપાદેય બુદ્ધિ અનેજ્ઞેયમાં જ્ઞેય બુદ્ધિ એટલેજ સમ્યગ્ દર્શન.**

## ધ્યાનનાં ચાર પ્રકાર

ધ્યાન એટલે ચંચળ એવા ચિત્તની કોઈ એક વિષયમાં સ્થિરતા હોવી તે. ઉત્તમ કોટીના સંઘયણ બળ અને શ્રેષ્ઠ મનોબળના કારણે ધ્યાનપણ પ્રબળ ને શ્રેષ્ઠ હોય છે. અને મધ્યમ કે જ જઘન્ય સંઘયણ (શરીરબળ) મનોબળવાળાને મધ્યમ કે જઘન્ય કોટીનું પણ ધ્યાન હોય છે જ. વર્તમાન કાળમાં ભરત ક્ષેત્રમાં છદ્મસ્થને છેલ્લું સેવાર્ત સંઘયણ હોવાથી, ધ્યાન પણ અતિ સમાન્ય કોટીનું હોય છે. પૂર્વના જેવા પ્રબળ મહાધ્યાનો નથી.

૧. **આર્તધ્યાન**- આત્માના જ્ઞાનદર્શન ઉપયોગનું પૌદ્ગલિક ભાવો (પદાર્થો) સાથે જોડાણ તેનું નામ આર્તધ્યાન. આંતરીક પીડાયુક્ત ધ્યાન.

૨. **રૌદ્રધ્યાન** - સતત આર્તધ્યાનના કારણે હિંસા વગેરે પાપ સ્થાનકોમાં આત્માના ઉપયોગનું પ્રબળ જોડાણ તે રૌદ્ર ધ્યાન.

૩. **ધર્મધ્યાન** - વિવિધ શુભ આલંબન વાળી ધર્મપ્રવૃતિ દ્વારા- આત્મા સાથેનું ઉપયોગનું જોડાણ તે ધર્મધ્યાન.

૪. **શુક્લધ્યાન** - કોઈપણ જાતના બાહ્ય આલંબન વિના સીધેસીધું ઉપયોગનું આત્મા સાથે જોડાણતે શુક્લધ્યાન.

**પ્રશ્ન** **મોક્ષે જતી વખતે કોઈ પણ સ્ત્રીનો આત્મા ક્ષપક શ્રેણિએ ચડે તો તેને તો પૂર્વશ્રુતની લબ્ધિ નથી તો પછી તેને શુક્લધ્યાન કેવી રીતે આવે ?**

જવાબ સ્ત્રીઓનું પ્રબળ ધર્મધ્યાન શુક્લધ્યાન તુલ્ય જાણવું.

આર્તધ્યાનમાં ફક્ત ભાવપાપ હતું. જ્યારે રૌદ્ર ધ્યાનમાં દ્રવ્યપાપ પણ સાથે પ્રબળ પણે જોડાય છે. હિંસાનુબંધિ મૃષાનુબંધિ સ્તેયાનુ બંધિ. સંરક્ષણાનુંબંધિ હિંસાની સંતતિ બદ્ધ પ્રવૃત્તિ તે રૌદ્ર ધ્યાન. એજ રીતે અતિજુઠાણાની અતિચૌર્ય આદિ પ્રવૃત્તિ તે તે સર્વ રૌદ્ર ધ્યાન.

સદ્જ્ઞાનનું ફળ આત્માની વિશુદ્ધિ છે. તે વિશુદ્ધિ કોઈ જીવને જ્ઞાનવડે થાય જ્યારે કોઈને કર્મની લઘુતા અને મોહની મંદતાથી થાય. પરંતુ જ્ઞાનથી આંતરીક આત્મવિશુદ્ધિ થાય તે કરતાં પહેલાં આત્માનો આત્માનંદ કોઈ જુદોજ હોય. સમ્યગ્ દ્રષ્ટિ ગુણ સ્થાનકમાં આશ્રવપ્રવૃત્તિ ઘટે અથવા સંપૂર્ણ હેય છે. એમ સમજાય અને સંવર તરફ અનુરાગ અને પ્રવૃત્તિ નો પ્રબળ ભાવ જાગે, તથા આત્મપરિણતિ થાય. જ્યાં સમ્યકત્વ નથી ત્યાં વિરતિની રુચિ નથી અને જ્યાં વિરતિની રુચિ છે, ત્યાં સમ્યકત્વ અવશ્ય હોય છે. દેવ કે નારકીનું આયુષ્ય આત્માએ બાંધ્યું હોય તો તે અનપવર્તનીય હોય છે. છતાં પણ શ્રેણિકે અને કૃષ્ણે ૭મીનું આયુષ્ય તોડી પહેલી અને ત્રીજીનું કર્યું. તેમાં ધોરી માર્ગ પ્રમાણે આયુષ્યની બંધાયા પછી અપવર્તના થતી નથી. પણ કોઈ વખત કોઈ જીવ વિશેષનો વિશુદ્ધિનો પાવર એટલો અતિઉચ્ચ કોટીનો થઈ જાય કે જેથી તેને અપવાદ ગણો કે ગમે તે આશ્ચર્ય ગણો, પરંતુ મહાવિશુદ્ધિ થી ૭મી નારકીનું આયુષ્ય તોડી નાખે છે.

શાસ્ત્રમાં સંકલેશ કષાય-કરતાં વિશુદ્ધિ નો (પ્રબળ વિશુદ્ધિનો) પાવર અનંત ગુણો કહ્યો છે. તેથી જ અતિ બળવાન કર્મ સત્તાથી પણ આત્મસત્તા મહામહા બળવાન જાણવી. સમ્યગ દર્શન પામ્યા પછી હું કોઈનો નથી અને મારું કોઈ નથી એમ યથાર્થ જાણપણું. સમજણ આવે છે. પણ અપ્રત્યાખ્યાની કષાયોદયના કારણે બળવાન રાગાદિ પરિણામ હોવાથી જે મારું ખરેખર જ નથી તેને છોડવાનો પેલા બળવાન રાગાદિ વીર્યોલ્લાસ આવવા દેતા જ નથી. અનંતાનુબંધિ કષાયોદય તો સાચુંજાણપણુંજ થવા દેતો નથી. અપ્રત્યાખ્યાનીની વધુ પડતી તીવ્રતાના કારણે અવિરતિભાવને ઘણું પોષણ મળે છે. તે અવિરતિભાવને તોડવાનો વીર્યોલ્લાસ નથી આવતો. અપ્રત્યાખ્યાની કષાયના પણ ચાર પ્રકાર છે. ૧. અપ્રત્યાખ્યાની અનંતાનુબંધિ જેવો. ૨. અપ્રત્યાખ્યાની અપ્રત્યાખ્યાની જેવો. ૩. અપ્રત્યાખ્યાની પ્રત્યાખ્યાની જેવો. ૪) અપ્રત્યાખ્યાની સંજ્વલન જેવો. **જેમાં રસની વધુ તીવ્રતા છે તે અપ્રત્યાખ્યાની અનંતાનુબંધિ જેવો પણ સ્વરુપે તો અપ્રત્યાખ્યાની જ છે. અને તે બાર મહિને પણ બદલાયા વિના રહે જ નહીં.**

આમ અપ્રત્યાખ્યાની કષાયના ઉદયના કારણે, કેવળ સમ્યક્ત્વજ છે. વિરતિ નથી. તેને અવિરત સમ્યગ્ દ્રષ્ટિ ગુણસ્થાનક કહેવાય.

દાખલા તરીકે કોઈ વ્યક્તિએ ગુનો કર્યો હોય, અને તેને જેલમાં પુરવામાં આવ્યો છે. હવે તેને જેલમાંથી છુટવાનું ઘણું મન થાય છે. પરંતુ જેલના પહેરેદારો તેને રોકે છે. તેવી રીતે તેને જન્મજન્માંતરના ગુનાના કારણે સંસારની ગતિઓની જેલ મળી છે. જીવ મિથ્યાત્વિ હતો ત્યાં સુધી સંસારની જેલોને જેલ ન માનતા મહેલો માનતો હતો. પણ જ્યાં સમ્યગદર્શન પ્રગટ થયું ત્યાં એને સત્યતત્વનું ભાન થયું હવે સંસારની જેલ માંથી છુટવાનું ઘણું મન થાય છે. પરંતુ અપ્રત્યાખ્યાની કષાયરુપી પહેરગીરો તેને છુટવાની પ્રબળ ઈચ્છા થવા છતાંય રોકે છે. ચતુર્થ ગુણ સ્થાનક

નો ઉત્કૃષ્ટ કાળ એક જીવની અપેક્ષા એ ૩૩ સાગરોપમથી અધિક છે. અને સર્વ જીવોને આશ્રયી સર્વકાળ છે. અને તેનો જઘન્યકાળ એક અન્તર્મુહૂર્ત છે.

સર્વાર્થ સિદ્ધ વિમાનમાં જવા માટે નિરતિચાર ચારિત્ર અર્થાત્ ચારિત્રમાં નિરતિચાર પણું જ જોઈએ અને હોય. પરંતુ આયુષ્યમાં અલ્પતા અને ચારિત્રમાં અપૂર્ણતાના કારણે વચ્ચે વિસામા રુપે સર્વાર્થ સિદ્ધે જાય.

**આ એકાવતારી દેવો શાશ્વત ચૈત્યો કે કલ્યાણક પ્રસંગે** જરુર જાય પરંતુ અત્યંત સુખના કારણે સંસારની બીજી પ્રવૃત્તિમાટે જતા નથી.

## સમ્યકત્વનાં પાંચ લક્ષણો છે.

**૧. શમ (પ્રશમ) ૨ સંવેગ ૩ નિર્વેદ ૪ અનુકંપા અને ૫ આસ્તિક્ય**

ભયંકર અપરાધી પ્રત્યેપણ વિરુદ્ધ વિચાર કે વર્તન જરાય ન દાખવવું તે શમ કે પ્રશમ.

**"સંવેગો માત્રમોક્ષાભિલાશ :"** દેવલોકના દિવ્યને અદ્ભુત સુખો જેના કારણે દુઃખ રુપ હેય લાગે **તેસંવેગ.** જેમ બને તેમ વહેલામાં વહેલી તકે આ સંસારના ભયંકર કેદખાનામાંથી ગમે તેવી ભોગ સુખની સર્વોત્તમ સામગ્રી મળી હોય છતાં તેને છોડી છુટવાની તાલાવેલી તે **નિર્વેદ.**

દુઃખી જીવોના, દ્રવ્યથી વર્તતા, જીવનના અત્યંત દુઃખો કેમ જલદીમાં જલદી દુર થાય. તથા ધર્મવગરના જીવ માત્ર જેઓ કર્મના ઘણા ભારેકર્મી છે તેમને જલદીથી ધર્મ પમાડી દુઃખો જલદી કેમ દૂર થાય એવી ભાવ દયા સમ્યગ્ દર્શનનું ચોથું લક્ષણ છે. મનમાં

સંવેગની પરિણતિ હોય છતાંય કદાચ પ્રવૃત્તિ ન પણ હોય તેથી તેને સમ્યગ્ દર્શન નથી એમ ન કહેવાય.

આ ચોથું ગુણસ્થાનક વિચાર શુદ્ધિ નું છે. આચાર શુદ્ધિ આગળ આવશે અહિં વિભાવદશા આવે તો પણ લાંબો સમય તે ટકે નહીં. અનંતાનુબંધિ અહિં ન આવે અને અપ્રત્યાખ્યાનીનો ઉત્કૃષ્ટથી ૧૨ મહિનાનો કાળ છે. સંવત્સરી પ્રતિક્રમણપૂર્વે બે કલાક કે ૫ કલાક પહેલાં થયેલ કષાયની પણ ક્ષમાપના જરુર કરી લેવી જોઈએ.

**સંવેગનો ઉંડો અર્થ** - સમ્યગ્ જ્ઞાન દર્શન અને ચારિત્ર એ ત્રણેય મોક્ષના અનન્ય સાધનો છે. અને મોક્ષ એ સાધ્ય છે, ઉપરના ત્રણેય ને પ્રગટ કરવાનો ઉત્સાહ જાગ્રત કરવો તે સંવેગ. દેવ ગુર્વાદિની આરાધના દ્વારા મોક્ષ ના સાધન મને ક્યારે મળે એવો પ્રબળ અભિલાષ થવો તે સંવેગ. મને જલદીમાં જલદી મોક્ષ કેમ મળે એવો (વિશુદ્ધ) ઉત્તમ પરિણામનો સતત આવેગ એટલે જ સંવેગ.

(ઘણા દિવસનો ભુખ્યો બ્રાહ્મણ મોટી અટવી પાર કરી, ખૂબજ ભુખ્યો થયો હોય તેને જો કુદરતી ક્યાંકથી તાજા સરસ ઘેબરનું ભોજન મળે. અને તેને જે અવર્ણનીય આનંદ થાય, તેના કરતાં પણ વધુ આનંદ સમ્યગજ્ઞાનાદિ મોક્ષના સાધનો મેળવી જીવને થાય. તે સંવેગ )

સિદ્ધિ સૌધ (મહેલ) ના પ્રથમ સોપાન સમાન સમ્યગ્ જ્ઞાન દર્શન ચારિત્ર છે અને તેની યથાર્થ આરાધના કરી આત્મસ્વરુપની પૂર્ણતા મેળવવી તે જ મોક્ષઃ.

નિર્વેદ આવ્યા પછી જ સંવેગ આવે.

નિર્વેદ એટલે : સંસારમાં મનાએલા મહાસુખના સાધનો ઉપર

નફરત સર્વથા હેયપણું અટલ વૈરાગ્ય તે.

અતિ કુત્સિત એવા સંસારમાંથી નીકળવા માટે નું મુખ્ય દ્વાર પરમ વૈરાગ્ય રુપ અંતરનો આત્માનો સુવિશુદ્ધ પરિણામ. તે નિર્વેદ. ઓછા વત્તા પ્રમાણમાં પણ નિર્વેદ ન હોય તો સંવેગ જલદી ન જ આવે. નિર્વેદ એ સાધન (કારણ) છે. જ્યારે સંવેગ એ કાર્ય છે. સાધ્ય છે.

સમગ્ર વિશ્વના ભાવોનું તેજ પ્રમાણેના અસ્તિત્વનું શ્રી સર્વજ્ઞોદિત હોવાથી નિશ્ચિત સુદૃઢપણે ચિંતન હોય, એમાં જે જે વસ્તુ બરાબર ન સમજી શકાય તે આપણી બુદ્ધિની ખામી (મંદતા) છે. પરંતુ શ્રી અરિહંત દેવે ફરમાવેલી વસ્તુ ત્રણ કાળમાં કદી અસત્ય ન જ હોય આવો અફર નિર્ણય થઈ જાય, તેનું નામ અસ્તિક્ય.

સમ્યકત્વનું આ એક લક્ષણ પણ જો પ્રગટ પણે આવે તો બાકીના ચાર તેમાં સમાયેલા હોય છે. એક મહાલક્ષણ આસ્તિકય આવે તો અનુકંપાદી ચાર પશ્ચાનુપૂર્વી પણે તેમાં સાથે જ આવે.

મોહના ઉપશમના ઘરની એટલે મોહનો ઉપશમ થવા પછી જે અનુકંપા (દયા) આવે તે સમ્યગદર્શન ના ઘરની છે. તેના લક્ષણ સ્વરુપ છે.

પરંતુ કોઈ ભારે કર્મી માંસાહારી જીવ પણ જો ભારતભુમિ માં જન્મ્યો હોય તો તે પવિત્ર ભૂમિ ના પ્રભાવે તે કોઈપણ દુઃખીને જુએ અને તેને દુઃખ થાય (હમદર્દિતા આવે) તો તે દયા અનુકંપા સમ્યગદર્શનનાં લક્ષણ રુપ નથી પરંતુ પવિત્રભૂમિ ના પરમાણુની અદ્‌ભુત અસર ના કારણે ઓઘદ્રષ્ટિની લૌકિક દ્રષ્ટિની છે. **આધ્યાત્મિક નથી**. પરંતુ કોઈ પવિત્ર જ્ઞાની પુરુષ તેને વ્યવસ્થિત તત્વ સમજાવે તો તેજ અનુકંપા સમ્યકત્વના લક્ષણમાં ફેરવાઈ જાય ખરી. સમ્યકત્વના શમસંવેગાદિ પાંચેય લક્ષણો પ્રધાન કક્ષાના જ છે. તેમાંથી કોઈ એકને પ્રાધાન્ય આપી અન્યને ગૌણ બનાવી

શકાય નહીં.

**સમ્યકત્વના ઘરની અનુકંપા આત્મામાં હોય તો સંવેગ નિર્વેદ ન** હોય એવું બને નહીં. ઉપશમ સમ્યકત્વ અને ક્ષાયિક સમ્યકત્વ બન્નેની ઉપયોગ વિશુદ્ધિ સામાન્યરીતે એક સરખી હોય. જ્યારે ક્ષયોપશમની વિશુદ્ધિ એક સરખી ન હોય.

અમુક યોગ્ય નિમિત્ત મળતા તે ક્ષયોપશમ હોય અને અમુક વિરુદ્ધ નિમિત્ત મળતાં તે હાજર નપણ હોય. પરંતુ ક્ષયોપશમની ઘણી સારી નિર્મળતા હોય અને જો તે સમયે આયુષ્ય બંધાય તો દેવલોકનું બંધાય અને દેવલોકમાં જઈને પણ સમ્યકત્વને લાંબો સમય ટકાવી રાખે તથા તે દેવ ત્યાં તથા માનવલોકમાં આવી ને સુંદર શાસન પ્રભાવના કરે.

જેનો ભૂતકાળ ઘણો વધુ પડતો બગડ્યો હોય, તેને સુધરતા વધુ વાર લાગે, પાંચમી નારકી માંથી નિકળેલો જીવ મનુષ્યભવ, શ્રી જીનપ્રવચન (જીનશાસન) શ્રીજીનવાણી શ્રવણ સમ્યગદર્શન દેશવિરતિ યાવત્ સર્વવિરતિ સુધી પણ પહોંચી શકે, પણ તુરત મોક્ષે ન જઈ શકે. કારણ તે પૂર્વે બાંધેલા કર્મોની અસર ઘણી ટકે છે. યોગના અશુભપણા કરતાં ઉપયોગનું અશુદ્ધપણું ઘણું બધુ નુકશાન કારક નિવડે છે. મોક્ષનું અનન્ય કારણ જો કોઈ હોય તો તે ઉપયોગની શ્રેષ્ઠ શુદ્ધિ છે. ઉપયોગની શુદ્ધિ એજ ભાવ ધર્મ એજ સમ્યગ્દર્શન. ધર્મપુરુષાર્થની પ્રગટપણે યથાર્થ શરુઆત, સમ્યગદર્શન ની પ્રાપ્તિ પછી જ છે. તેની પુર્વે ઓઘ- મિત્રા-તારા-બલા- દીપ્રા- દ્રષ્ટિમાં અપ્રગટ પણે ધર્મપુરુષાર્થ છે. ચોથા અને પાંચમાં ગુણસ્થાનકમાં ધર્મપુરુષાર્થની સાથે અર્થ અને કામ પુરુષાર્થ ૧૫ આની જેટલો બેઠો છે. જ્યારે છઠ્ઠામાં ચારિત્ર્ય ગ્રહણ કરતી વખતે અર્થ અને કામનો ત્યાગ છે છતાંય પ્રબળ નિમિત્ત મળતાં અર્થ અને કામ વિશે માનસિક સંકલ્પ વિકલ્પો આવે., અને એ સંકલ્પ વિકલ્પો ને કારણે અતિક્રમ વ્યતિક્રમ અને આગળ વધતાં

તેની પ્રવૃત્તિ જો શરુ થાય તો અનાચાર વ્રતભંગ લાગે. જો નિરતિચાર ચારિત્રનું પાલન થતું હોય અને સાથે શુભયોગોનું પ્રવર્તન હોય ત્યારે આયુષ્યનો બંધ ન જ પડે. ઉપયોગની બરાબર શુદ્ધિ એટલે જ મોક્ષ પુરુષાર્થ.

સાતમા ગુણસ્થાને અપ્રમત્તભાવ વડે ઉપયોગની ઉત્તમ શુદ્ધિના કારણે મોક્ષપુરુષાર્થ. અને છઠ્ઠે જ્યારે અતિક્રમાદિ ત્રણ આવે ત્યારે પણ જો આયુષ્યનો બંધ પડે પરંતુ ધર્મપુરુષાર્થ સતત સાથે હોવાથી સર્વાર્થસિદ્ધ વિમાનનું આયુષ્ય પણ બાંધી શકે.

અનંત કાળથી ચાલતા અવળા ચક્ર ને સવળું કરતાં છઠ્ઠા ગુણસ્થાનકમાં પ્રબળ પ્રયત્ન છતાં, તે પૂર્વના અભ્યાસ ને કારણે નિમિત્ત મળતાં ચક્ર અવળું ફરે છે. જ્યારે ૭મે તેની અવળાઈ દૂર થઈ જાય છે.

ક્ષાયિક સમકિતિ તેજ ભવે મોક્ષે જાય. પરંતુ સમ્યકત્વ પામતા પહેલાં જો આયુષ્ય બાંધી લીધું હોય તો ત્રીજે કે ચોથે ભવે મોક્ષે જાય. કોઈ વ્યક્તિ વિશેષને પાંચ ભવપણ થાય જેમ શ્રી કૃષ્ણ અને શ્રી દુપ્પસહસૂરિજી મ.

પર્વતની નદીમાં પાણીના વહેણ વડે આમતેમ અથડાતો કુટાતો પથ્થર જેમ સ્વાભાવિકપણે ગોળ બની જાય., તેમ સંસાર ચક્રમાં ભમતા દુ:ખોને ભોગવતા અકામનિર્જરા દ્વારા ભોગવતા ક્રમે કરી આયુષ્યસિવાયની સાતેય કર્મની સ્થિતિ જીવ અન્ત: કોડાકોડીની કરી નાંખે તે યથા પ્રવૃત્તિકરણ. **ગ્રંથીની નજીકઆવવું તે. પછી અપૂર્વ અને અનિવૃતિકરણ કરી આમ સ્વાભાવિક રીતે સમ્યગદર્શન પામવું તે નિસર્ગ કારણ સમ્યકત્વ પામવાનું અને જીનપડીમા પ્રવચન શ્રવણ આદિના નિમિત્ત ધ્વારા પમાય તે અધિગમકારણ કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી બે પ્રકારના સમ્યગદર્શન કહેવાય.** દર્શનમોહનીયનીની ૭૦ કોડાકોડીની ચારિત્ર

મોહની ૪૦ કોડાકોડીની સ્થિતિ કહી છે.

**પ્રશ્ન :** **જ્ઞાનાવરણીય- દર્શનાવરણીય વેદનીય ને અંતરાયની ૩૦ કોડા કોડીની જ સ્થિતિ કેમ. વધુ કેમ નહિં ?**

જવાબ : મોહ એ કર્મબંધનું મુખ્ય કારણ છે. મોહનીયને કારણે મોહનીય બંધાય છે. એટલે તે અનંતરકારણ છે. જ્યારે જ્ઞાનાવરણને કારણે જ્ઞાનાવરણ બંધાતું નથી મોહનીયના કારણે બંધાયછે. એટલે પરંપરા કારણ છે. અનંતર નથી.

સ્થિતિની સાથે રસનો સંબંધ છે. સ્થિતિ ઘટે એટલે રસ ઘટેજ. અનંતકાળથી જે અપૂર્વ કોટીનો વીર્યોલ્લાસ નથી આવ્યો તે અધ્યવસાય ગ્રંથી ભેદ માટે આવે તેનું નામ અપૂર્વકરણ. તેનો અંતર મુહુર્તનો કાળ. જે ગ્રંથી ભેદાવાનો કાળ તે અપૂર્વકરણ અને હજુ સમ્યકત્વ પામ્યો નથી પણ હવે નક્કી જ પામવાનો છે. તે પામવા પૂર્વેની અવસ્થા તે અનિવૃતિકરણ.

જેમ ત્રણ મુસાફર એક ગામેથી નિકળ્યા અને ચાલતા ચાલતા ભયંકર જંગલમાં આવ્યા. તેમને બીજે ગામ જવું છે, જંગલમાં સૂર્યઅસ્ત થઈ ગયો સામે બે ખુંખાર ચોર મળ્યા. ચોરને જોતાંજ ત્રણમાંથી એક જયાંથી નિકળ્યો હતો ત્યાં પાછો વળી ગયો. બીજો હતો તેને ચોરે પકડયો. ત્રીજો ચોર સાથે જોરથી લડયો ચોરને ભગાડી દીધા. અને સામે પાર આવેલા ગામે ગયો.

ઉપનય : ત્રણ મુસાફર તે ત્રણ જીવ. દીર્ઘ-અટવી-તે સ્થિતિ સ્થાન (ભયસ્થાન) રાગદ્વેષની ભયંકર ગાંઠ તે રાગદ્વેષ આ બે ચોર.

ત્રણ મુસાફરરુપ જીવમાંથી પહેલો એક જ કરણ પછી પાછો હઠી ગયો ચોરને જોઈ. બીજો ગ્રંથીભેદ નજીક રહ્યો પણ તેને તોડી ના શક્યો. પકડાઈ ગયો. ત્રીજો ખૂબ પાવરફુલ બળવાન હોવાથી ગ્રંથીતોડી અને રાગદ્વેષરુપ ચોરોને જીતી સમ્યકત્વ પામી ગયો.

પહેલો યથા પ્રવૃતિ કરણ નથી કરી શક્યો, બીજો અપૂર્વકરણ નથી કરી શક્યો. જ્યારે ત્રીજો અપૂર્વ અનિવૃત્તિ કરી સમ્યકત્વ પામી ગયો.

**પ્રશ્ન અનાદિમિથ્યાદ્રષ્ટિ જીવ સીધે સીધું ક્ષયોપશમ કેવી રીતે પામે ?**

ગ્રંથીભેદ કર્યા પછી કોઈ જીવ વિશેષ ને, જે સીધો ક્ષયોપશમ **સમ્યકત્વ પામે છે**, તેને એવી વિશુદ્ધિ આવે કે હજી મિથ્યાત્વનો ઉદય હોવા છતાં મિથ્યાત્વની જે સંલગ્ન સ્થિતિ હતી તે સ્થિતિ ને તોડી નાંખે. અને અનિવૃત્તિ કરણમાંજ રહ્યો થકો ત્રિપુંજી કરણ કરી નાખે. અને અનિવૃત્તિકરણ ના છેલ્લા સમય સુધી જે મિથ્યાત્વના દલિકો ઉદયમાં આવ્યા છે તેને ક્ષીણ કરી નાખે. હવે અનિવૃત્તિનો કાળ પુરો થયો એટલે મિથ્યાત્વના ઉદયને અટકાવ્યો. અને અનંત ગુણ વિશુદ્ધિ ના જોર વડે સીધે સીધો શુદ્ધ પુંજનો ઉદય શરુ કર્યો. અનાદિ મિથ્યાદ્રષ્ટિ સીધો ઉપશમને પામે એ ધોરી માર્ગ, પણજો તે સીધો ક્ષયોપશમ ને પામે તો ઉપશમ ને ક્ષયોપશમ બન્ને માંથી વિશુદ્ધિ તો ક્ષયોપશમવાળા ને જ વધુ હોય.

જે મિથ્યાત્વ હજુ ભોગવવાનું બાકી છે, તેને ઉપશાન્ત કરી નાખ્યું છે. સર્વઘાતી રસવાળા મિથ્યાત્વના દલિકોનો ઉદય અટકાવી દેશઘાતી રસવાળા સમ્યકત્વ ના દલિકોનો ઉદય શરુ થયો. તેનું નામ ક્ષયોપશમ સમ્યગ્દર્શન. અહીં ઉઘાડ અને ઉદય બન્ને છે. જેમ અત્યારે મતિ શ્રુત અવધિ મનઃપર્યાય કેવલ- એ પાંચેય જ્ઞાનાવરણીય નો ઉદય ચાલું જ છે. છતાંય, ઉઘાડ તો મતિને શ્રુત બે નોજ છે. કારણ કે તે બન્ને ના દેશઘાતી રસ વાળાજ રસસ્પર્ધકો હોય છે. જ્યારે બાકીના અવધિ અદિ ત્રણના સર્વઘાતી રસવાળા રસસ્પર્ધકો હોવાથી ઉઘાડ નથી. તેથી મતિશ્રુત ક્ષયોપશમભાવનું છે. એક સ્થાનિક રસવાળા સ્પર્ધકો એકાન્તે દેશઘાતીજ હોય છે જ્યારે બેસ્થાનિકરસના ઉદયવાળા ત્રિસ્થાનિક તરફના સર્વઘાતી

અને એકસ્થાનિક તરફના દેશઘાતી રસવાળા હોય છે. મોહનીયના રસોદયની અસર, જ્ઞાનાવરણીય કર્મના ઉપર થાય છે. અને તેને કારણે જ જ્ઞાનની વિશુદ્ધિ અવિશુદ્ધિ રહેલી છે.

૧૨ માં ગુણ સ્થાને વર્તતા જીવનેજ્ઞાનના પર્યાય ઓછાવત્તા હોય પણ દરેકની વિશુદ્ધિ એકજ સરખી સમાન હોય. ૧૦ મે ગુણ સ્થાને વર્તતા માષતુષમુનિના જ્ઞાન પર્યાય ઓછા છે. જ્યારે ૬ઠ્ઠે વર્તતા શ્રુતકેવળીના જ્ઞાનપર્યાય વધુ છે. પરંતુ અંતરંગ વિશુદ્ધિ માષતુષની વધી જાય છે. કારણ એક અન્તર્મુહુર્ત માં કેવળ જ્ઞાન પ્રાપ્ત કરવાના છે. ઓછું જાણે તેમાં વાંધો નહીં, પણ જે જાણે તેમાં ઉત્તમનિર્મળતા હોવી જોઈએ. વિશુદ્ધિ એટલે મોહનીયનો ક્ષય ઉપશમ કે ક્ષયોપશમ પણ એની સાથે જ્ઞાન પર્યાય વધવો જ જોઈએ એવું નથી. જ્ઞાન પર્યાય માં શુદ્ધિ જ જોઈએ. કોઈ વધુ જ્ઞાન પર્યાય દ્વારા પણ કેવળ જ્ઞાન પામે. જ્યારે કોઈ તપોબળ પરમચારિત્ર કે વિનયાદિ ઉત્તમ ગુણો વડે વિશુદ્ધિના જોરે પણ કેવળ જ્ઞાન પામે. કેવળ જ્ઞાનનું કારણ અંતરંગ વિશુદ્ધિ છે. જ્ઞાનપર્યાયનું પ્રમાણનું ઓછાવત્તા પણું નથી. ભૂતકાળથી ચાલું રહેલો પુરુષાર્થ કામ કરી જાય. ૧૨ માં ગુણસ્થાનકમાં છેલ્લા સમયે કોઈ પણ કારણે (જ્ઞાન તપ- વિનયાદિ) કારણો વિશુદ્ધિ પ્રાપ્ત કર્યા પછી બધાય સમાન થઈ જાય.

**ઈમ્પોર્ટન** - (શાસ્ત્રાભ્યાસ પછી પણ લોકેષણામાંથી બચવું અતિ કઠીન છે) લોકોની પ્રંશંસાને (અનુમોદનને) જીરવવી ખૂબ જ અઘરી છે.

ગુણ પેદા થવો કઠણ છે. છતાંય, તેને જાળવી રાખવો અત્યંત કઠીન છે. જેટલી લોકેષણા ઓછી તેટલું ગુણનું પાચન વધારે અને તેથી જ પરિણામ વધુ. અનિવૃત્તિકરણના અધ્યવસાયસ્થાનની ત્રણેય કાળની જીવો ની વિશુદ્ધિ સમાન (એકસરખી) છે.જેટલા અનિવૃત્તિના સમય છે. તેટલાજ અધ્યવસાય સ્થાન છે.

**જ્યારે અપૂર્વકરણના પ્રથમ સમયે પણ, અસંખ્ય લોકાકાશના આકાશ પ્રદેશ જેટલા અધ્યવસાય સ્થાન છે.** ઉપશમ સમ્યકત્વ અને ક્ષયોપશમસમ્યકત્વવાળા દરેકજીવને અનિવૃત્તિકરણના પ્રથમ સમયથી વિશુદ્ધિ એકસરખી હોય. કારણ અધ્યવસાય સ્થાન એક સમાન છે. પણ ક્ષયોપશમ વાળો જીવ અપૂર્વકરણમાંજ ગ્રંથી ભેદ કરીને ત્યાંને ત્યાંજ ત્રિપુંજીકરણપ્રબળવિશુદ્ધિ ના જોરે કરી નાંખે અને પછી અનિવૃત્તિકરણમાં આવે ત્યારે પહેલાં કરતાં અનંત ગુણી વિશુદ્ધિના કારણે ઉદીત મિથ્યાત્વનો ક્ષય કરી અનુદિત મિથ્યાત્વનો ઉદય અટકાવે છે. અને શુદ્ધપુંજના ઉદયની શરુઆત થાય.

(આ શુદ્ધ પુંજનો દેશઘાતી રસસ્પર્ધકોનો ભોગવટો તેનું નામ ક્ષયોપશમ સમ્યગદર્શન) ક્ષયોપશમ સમ્યગદ્રષ્ટિ વૈમાનિક નિકાય કે મનુષ્યનું આયુષ્ય બાંધે. ક્ષાયિક સમ્યગદ્રષ્ટિનો જો આયુષ્યનો બંધ ન થયો હોય તો તે જ ભવે મોક્ષે જાય અને જો આયુષ્યનો બંધ થઈ ગયો હોય અર્થાત (દેવ કે નરકનું) બંધાયુ હોય તો ચોથે ભવે નિયમા ક્વચિત્ પાંચમેં મોક્ષે જાય.

ઉપશમવાળો આયુષ્ય બાંધે નહીં, પરંતુ જેણે યુગલિક મનુષ્ય કે તિર્યંચનું આયુષ્ય બાંધ્યું હોય તે, ૬ પલ્યોપમ અધિક પૂર્વ કોડ વર્ષ પછી મોક્ષે જાય. યુગલિક નું ૩ પલ્યોપમ અને પછી દેવભવનું ૩ પલ્યોપમથી અધિક આયુષ્ય ન બાંધે.

**ઈમ્પોર્ટન્ટ** અનંતાકાળથી ભાવ પ્રાણ વડે મરેલા જીવને, સજીવન કરવાનો અસાધારણ ઉપકાર શ્રી તીર્થંકર દેવનો જ છે, આથી જ શ્રી ભગવંતના વચનો ઉપર શ્રદ્ધા રુચિ અને ત્યાર બાદ અમલ કરવો જોઈએ. શ્રી તિર્થંકર દેવનીભક્તિમાં તન મન ને ધન ન્યોછાવર કરવાં જોઈએ. જેમકે શ્રી કુમારપાલ- વસ્તુપાલ-શ્રીપાલ વગેરે. શ્રી જૈનશાસન જયવંતુ છે, અને મોક્ષનું અસાધારણ કારણ પણ તેજ છે. માટે જ તેને સર્વમંગલમાં શ્રેષ્ઠતમ મંગળ સર્વના કલ્યાણનું અનન્ય કારણ,

શમન કરનાર નાશ કરનાર છે, પરમમંગલમય શ્રી જૈન શાસનનાં પ્રવર્તક, આત્મઅમૃતની પરબો માંડનાર અને, સતત અમૃતના પાન કરાવનાર, અને અનંત જન્મોના મિથ્યાત્વાદિ કાતિલ ઝેરની અસર ધીમે ધીમે સર્વથા નાબૂત કરનાર પણ એજ છે. એટલે શ્રી તીર્થંકરપ્રભુ જ છે. માટે જ તેઓની અખંડ અને અનન્યભક્તિ તથા તેમનું જ શાસન ટકાવી રાખનાર સાધુભગવંતો અને શ્રી ધર્મતીર્થ રુપ ભાવતીર્થરુપ દ્વાદશાંગીને મહાન પ્રયત્ને ટકાવી રાખનાર શ્રી સંઘની પણ સમર્પિત ભાવપૂર્વક ભક્તિ કરવી જોઈએ.

સમ્યગ્ દર્શનની સન્મુખ હોવાના એ લક્ષણો છે. પોતે અવિરતિ વાળો છતાંય વિરતિવંત વિરતિધર્મના પાલક પોષક એવા શ્રમણપ્રધાન શ્રી ચતુર્વિધિસંઘની વધુને વધુ ખડે પગે ભક્તિ કરે. અહીં ચતુર્થ ગુણસ્થાનક પૂર્ણ થયું.

## પાંચમું દેશવિરતિ ગુણસ્થાનક.

અત્યારસુધી ચાર ગુણ સ્થાનક સુધી વિચાર શુદ્ધિ હતી. હવે પાંચમાંથી વર્તન શુદ્ધિ શરુ થાય છે. જ્યાં સમ્યગદર્શન પ્રાપ્ત થયું એટલે વૈરાગ્ય આવવો જોઈએ જ. કેમકે સંવેગાદિ લક્ષણોને કારણે વિચારમાં તો વૈરાગ્ય છે જ. રાગમાં જીવનની સફળતા માને તે મિથ્યાત્વી, અને વિરાગ એટલે રાગ ને ખોટો ખરાબ માને તેમજ વૈરાગ્ય એટલે રાગને લાત મારે. વિચારમાં વૈરાગ્ય ન આવે તો ચોથું ગુણ સ્થાનક જ ન કહેવાય.

જ્યાં જ્યાં વિરતિ છે. ત્યાં ત્યાં વૈરાગ્ય છે, પણ જ્યાં વૈરાગ્ય હોય. ત્યાંવિરતિ હોય અથવા ન પણ હોય કારણ કે તે વૈરાગ્ય ને અમલમાં મુકવામાં અપ્રત્યાખ્યાની આદિકષાયો આડા આવે છે. પ્રત્યાખ્યાની કષાય જ્યાં સુધી ઉદયમાં હોય ત્યાં સુધી સર્વઘાતી રસના કારણે સર્વ વિરતિ પ્રાપ્ત થવા ન દે.

પ્રશ્ન : **અપ્રત્યાખ્યાની કષાય પણ સર્વઘાતી હોવાથી દેશવિરતિ ન આવવા દે. જ્યારે સંજ્વલન કષાય દેશઘાતી હોવાથી વીતરાગ દશા**

**પ્રાપ્ત થવા ન દે. અપ્રત્યાખ્યાની પ્રત્યાખ્યાની સર્વઘાતી હોવાથી સર્વ દેશવિરતિ પ્રાપ્ત થવા ન દે પરંતું સંજ્વલનવીતરાગતાને અટકાવે છે. છતાંય દેશઘાતી કેમ ?**

**જવાબ:** ચારિત્ર નું કનેકશન વર્તનના પાપો સાથે છે. તેથી તે દ્રવ્ય પાપોના ત્રિવિધે પચ્ચકખાણ કરે છે. અને દ્રવ્ય પાપો સાથે ભાવપાપના પચ્ચકખાણ ન હોવા છતાંય બરાબર પાળે છે, તેથી તેને દેશઘાતી કહ્યો છે. અપ્રત્યાખ્યાનીને પ્રત્યાખ્યાની બન્ને સર્વઘાતીના કારણે અંશથી પણ ગુણ પ્રગટ થવા દેતા નથી. તેથી તે સર્વઘાતી છે. સંજ્વલન પૂર્ણતા ને પ્રગટ થવા ન દે. છતાં તેના સામાયિક આદિ અંશો ઉઘાડા છે, વળી પ્રત્યાખ્યાની કષાય વીર્યમાં પણ બાધક છે.

પ્રત્યાખ્યાનીમાં વધુ પડતી તીવ્રતા તે જઘન્ય દેશવિરતિ પ્રત્યાખ્યાની ના ઉદયમાં મધ્યમ કોટીની તીવ્રતા તે મધ્યમ દેશવિરતિ લાવે. અને તે પ્રત્યાખ્યાનીની અત્યંત મંદતા તે ઉત્કૃષ્ટ કોટિની દેશવિરતિ પમાડે.

કોઈપણ વ્યક્તિ માંસ મદિરાનું ભોજન કરતો હોય તો પણ તે, સમ્યગદ્રષ્ટિ હોઈ શકે, પણ દેશવિરતિ ન હોઈ શકે. કોઈ વ્યક્તિ સામાયિક રાત્રિભોજન ત્યાગાદિ કરતો હોય છતાંય, પ્રાણાતિપાતાદિકના પચ્ચકખાણ ન હોય તો તેને દેશવિરતિ ન કહેવાય.

ઈરાદાપુર્વક ત્રસજીવોની હિંસા ન કરવી, તેના પચ્ચકખાણ હોય મદ્યમાંસાદિનો ત્યાગ, નમસ્કાર મહામંત્રનું નિરંતર સ્મરણ, તેને જઘન્ય થી દેશવિરતિ ગણાય.

**પ્રશ્ન : નમસ્કાર મહામંત્રના સ્મરણને દેશવિરતિ કેમ કહી ?**

**જવાબ :** ચોથા ગુણસ્થાનક કરતાં દેશવિરતિ ગુણસ્થાનક માં નિયમપૂર્વક

દેવગુર્વાદિકનું સ્મરણ કરવારુપ પ્રવૃત્તિ છે માટે.

મધ્યમ દેશવિરતિ માં બારવ્રતાદિ છે, તેમાં માર્ગાનું સારીના ૩૫ ગુણો કે, અક્ષુદ્રાદિ ૨૧ ગુણો હોવા જરુરી છે. ચોથા ગુણસ્થાનકમાં વિચાર શુદ્ધિ માં આ ગુણો છે. તો પણ પાંચમાંગુણસ્થાનકમાં આચાર શુદ્ધિમાં પણ , આગુણો હોવા જરુરી છે, આજ ગુણો વાળા ધર્મને માટે યોગ્ય છે.

સમ્યગ દર્શન જ્ઞાન ચારિત્ર ત્રણેય મળી ને મોક્ષ માર્ગ બને છે. માર્ગાનુ સારી પણાના ૩૫ ગુણો, એ મોક્ષ માર્ગને અનુસરવાવાળા છે. તેગુણો સમ્યગદર્શન પ્રાપ્ત કરાવવામાં, ટકાવવામાં ખાસ ઉપયોગી છે. તેથી સમ્યગદર્શન પામતા પહેલા આ ગુણો આવવા જોઈએ જ.

પરંતુ કોઈ જીવ વિશેષની અપેક્ષાએ જો આ ગુણોવિના સમ્યગદર્શન પ્રાપ્ત કરે તો પણ તે ટકે જ નહી.

કારણ ભૂમિકા અનુકુલ નથી. જઘન્ય વિરતિ માં આ ગુણો હોય, એવો નિયમ નથી. એટલે હોય કે ન પણ હોય. ગૃહસ્થને ઉચિત દેવપૂજા- ગુરુપાસ્તિ- સ્વાધ્યાય સંયમ તપ- દાન-આદિ ૬ આવશ્યક કર્મો, સદાચારી પણું તેમજ ૧૨ વ્રતો આ સર્વ ગુણો વાળો શ્રાવક તે મધ્યમ દેશવિરતિ, અને ઉત્કૃષ્ટ દેશવિરતિવંત શ્રાવક, સચિત્ત આહારત્યાગ, નિરંતર એકાસણું. નિર્મળ બ્રહ્મચર્યનું પાલન- મહાવ્રત ગ્રહણની તીવ્ર ઈચ્છા- ગૃહસ્થ ધર્મના વ્યાપારનો ત્યાગ- તે ત્રણ રીતે- ૧) પ્રતિસેવનાનુમતિ - વ્યાપારાદિ પોતે કરતો નથી પણ પુત્રો નોકરો પાસે કરાવે. સાંભળે સલાહ આપે. ૨) પ્રતિશ્રવણાનુમતિ- પોતે વ્યાપાર કરે નહીં. પુત્રાદિક કહે ને સાંભળે ખરો પણ કશી સલાહ પણ ન આપે. ૩) સંવાસાનુમતિ - વ્યાપાર કરે નહીં. પુત્રાદિક ની વાત સાંભળે પણ નહીં. તો સલાહ ક્યાંથી આપે ? આ સર્વોત્કૃષ્ટ દેશવિરતિ છે, કે જેની પાછળ સર્વવિરતિ

બેઠી જ છે. દેશવિરતિમાં પણ અસંખ્ય લોકાકાશના આકાશ પ્રદેશો જેટલી તરતમતા છે. એટલે દેશવિરતિ ના પણ અધ્યવસાય સ્થાનો અસંખ્ય છે. આ દેશવિરતિમાં આચારની નિર્મળતાનો આધાર વિચારની નિર્મળતા ઉપર છે. અને વિચારની નિર્મળતાનો આધાર કષાયોની મંદતા- મંદતરતા આદિ ઉપર છે. સર્વજઘન્ય દેશવિરતિ અને સર્વોત્કૃષ્ટ દેશવિરતિ ના બંનેના સંયમ સ્થાનક એકજ છે. તે સિવાય મધ્યમ ના અસંખ્ય પ્રકારો છે.

જઘન્યમાં - જઘન્ય મધ્યમ- ઉત્કૃષ્ટ (૩) એવી રીતે મધ્યમમાં જઘન્ય મધ્યમ-ઉત્કૃષ્ટ ૩) ઉત્કૃષ્ટમાં.૩) કુલ નવ ભાગ છે. સર્વ જઘન્યથી સર્વોત્કૃષ્ટ અધ્યવસાય સ્થાનો વારા ફરતી બદલાયા કરે.

આ રીતે દેશે ઉણા પૂર્વક્રોડ વર્ષ સુધી ઉત્કૃષ્ટથી આ ગુણ સ્થાનક રહે છે, ૧૩ માં ગુણ સ્થાનક નો કાળ પણ દેશે ઉણાપૂર્વ ક્રોડ વર્ષનો છે.

૬-૭ ગુણસ્થાનકનો નથી કેમ કે તેનો સંકલિત કાળ દેશે ઉણા પૂર્વક્રોડ વર્ષનો હોઈ શકે, પરંતુ ૬- ૭માનોસ્વતંત્ર કાળ એટલો નથી.

**પ્રશ્ન : દેશવિરતિમાં ચાર ધ્યાન પૈકી કયા ધ્યાનો હોય ?**

**જવાબ :** ગુણસ્થાનકનો નિર્ણય અને ટકાવ અધ્યવસાય ની વિશુદ્ધિ ઉપર છે. તેમજ અધ્યવસાયની વિશુદ્ધિ, ધ્યાન ઉપર આધારિત છે.

જેને સર્વવિરતિની સ્પૃહા હોય, પણ ભવિતવ્યતા કે, પ્રત્યાખ્યાની કષાય આદિના ઉદયના કારણે ન ગ્રહણ કરી શકે, તેને પણ આર્ત રૌદ્ર ધ્યાન છે. જેમાં ઈસ્ટ પણું માન્યું હોય તેનો વિયોગ થાય, ત્યારે ચિત્તમાં આકુળતા આવે તે આર્તધ્યાન. અને તેની પાછળઉગ્રતા આવે ત્યારે રૌદ્ર ધ્યાન.

ગુણસ્થાનક તો દેશવિરતિ છે, એટલે અંશે આચાર તરફ ખેંચે પણ જેટલે અંશે અવિરતિ છે તેટલે અંશે આર્તરૌદ્ર આવે પણ તીવ્રતા ન આવે, માટે જ સમ્યગ્ દ્રષ્ટિ જીવ અન્તઃ કોડાકોડીથી વધુ બંધ ન કરે, અને નિર્ધ્વંસ પરિણામ આવે ત્યારે ચોથું ગુણસ્થાનક ટકે નહીં. નિયાણું અવશ્ય મિથ્યાત્વ ગુણસ્થાનક જ છે.

પ્રશ્ન : તો પછી એવંતિ સુકુમાળે નિયાણું કર્યું કહેવાય ?

જવાબ : ન કહેવાય- કારણ કે તેના વિચારમાં તો મોક્ષમાર્ગ જ સાચો છે. પરંતુ નલિની ગુલ્મવિમાન ના ખેંચાણ ને કારણે તેની ઈચ્છા છે અહીં આર્ત ધ્યાનછે. જ્યાં આર્ત છે ત્યાં રૌદ્ર આવે જ એવો નિયમ નથી. પરંતુ ઈષ્ટને મેળવવા ઉગ્રતા આવે તો જ રૌદ્ર ધ્યાન આવે. રૌદ્રના પાયામાં આર્ત હોય જ. રૌદ્ર ધ્યાન સીધેસીધું ન આવે આવ્યા પછી લાંબો સમય ટકે નહીં. નિયાણું કરનાર વ્યક્તિને ફળની સત્વરે જ ઈચ્છા થાયછે પરંતુ તેને મળતું નથી.

ચોથા ગુણસ્થાનકે આર્તરૌદ્ર હેય રુપે છતાં પાંચમા ની અપેક્ષાએ ચોથામાં આરંભ સમારંભાદિ હોવાથી તીવ્રતા છે. પાંચમામાં મંદતા છે. આર્તધ્યાનનાં ચાર પ્રકાર છે.૧ અનિષ્ટવસ્તુ સંયોગ ૨) ઈષ્ટ વસ્તુ-વિયોગ ૩) રોગાર્ત (રોગોની પીડાનું) અને ૪ થું નિદાન. ધર્મના બદલામાં સંસારની વસ્તુમાંગવી ઈચ્છવી, ધર્મના બદલા વિનાની ઈચ્છા હોય ત્યાં નિયાણું (નિદાન) નથી.

અનિષ્ટ સંયોગના કારણે ચિત્તમાં આકુળતા થાય છે. મોહના ઉદયની આધીનતાના કારણે પણ આકુળતા છે. ઈષ્ટ વિયોગથી પણ આકુળતા, રોગાર્તનો પ્રથમ પ્રકારના આર્તમાં સમાવેશ કર્યો છે. અને નિદાનાર્તનો બીજામાં સમાવેશ થતો હોવા છતાંય તેમાં આર્તની (પીડાની) તીવ્રતા હોવાના કારણે અલગ જુદો ભેદ ગણ્યો છે.

જીવને સર્વ કરતાં કાયાની માયા વધુ હોવાથી રોગના કારણે આર્તમાં પીડા ઘણી વધુ હોય છે. તેમજ છઠ્ઠે ગુણસ્થાને પહોંચેલા સાધુ સાધ્વીને બીજાનું આર્તનહોવા છતાં સ્વકાયાને માટે થોડા વત્તે અંશે પણ આર્તધ્યાન થાય છે.

તેવી રીતે નિદાનાર્ત ધ્યાન પૌદ્ગલિક સુખ વિશેના આર્તધ્યાનની તીવ્રતા નિયાણા સુધી પહોંચાડે છે. એક વખત પણ દુન્યવી સુખોનું તીવ્ર આર્તધ્યાન થવા પછી જ્યાં જાય ત્યાં તેની નજર એ બાબતમાં જ હોય છે. આર્તધ્યાનમાં તીવ્રતા આવે એટલે રૌદ્ર આવે. તે રૌદ્ર ધ્યાન પણ ચાર પ્રકારે ફરમાવ્યું છે.

**(૧) હિંસાનુ બંધિ. ૨) મૃષાનુબંધિ. ૩) સ્તેયાનુ બંધિ. ૪) સંરક્ષણાનુ બંધિ રૌદ્ર ધ્યાન)**

દેશવિરતિમાં વિરતિ કરતાંય અવિરતિનું પ્રમાણ વધારે છે, અને જે વિરતિ છે, તેપણ દ્વિવિધે ત્રિવિધે છે. પરંતુ ત્રિવિધે ત્રિવિધે નથી.

હિંસાનુબંધિ રૌદ્ર વચન અને કાયયોગથી નથી પરંતુ મનોયોગથી છે. પાપનું અનુમોદન બંધ નથી. આર્ત રૌદ્રમાં મનોયોગોની પ્રધાનતા છે. જઘન્યથી મધ્યમથી ને ઉત્કૃષ્ટથી ધ્યાન હોય. જેમ જેમ વિરતિનું પ્રમાણ વધે તેમતેમ આર્તઅને રૌદ્રનું પ્રમાણ ઘટે અને જેમ જેમ તેની મંદતા થાય તેમ તેમધર્મધ્યાન આવતું જાય. આકુળતા ઘટતી જાય તેમ તેમ નિરાકુળતા આવતી જાય અને નિરાકુળતા એટલેજ ધર્મધ્યાન.

જેટલા અંશે દેશવિરતિ એટલા અંશે સ્વભાવ રમણતા અને આર્ત એટલે પરભાવ રમણતા, સમ્યગ્ દર્શન પૂર્વક ની વિરતિના કારણે આર્ત રૌદ્રની મંદતા થાય છે. કારણ કે સમ્યગ્ દર્શનના કારણે શરીરાદિક ની મમતા ઘટે જ છે. સમ્યગ્ દર્શન વડે સમ્યગ નિર્ણય થયો છે કે સ્વકૃત કર્મોને જ ભોગવવાના છે.

દેશવિરતિનું પ્રમાણ વધતા જ ધર્મધ્યાનનું પણ પ્રમાણ વધે. એટલે જઘન્યથી મધ્યમ દેશવિરતિમાં આવે પણ ઉત્કૃષ્ટ ધર્મ ધ્યાન ન આવે .જો કોઈ દેશવિરતિ વાળાને

ઉત્કૃષ્ટ કોટિનું ધર્મધ્યાન આવે તો તેનો દ્રવ્યથી દેશ વિરતિ છે પણ ભાવથી સર્વ વિરતિ ગુણ સ્થાનક સ્પર્શ્યું છે. ભાવ સાધુ છે. ભાવ સાધુ પણું આવ્યા પછી તુર્ત ચારિત્ર ગ્રહણ કરે. જો તુર્ત ન કરે તો તે લાંબો સમય ટકે નહીં. ગતજન્મની આરાધના અને મોહની લઘુતાના કારણે ઈતર જન્મમાં પ્રવૃત્તિ ભલે ઓછી હશે તો પણ પરિણતિમાં ભાવથી તે ગુણસ્થાનક સ્પર્શ્યાવિના રહેશે નહીં. **વર્તમાનની** સંમુર્છિમક્રીયા (સમજણવગરની ક્રિયા) ભાવિમાંજો જ્ઞાન (ભાવ) લાવવાવાળી હશે તો તેને સમુર્છિમ ક્રિયા ન કહેવાય. અને એટલેજ એને અનઅનુષ્ઠાન પણ ન કહેવાય. પહેલા તો અનઅનુષ્ઠાન હોય છે.

અનંતકાળથી કરેલી અવળી ક્રિયા અવળો વ્યાપાર અવળો ચાકડો એ એક બે ભવની ક્રિયા થી સવળો નથી થતો આથી જ જે ત્રણ અનુષ્ઠાન હેય કહ્યા છે તે સાપેક્ષ ભાવે કહ્યા છે. બાકી પ્રથમ ઉપાદેય પણે પણ છે. આમ તો બધા અનુષ્ઠાનો હેય છે.ઉપાદાન અને ઔષધ યોગ્ય હોય તો અજવાળા પ્રગટે જ.

એકવાર જીવ આર્યસંસ્કૃતીના કોઈપણ આસ્તિક ધર્મ દર્શનમાં આવી જાય. પછી તે હિંસા જુઠ ચોરીઆદિને પાપ સમજશે. જીવાદિ તત્વોને ઉડાણથી ભલે નહીં સમજીશકે, પણ એ ધર્મમાં એકવાર આવેલો હોવાથી કોઈવાર પણ શુદ્ધ ધર્મને પામશે. સીધો જૈન દર્શન ને જ પામવો જોઈએ એવું નથી.

શુભ પ્રવૃત્તિ વહેલી મોડી શુભ પરિણતિને ખેંચી લાવે છે. વિષાનુષ્ઠાન અને ગરલાનુષ્ઠાન પણ છે તો ધર્માનુષ્ઠાન જ. તેમાંથી વિષ અને ગરલ તત્વને દુર કરવાં જ પરંતુ અનુષ્ઠાન ન છોડવું.

નિસર્ગ સમ્યગ્ દર્શન વાળા જીવ મોટે ભાગે તો, ક્ષપિતકર્માંશી જીવ હોય છે. અને અનાદિ પારિણામિક ભાવો થી બીજા જીવોની અપેક્ષાએ, મોહનીય કર્મની વધુ સ્થિતિ કે તીવ્ર રસ ન બંધાય. મોહનીયની લઘુતા વિના તેની શક્યતા નથી. પત્થર ઘડનાર વડે ઘડાઈને પણ ગોળથાય અને પુરના પાણી ના પ્રવાહ વડે અથડાઈ ઘસડાઈ ને કુદરતી રીતે પણ કાળક્રમે ગોળ થાય છે. સંસારમાં મોટા ભાગના જીવો ગુણિત કર્માંશી જોવા મળે છે.

વ્યવહારથી કોઈ જીવવિશેષ ને દેશવિરતિ ન હોય પણ તે ક્ષપિતકર્માંશી હોય. મોહનીયની લઘુતાના કારણે નિસર્ગ કરતાં અધિગમ સમ્યગદર્શન વાળા જીવો અસંખ્યાત હોય છે. ગૃહીલિંગ કે અન્યલિંગ કરતા, સ્વલિંગે મોક્ષે જનારા

અસંખ્યાતા.

છઠ્ઠું ગુણસ્થાનક જો ભાવથી સ્પર્શ્યું હોય અને તે વખતે જીવ શુભયોગમાં વર્તતો હોય ત્યારે જ તેને ઉત્કૃષ્ટ ધર્મધ્યાન આવે.,

**પ્રશ્ન : મધ્યમ ધર્મધ્યાન દેશવિરતિવંતને આવે કેવી રીતે ?**

જવાબ: શ્રાવકના હંમેશા કરવાના છ કર્તવ્યો બતાવ્યા છે.

देवपूजा गुरुपास्तिः स्वाध्यायः संयमस्तपः ।
दानंचेति गृहस्थानांषट्कर्माणि दिनेदिने ।।

જીવનમાં ઉપરના છ એ છ કર્તવ્યો હોવા જોઈએ. છતાંય. સૌપ્રથમ દેવપૂજાનું સ્થાન છે. કારણ સમ્યગ દર્શનની પ્રાપ્તિનું મુખ્ય કારણ શ્રી જીનપૂજા છે. શ્રી જીનવચનો તો જેની બુદ્ધિનો ક્ષયોપશમ છે તેને માટે અસાધારણ કારણ છે. પરંતું જેને બુદ્ધિનો ક્ષયોપશમ નથી તેને માટેતો શ્રી જીનપૂજાજ ઉત્તમ કારણ છે. જેવો દરદી તેવી દવા.

अभ्यर्चनादर्हतां मनःप्रसादः ततः समाधिश्च. ।
तस्मादपि निःश्रेयसमतो हि तत्पूजनं न्याय्यं ।।

ગૃહસ્થની મુખ્ય ક્રિયા શ્રી જીન પૂજાજ છે. બીજું કર્તવ્ય પવિત્ર સંત સમાગમ છે. ત્રીજું સ્વાધ્યાય છે. ચિંતન મનન નિદધ્યાસન પૂર્વક જે વાંચન થાય તે સ્વાધ્યાય. આ સ્વાધ્યાય ના કારણે સંયમ અને તેના દ્વારા જીવનમાં તપ આવ્યા વિના રહે નહીં અને છેલ્લે દાન કર્તવ્ય પણ આવે.

આષટ્કર્તવ્યો દ્વારા મધ્યમ ધર્મધ્યાન, દેશવિરતિ વાળાને આવે. ધર્મધ્યાનનો અધિકાર પાંચમા ગુણ સ્થાનકમાં શરુ થાય છે. ચોથામાં તેનો અધિકાર નથી.

**પ્રશ્ન : ધ્યાન મનોયોગનો વિષય છે. અને ચોથામાં વિચાર શુદ્ધિ તો છે જ તો પછી ત્યાં ધર્મધ્યાનનો અધિકાર કેમ નહી ?**

જવાબ: પ્રવૃત્તિવિના પરિણતિ આવતી નથી. તેથી ચોથામાં વિચારશુદ્ધિ હોવા છતાં. ત્યાં ધ્યાનનો અધિકાર નથી.

આધારવિના ધર્મધ્યાન શુક્લ ધ્યાન નથી. તિર્યંચ અને મનુષ્યને માટે દેશવિરતિવિના અવધિજ્ઞાન નથી.

શિવરાજઋષિને જે વિભંગ જ્ઞાન થયું, તેનું કારણ તે ઋષિ હતા. દેવને નારકીમાં ભવ પરત્વે, વિભંગકેઅવધિ જ્ઞાન હોય છે. મનુષ્ય તિર્યંચમાં ગુણપરત્વે વિભંગકેઅવધિ છે. આચાર પ્રવૃત્તિ એ સાધન છે તથા પરિણતિ વિચાર એ સાધ્ય કાર્ય છે પરિણતિ એજ ગુણસ્થાનક, પૂર્વનું ગુણસ્થાનક પછીના ગુણસ્થાનકનું કારણ છે. દેશ વિરતી ગુણસ્થાનકમાં અવિરતિનું પ્રમાણ છે છતાંય અવિરતિ તેને કાંટાની જેમ ખુંચે છે. રૌદ્રનો પાયો આર્ત છે. અને આર્તને દુર કરનાર ધર્મધ્યાન છે.

**પ્રશ્ન : ધર્મધ્યાન જીવનમાં આવે ક્યારે ?**

જવાબ: શ્રદ્ધાપૂર્વકની ધર્મપ્રવૃત્તિ આર્તધ્યાન ને હટાવે અને ધર્મધ્યાનને લાવે છે. દ્રવ્ય આરાધના પરભવમાં સાથે નથી આવતી પણ ભાવ આરાધના સાથે આવે છે. દ્રવ્યથી ભાવ આવે અને ભાવ દ્વારા મોહની મંદતા થાય, અને મોહની મંદતાથી સમ્યગ્દર્શનની નિર્મળતા થાય. ઉપાદાન યોગ્ય હશે, તો દ્રવ્ય દ્વારા ભાવ આવ્યા વિના નહિં રહે. શુભ યોગથી શુદ્ધોપયોગ આવે. હવે જો કોઈ જીવને દ્રવ્યથી ભાવ ન આવે, તો તે ભવ્ય ચરમાવર્તમાં આવેલો નથી. એમ સમજવું.

શ્રાવકના ષટ્ કર્મો, ૧૧ પડિમાંનું વહન, અને તેના દ્વારા મધ્યમ ધર્મધ્યાન શ્રાવકને આવે, અગીયાર પડિમાના નામો આ પ્રમાણે

છે. ૧) દર્શન પ્રતિમા ૨) વ્રતપડિમા ૩) સામાયિક પડિમા ૪) પૌષધ પડિમા ૫) કાયોત્સર્ગ પડિમા ૬) બ્રહ્મચર્ય પડિમા ૭) સચિત્ત ત્યાગ પ્રતિમા ૮) આરંભ વર્જ્ય પ્રતિમા ૯) દાસદાસી હુકમવર્જ પ્રતિમા ૧૦) ઉદ્દિષ્ટ આહાર ત્યાગ પ્રતિમા ૧૧) શ્રમણભૂત પડિમા.

શ્રી તિર્થંકર પ્રભુને ચોથા ગુણથી સિધું ૭ મું સ્પર્શે, શ્રી તીર્થંકરપ્રભુને ગૃહસ્થાપણામાં શ્રાવક ના ૧૨ વ્રતો ગ્રહણ કરવાની જરુર નથી. કારણ કે તેમની તૈયારી જ એવી છે. તેથી તેઓ સર્વવિરતિ ને લાવવામાં કારણભૂત એવા ૧૨ વ્રતો નિયમો ગ્રહણ કરતા નથી.

શ્રાવકના બાર વ્રત - ૧ સ્થુલથી પ્રાણાતિપાત વિરમણ વ્રત. ૨) મૃષાવાદ વિરમણ, પાંચ મોટા જુઠાણાનો પ્રતિબંધ હોવાથી એને બીજું જુઠું બોલવુંજ જોઈએ એવું નથી. આ કાળમાં ઢોર વગેરે રાખવા ની પ્રવૃત્તિ નથી. પણ કાળને કારણે જે પૂર્વાચાર્યોની વ્યાખ્યાઓ છે એ તે કાળને કારણે અનુસરેલી છે. તેમાં ફેરફાર કરી શકાય નહીં. અને તેથી જ બૃહત્સંગ્રહણી ક્ષેત્રસમાસાદી ભૂગોળ ખગોળના ગ્રંથોમાં છેલ્લે એવાત કહે છે કે આ બધું જ નિરુપણ મૌલિક પરિસ્થિતિને અનુલક્ષીને છે એટલે તે શાશ્વતિ ભૂગોળ ખગોળનું નિરુપણ છે.

અવસર્પિણી કાળનો પ્રભાવ દ્રવ્ય ક્ષેત્ર ભાવ પર પણ પડે છે. જેમ જંબૂદ્વિપ ભરતક્ષેત્ર પર પહેલાની અપેક્ષાએ અત્યારે સમુદ્રનું પાણી ફરી વળવાથી ક્ષેત્રનાનું થઈ ગયું હિમાલય પહેલાં નહોતો, ધરતીકંપના કારણે નદી પર્વતાદિના સ્થાનો પણ ફરી જાય છે. જો પરિવર્તમાન ભૂગોળ ખગોળનું નિરુપણ કરે, તો એ તો વારંવાર ફર્યા કરે. માટે ગંગા સિંધુ આદિ મહાનદિઓનું જે વર્ણન છે તે શ્રી આદીશ્વર પ્રભુના સમયનું સમજવું.

**પ્રશ્ન :** **તો પછી હાલના ગ્રંથોમાં પ્રભુમહાવીરના વખતના ક્ષેત્રાદીના**

**પ્રમાણનું નિરુપણ હોવું જોઈએને ?**

**જવાબ:** **પ્રભુ વીરે પણ મૂળ શાશ્વતી વાતો અને પ્રમાણોને જણાવ્યા છે.** ગંગા સિંધુ વગેરેનું વર્ણન પણ પ્રભુવીરે પ્રભુ આદીશ્વરજીના સમયપ્રમાણે નું જ **કર્યુ છે.** જો એમ ન હોય તો ક્ષેત્ર સમાસ ગ્રંથના કર્તા તો **પૂ. આચાર્ય શ્રી રત્નશેખર સૂરીશ્વરજી** છે. તેઓ તો પ્રભુ **વીરથી ૧૫૦૦ વર્ષ** પછી થયા છે. આટલા કાળમાં તો બીજા અનેક પરિવર્તનો થયા હોય. એટલે પરિવર્તન પામતા ક્ષેત્રાદિનું વર્ણન ક્ષેત્રસમાસાદિમાં ન જ થઈ શકે. ગ્રંથોની વાતો વારંવાર ફેરવવી પડે તે બરાબર ઉચિત નથી.

માટે ગ્રંથોના વર્ણનો મૂળ પ્રમાણ ના જ વર્ણનો કરાયેલા હોય છે. કોઈપણ જીવ કોઈનો માર્યો મરતો નથી. પણ કોઈના મૃત્યુનું નિમિત્ત આપણે ન બનીએ. અથવા આપણા ચિત્તમાં હિંસાના પરિણામ ન આવે તે માટે હિંસાના પચ્ચકખાણ છે, મહાવ્રતમાં ત્રિવિધ ત્રિવિધ પચ્ચખાણ હોય અહિંસા એટલે હિંસા ન કરવી એમ કહેવા કરતાં સર્વ જીવ પ્રત્યે મૈત્રિભાવ ને નિર્વિકાર પ્રેમભાવ ને કેળવવો એ અર્થ છે. અભેદ ભાવ પેદા થાય પછી હિંસાના પરિણામ ન આવે. ભલે હિંસક ભાવ ન હોય પણ સાથે મૈત્રિભાવ પણ નહોય જયણા ઉપયોગ ન હોય અને કોઈ જીવનું મૃત્યું થઈ જાય તો તે હેતુ હિંસા છે. જ્યારે કોઈ ડોક્ટર કોઈ દરદીના રોગ દૂર કરવા ઓપરેશન કરે તે દરમ્યાન તેનું મૃત્યુ થઈ જાય. તો તે હેતુ હિંસા નથી સ્વરુપ હિંસા છે. મહાવ્રતમાં વ્રતનું પાલન દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવથી પૂર્ણપણે છે. જ્યારે ગૃહસ્થને પોતાને જરૂરી એવી ગૃહસ્થ લાયક ક્રિયા કરવી જ પડે છે. જો કોઈ શ્રાવક આખો દિવસ સામાયિક પૌષધ કર્યા કરે, પણ પોતાની જરુરી આજીવિકાનું સાધન પણ ઉભું ન કરે. અને બીજા ઉપર આધાર રાખી જીવન ચલાવે રાખે તે બરાબર નથી ઉચિત નથી. તેને હતવીર્ય કહ્યો છે. ધર્મપ્રવૃત્તીમાં તેને જેવો જોઈએ તે વીર્યોલ્લાસ ન આવે. ભક્તિવંત આત્મા સાધર્મિક ભક્તિ કરે, પણ સામે

સાધર્મિક તો એજ વિચારે. હું મારા પગભર ક્યારે થાઉં અને મારી સામગ્રી વડે ધર્મઆરાધના ક્યારે કરું. ભક્તિ કરનારે સાધર્મિક ભક્તિ અવશ્ય કરવી. કુમારપાળ મહારાજની જેમ ઉલ્લાસ થી કરવી. ભરત મહારાજા પરમાત્મા શ્રી આદીશ્વર પ્રભુ સપરિવાર જ્યાં બિરાજમાન હતા ત્યાં તેમને ગોચરી વહોરાવી સુપાત્રદાનનો લાભ લેવા રસોઈના ગાડાંભરી વ્યવસ્થિત પણે ત્યાં લઈ ગયા પરંતુ પ્રભુ એ કહ્યું આ રાજપિંડ મુનિઓને નહીં કલ્પે પહેલા અને છેલ્લા જીનેશ્વર દેવના શાસનના સાધુઓને અનેક કારણસર રાજાના ઘરની ગોચરી ખપતી નથી. આ સાંભળી ભરતદેવ વિચારે છે કે હું ચક્રવર્તિ અને તેથી મારા ઘરનું પાણીનું ટિપું પણ જો સુપાત્રદાનમાં ન વપરાતું હોય તો એવા રાજપદ કે ચક્રવર્તિ પદને ધિક્કાર છે. હું રાજા થયો તેના કારણે સુપાત્રદાનના મહાલાભથી વંચિત રહું. એ કારણે રાજાને અપાર વેદના અને ત્યાંજ મુર્છિત થયા. તેમને મન ચક્રવર્તિ પદ કરતાં મુનિભક્તિનું મહત્વ વધુ છે. સુપાત્રાદાનની ભક્તિની તેમના દિલમાં કેવી ને કેટલી મહત્તા હતી. ત્યાર બાદ ભગવાને કહ્યું કે દુઃખી થવાની જરુર નથી તારે જે લાભ સુપાત્રદાનનો મુનિઓને વહોરાવી મેળવવો છે એવા સુપાત્ર ઉત્તમ શ્રાવકો સાધર્મિક છે તેની ભક્તિ કર તેઓ શ્રમણો પાસક છે મુનિપણાના ઉમેદવાર છે. માટે તેમની ભક્તિ કરી તારે જે લાભ મેળવવો છે તે મળશે
તું તારા આત્માનું જરુર આત્મકલ્યાણ કરી શકીશ.

સર્વવિરતિનો જેને સંપૂર્ણ અભિલાષ છે તેનેજ દેશવિરતિ છે દેશવિરતિનું જેટલું પાલન વધુ તેટલી સર્વવિરતિ જલદી આવે. અણુવ્રતને ગ્રહણ કર્યા પછી મહાવ્રતે પહોંચવાની ઈચ્છા છે, અને તેને માટે અણુવ્રતનું રક્ષણ ગુણવૃદ્ધિ કરનાર છે. અને તેથી જ પાંચ અણુવ્રત પછી ત્રણ ગુણવ્રત છે. પ્રથમના પાંચ અણુવ્રતો એ મૂળ ગુણ છે બાકીના ૭ વ્રતો ઉત્તરગુણો છે. પહેલું ગુણ વ્રત દિશિપરીમાણ વ્રત. અણુવ્રતના પાલનમાં જેટલી ક્ષેત્રની મર્યાદા

વધુ તેટલું વ્રત પાલન વધુ.

પ્રશ્નઃ **કોઈ ક્ષેત્રની મર્યાદા વધુ રાખે, કોઈ ઓછી રાખે તો એમના પરિણામમાં શું તફાવત પડ્યો ?**

જવાબઃ અણુવ્રતનું ગ્રહણ કર્યું ત્યારે ત્રસજીવની હિંસાની જ પ્રતિજ્ઞા છે. પણ ભાવથી સાથે સાથે સ્થાવરજીવોની રક્ષાની પણ ભાવના છે. અને જેટલી ક્ષેત્રની મર્યાદા વધુ તેટલી સ્થાવર જીવની હિંસા વધુ

પ્રશ્નઃ **સાધુને દિશિ પરિણામ વ્રત ગ્રહણ કેમ નહી ?**

જવાબઃ સાધુને મહાવ્રત છે ત્રસ અને સ્થાવર બન્નેની રક્ષાની પ્રતિજ્ઞા છે. વળી સાધુ ભગવંત પ્રાયઃ જયણાવંત જ હોય તેથી તેમને દિશિ પરિમાણની જરુર નથી.

પ્રશ્નઃ **ચારણ શ્રમણ મુનિ આકાશગામિની લબ્ધિવડે ગમન કરે તો તેમને વાયુકાયની વિરાધના થાય કે કેમ ?**

જવાબઃ ના ન થાય તેઓ તો સાતિશય જ્ઞાની છે. તે લાભાલાભને જાણી શકે છે. વગર કારણે તેઓ કદી લબ્ધિનો ઉપયોગ કરતા નથી એટલે તેમને વિરાધના નથી.

૩ ગુણવ્રતો પછી ૪ શિક્ષા વ્રત છે શિક્ષાવ્રત એટલે સર્વવિરતિ માટેનો અભ્યાસ છે. શ્રાવકના જીવનમાં પ્રભુ દર્શન પૂજા સામાયિક તો જોઈએ જ દર્શન પૂજા સમ્યગદર્શનની પ્રાપ્તિનું અને સામાયિક એ ચારિત્રની પ્રાપ્તિનું પરમ સાધન છે.

બેપ્રતિક્રમણ અને ૮ સામાયિક એટલે ૨૦ ઘડીઅને વીસ ઘડી એટલે દિવસનો ત્રીજો ભાગ વિરતિમાં જાય તે દેશાવગાસિક વ્રત. અહોરાત્રિના પૌષધમાં ૬૦ ઘડી જાય આમ સામાયિક દેશાવગાસિક

પૌષધએ ચારિત્રની વાનગી છે. "સમણો ઈવ સાવઓ હવઈ જમ્હા" જ્યાં સુધી નિયમમાં છે ત્યાં સુધી શ્રાવકને સાધુ તુલ્ય ગણ્યો છે. અતિથિસંવિભાગ માં પણ આગલા દિવસે પૌષધોપવાસ હોય છે. અને બીજા દિવસે વિરંતિવંત સાધુ ભગવંતને સુપાત્રે દાન આપી મુનિરાજ જેટલા લે તેટલાજ દ્રવ્યો વાપરે. એટલે આવૃત્તિ સંક્ષેપ સહિત એકાસણાનો તપ કરે. આ ચારેય સર્વ વિરતિ લાવનાર શિક્ષાવ્રતો છે. બારેયવ્રત ના પરીપૂર્ણ પાલનના કારણે આર્તરૌદ્ર ધ્યાનની મંદતા અને મધ્યમ કક્ષાનું ધર્મ ધ્યાન દેશવિરતિવંત શ્રાવકને પણ આવી શકે. હાસ્ય રતિ અરતિ ભય-શોકદુગંચ્છા એ નો કષાય છે. કષાયોને ઉત્તેજીત કરનાર જે હોય તેને નોકષાય કહેવાય છે. આ છમાં રતિ અરતિ પ્રધાન છે. તે બન્ને રાગને દ્વેષના પર્યાય વાચક છે. કષાય વિના નો કષાય અને નોકષાય વિના કષાય ન હોય. કષાયની મંદ્રતા થાય એટલે નોકષાય પણ મંદ પડે. સંજવલન કષાય હોય અને નોકષાય જો જોર કરે તો સમજવું કે સંજ્વલન પ્રત્યાખ્યાની કે અનંતાનુબંધિના ઘરનો છે. પાંચમાં ગુણસ્થાનકમાં પ્રત્યાખ્યાની નો ઉદય ને બંધ છે. અપ્રત્યાખ્યાની ચારનો બંધ અટક્યો છે જેનો ઉદય હોય તેનો બંધ હોય. ફક્ત ૧૦ માં ગુણસ્થાનકે જ કીટ્ટીકૃત લોભનો ઉદય છતાંય તે ઉદયમાં નવા બંધની તાકાત નથી. આ એકજ ગુણસ્થાનક એવું છે કે જ્યાં ઉદય છતાય બંધ નથી. પાંચમા ગુણ સ્થાનકમાં અપ્રત્યાખ્યાની ૪ નો બંધ અટક્યો કષાયની મંદતા થઈ, એની પ્રતીતિ એ છે કે કષાયના ઉદયની અધીનતા છે પણ ૪ થા ગુણસ્થાનક જેવી આકુળતા નથી આવતી. પ્રતિકૂળ નિમિત્તોથી દુર રહેવા બરાબર પ્રયત્ન કરે છે. તેમ છતાંય જો નિમિત્ત મળે તો કષાય આવ્યા પછી તીવ્રતા ન આવે.

કોઈ વ્યક્તિ એવી છે કે જેને કપડાં ઉપરના ડાઘાનો વાંધો નથી જ્યારે બીજી વ્યક્તિ એવી છે કે જેને કપડા નો ડાઘ બિલકુલ ગમતો નથી તેમ મિથ્યાત્વિ જીવને અવિરતિનો વાંધો નથી પણ

સમ્યગ દર્શનવાળાને અવિરતિ ગમતી નથી વિરતિને ઈચ્છે છે ચાહે છે. પાંચમા ગુણસ્થાનકે મનુષ્ય ત્રિક એટલે મનુષ્ય ગતિ અનુપૂર્વીને આયુષ્ય) નો બંધ અટક્યો દેશવિરતિ ને દેવલોક અને તે પણ વૈમાનિક નિકાયની ગતિ બંધાય. શુભગતિ બંધાય અને મોહની મંદતા હોય તો નિર્લેપ પણુ

**પ્રશ્ન : મનુષ્યત્રિક મોક્ષના પ્રતિબંધક નથી જ્યારે દેવલોક મોક્ષનો પ્રતિબંધક છે. છતાંય દેવગતિ કેમ બંધાય ?**

જવાબ : જો પાંચમેથી છઠ્ઠે જઈ વિશુદ્ધિ આવી જાય તો દેવ ગતિને તરછોડી મોક્ષમાટેનો મહાન પુરુષાર્થ પણ કરી લેછે. બાકી તેની ભવિતવ્યતાજ એવી હોય. અને બીજું સમ્યગદર્શનને કારણે પ્રશસ્ત ભાવને કારણે પુણ્ય પ્રકૃતિ બાંધે અને તેનો ભોગવટો દેવલોકમાં જ થઈ શકે.

૪ થા ગુણ સ્થાનકે અવિરતિ છે. પાંચમામાં પંદર આની અવિરતિ છે. પણ એ અવિરતિ તેમને કાંટાની જેમ ખૂંચે છે. પ્રવૃત્તિ નથી પણ પ્રશસ્ત ભાવ છે. સમ્યગદર્શનની પ્રાપ્તિ પછી તેની ભવસ્થિતિનું નિર્માણ હોય તેને તે પ્રમાણે અથવા તો સમ્યગદર્શનના લક્ષણોમાં જે અનુકંપા છે તે પરિણતિ અને પ્રવૃત્તિરુપે અવશ્ય હોય છે. તેને કારણે પુણ્યપ્રકૃતિનો બંધ કરે અને આ બાંધેલી તીવ્ર પુણ્ય પ્રકૃતિ નો ભોગવટો દેવલોકમાંજ થઈ શકે.

સમ્યગ દર્શનની પ્રાપ્તિ પછી તેની ભવસ્થિતિનું નિર્માણ જેવું હોય તેને તે પ્રમાણે, અથવા તો સમ્યગ્ દર્શનના લક્ષણો જે અનુકંપાદિ છે. તે પરિણતિ અને પ્રવૃત્તિ રૂપે અવશ્ય હોયજ. અને તેને કારણે પુણ્ય પ્રકૃતિનો બંધ કરે. અને બાંધેલી પુણ્ય પ્રકૃત્તિનો ભોગવટો દેવલોકમાંજ થઈ શકે, આ કારણે સમ્યગ દ્રષ્ટિ આત્મા મનુષ્યનું આયુષ્ય જે મોક્ષનું કારણ છે તે છતાંય તે

આયુષ્ય ન બાંધતા દેવનું આયુષ્ય બાંધે છે.

**પ્રશ્ન : ચોથે ગુણસ્થાને મનુષ્ય મનુષ્યનું આયુષ્ય ન બાંધે તો સમ્યગ દ્રષ્ટિ દેવો મનુષ્યનું આયુષ્ય કેમ બાંધે? તેઓ ફરી દેવનું આયુષ્ય કેમ બાંધે ?**

જવાબ : સમ્યગ્ દ્રષ્ટિ દેવોને ચોથાને લાયક પરિણતિહોય, પણ પ્રવૃત્તિ કરવાને તેઓ સમર્થ નથી. પુણ્યપ્રકૃતિના બંધનું પ્રધાન કારણ સુપાત્ર દાન છે, જે દેવો આપી શકતા નથી. અનુકંપાદાન લક્ષણ દેવોમાં પરિણતિ રૂપે છે, પણ તેની પ્રવૃત્તિ તેઓ કરી શકતા નથી. આમ મનુષ્યની અપેક્ષાએ દેવો સમ્યગ દર્શની છતાંય, તીવ્ર પુણ્ય પ્રકૃતિ બાંધી શકતા નથી. દેવભવ એ પુણ્ય પ્રકૃતિ ભોગવવાનું સ્થાન છે બાંધવાનું સ્થાન નથી. તેથી તેઓ ફરી દેવગતિ બાંધી ન શકે. તેથી મનુષ્ય ગતિ આયુષ્ય બાંધે આજ પ્રમાણે નરકગતિ એ તીવ્ર પાપ પ્રકૃતિ ભોગવવાનું સ્થાન છે, પણ મનુષ્ય ગતિની અપેક્ષાએ તીવ્ર પાપ પ્રકૃતિ ના બંધનું સ્થાન નથી તેથી નારકી મરીને તુર્તજ નારકી થતા નથી.

**પ્રશ્ન : સમ્યગ દ્રષ્ટિ દેવો તીવ્ર પુણ્ય પ્રકૃતિ ન બાંધે તેમયુગલિકો પણ ન બાંધી શકે તો તેમને દેવલોક કેમ ?**

જવાબ : ધર્મ મનુષ્યની અપેક્ષાએ છે યુગલિકો ધાર્મિક ન હોવાથી તેમજ દ્રવ્યથી ક્ષેત્રાદિકની અપેક્ષાએ કષાયની મંદતાના કારણે મંદપુણ્ય પ્રકૃતિ બાંધે છે તેથી જ તેમને તેમના પોતાના યુગલિકભવના આયુષ્યના પ્રમાણ વાળો દેવલોક મળે છે. એટલે ૩ પલ્યોપમકે તેથી ઓછા આયુષ્ય વાળો દેવભવમળે છે. ભૂતકાળનો અનુકુળ કે પ્રતિકુળ પુરૂષાર્થ, ભાવિના ઉત્કષાપકર્ષમાં સાધકકે બાધક છે.

ઉત્કૃષ્ટ કોટિનું નિરતિચાર ચારિત્ર પાલન મોક્ષે લઈ જાય છે. અને કદાચ મોક્ષે ન લઈ જાય તો મોક્ષના વિસામા રૂપ અનુત્તર વિમાનમાં પહોંચાડી દે. જયાં દેવો પ્રાયઃ એકાવતારી છે અને

પૂર્વજન્મની આરાધનાના કારણે ૩૩ સાગરોપમ સુધી ના આયુષ્ય પર્યન્ત અસ્ખલિત પણે સમ્યગ દર્શન ટકાવી રાખે છે એકાવતારી દેવો માટે અનુત્તર દેવલોક મોક્ષના વિશ્રામ સ્થાન જેવો છે.

**પ્રશ્ન : એકાવતારી દેવો માટે દેવલોકજ કેમ વિશ્રામ સ્થાન મનુષ્ય ભવ કેમ નહિ ?**

ઉત્તર : અવિરતિમાં કાપ મુકાય એટલે દેશવિરતિ કે સર્વવિરતિ આવે. આવા જીવના લક્ષ્યમાંતો મોક્ષજ બેઠુ છે. આથી તેવખતે વર્તતી પરિણતિની નિર્મળતાને કારણે અર્થાત પ્રશસ્ત ભાવનાના કારણે તીવ્ર રસ વાળી પુણ્યપ્રકૃતિ જે બંધાય અને તેના ફળ રૂપે દેવગતિ અને દેવઆયુષ્યજ બંધાય અનુપમા દેવીએ મનુષ્યનું આયુષ્ય મંદમિથ્યાત્વે આવીને બાંધ્ય હતું . કુમારપાળ મહારાજાએ પણ, મંદમિથ્યાત્વે આવીને વ્યંતર નિકાય નું આયુષ્ય બાંધ્યુ હતું, ને વ્યંતર નિકાયમાં ગયા. કારણ, સમ્યગ દ્રષ્ટિતો વૈમાનિક નિકાયનું જ આયુષ્ય બાંધે છે. પાંચમા ગુણ સ્થાને પ્રત્યાખ્યાની ચોકડી અપ્રત્યાખ્યાની ચોકડી (મનુષ્યગતિ આયુષ્ય આનુપુર્વી) નો બંધ, અને મનુષ્ય જન્મ સાથે સંકળાએલ ઓદારિક શરીર અંગોપાંગ વજ્ર ઋષભનારાચ વગેરેનો બંધ અટકયો છે.

ચોથા ગુણસ્થાનક માં બંધમાં ૭૭ પ્રકૃતિ હતી તો તેમાં થી ૧૦ ઘટી એટલે ૬૭ નો બંધ. ઉદયમાં અપ્રત્યાખ્યાતી અને મનુષ્ય તથા તિર્યંચની આનુપૂર્વી (અપાન્તરાલગતીમાં જ આનુપૂર્વી ઉદય હોય અને પરભવમાં પહેલું બીજું ચોથું જ ગુણસ્થાનક સાથે જાય એટલે આનુપૂર્વીનો ઉદય નથી. દેવગતિનો સ્થિતિ બંધ ૧૦ કોડાકોડી સાગરોપમ મનુષ્યની ૧૨ા કોડાકોડી, તિર્યંચની પંદર કોડાકોડી નરકની ૨૦ કોડાકોડી સાગરોપમની ગતિનો સ્થિતી બંધ થાય છે. અને તેટલોજ આનુપૂર્વીનો બંધ પણ હોય છે. ગતિનો સ્થિતી બંધ કોડાકોડી સાગરનો થવા છતાંય તેટલી સ્થિતિ

ભોગવાતી નથી. ચારેયગતિની સત્તા જીવને હોય છે. પરંતુ વિપાકોદય (ભોગવટો) કોઈ એક જ ગતિનો હોય.એકેન્દ્રિયથી ચઉરેન્દ્રિય સુધીના જીવો જેઓ એકવાર પણ પંચેન્દ્રિય પણું પામ્યા નથી. તેમને દેવ નારકીની ગતિનો સંભવ જ નથી. જે વખતે જે ગતિનો વિપાકોદય હોય તેની સાથે પ્રદેશોદય દ્વારા બાકીની ગતિનો ભોગવટો થઈ જાય. એકલા પ્રદેશથી ભોગવાય અને રસ બાકી રહે એવું ન હોય પણ એ રસના ભોગવટાની આપણને અસર ન થાય તેટલો મંદ હોય,

જેના રસનો અનુભવ એ રસમાં ન થાય તે પ્રદેશોદય ગણાય જે રીતે કર્મ બાધ્યું છે એજ રીતે એ કર્મ ભોગવાય એવુ નથી. બે રીતે કર્મ ભોગવાય, પ્રદેશ દ્વારા અને રસના અનુભવ દ્વારા જે રસ દ્વારા પ્રકૃતિ બાંધી છે, તે રસનો ભોગવટો અનુભવ માં ન આવે તે પ્રદેશોદય બે માંથી એક પણ રસ દ્વારા ભોગવ્યાવિના આત્મશક્તિ વડે અપવર્તના કરણ દ્વારા તેમાં અકર્મક પણું ઉભું કરે છે.

જેવી રીતે વિભાવદશામાં આત્મા કર્મ પ્રકૃતિ બાંધે છે, તેવીજ રીતે અતિવિશુદ્ધ દશામાં આત્મા કર્મ પ્રકૃતિને ભોગવ્યાવિના તોડી નાંખે છે.

**પ્રશ્ન : ઘાતી કર્મનો પ્રદેશોદય કેવી રીતે હોય ?**

**જવાબ** : જેમ પાંચેય જ્ઞાનાવરણમાં પાંચેયનો સ્વતંત્ર વિપાકોદય છે. અત્યારે આપણને પાંચજ્ઞાનાવરણમાંથી પ્રથમને બીજું બે દેશ ઘાતી રસસ્પર્ધકોવાળા હોવાથી, તે બેનો અમુક અંશો, પ્રદેશોદય અને બાકી ૩ સર્વઘાતી રસવાળા હોવાથી સર્વથા વિપાકોદય ચાલુ છે.

કર્મમાં અકર્મક પણું અમુક કક્ષાએ પહોંચેલા હોય તેજ કરી શકો, બાકીના તેમાં સ્થિતિ રસની મંદતાલાવે. સંકલીષ્ટ અધ્યવસાય કરતાં વિશુદ્ધ અધ્યવસાયનો પાવર અનેક ગણો છે. અપવર્તના

કરણ દ્વારા ચતુઃ સ્થાની રસમાં થી ત્રિસ્થાની દ્વિસ્થાની એક સ્થાની પણ બનાવી શકો છે, અને એથી પણ વધુ વિશુદ્ધિ આવેતો તેમાં અકર્મક પણું પણ લાવી શકે છે. પાંચમા ગુણસ્થાનમાં અપ્રત્યાખ્યાની નો ઉદય નથી. મનુષ્ય તિર્યંચની આનુપૂર્વીનો અનુદય દેવત્રિક અને નારત્રિકનો ઉદય નથી તેને કારણે વૈક્રિય શરીર અને અંગોપાંગનો અનુદય તેમજ દુર્ભગ નામ કર્મ અને અપયશ નામકર્મનો પણ અનુદય છે. આદેય નામ કર્મનું કારણ પરિણતિની સાથે પ્રવૃત્તિ પણ છે.

**પ્રશ્ન : ચંદરાજા કુકડો બન્યા તો તેને કઈ ગતિનો વિપાકોદય માનવો ?**

કોઈ પણ એક ભવમાં, બે આયુષ્ય કે બે ગતિનો ભોગવટો થતો નથી. શરીરની આકૃતિ કુકડા રૂપે થઈ, પણ ગતિતો મનુષ્યની જ છે. વિદ્યામંત્રના કારણે, શરીરની આકૃતિ કુકડાની થઈ છે. શ્રી સ્થૂલભદ્રજીએ બ્હેનોને આશ્ચર્ય બતાવવા સિંહ નું રૂપ લીધું. પણ ગતિતો મનુષ્યની જ છે. ઈન્દ્ર મહારાજની ઈચ્છાને કારણે સેવક દેવ ઐરાવણનું રૂપ લે છે પણ ગતિતો દેવનીજ છે.

**પ્રશ્ન : હાલના સમયમાં પુરૂષ અમુક વર્ષે સ્ત્રી પણે પરિવર્તન પામે છે તો તેમાં શું કારણ ?**

જવાબ : શરીરની આકૃતિ એ પિંડપ્રકૃતિ નથી પણ અંગોપાગ નામ કર્મ છે. અને એને કારણે અંગોપાગ નામ કર્મ અમુક સમયે બદલાવાના કારણે પરિવર્તન થાય તો એમાં કાંઈ બાધક નથી. દેશવિરતિ ગુણસ્થાનકનો કાળ દેશે ઉણાપૂર્વકોડ વર્ષનો છે. વિરતિનું કનેક્ષન પ્રવૃતિ જોડે છે અને, સમ્યગ દર્શનનું કનેક્ષન પરિણતિ સાથે છે.

## પ્રશ્ન : છઠ્ઠું પ્રમત્ત સંયત ગુણસ્થાનક

જવાબ : છઠ્ઠા ગુણસ્થાનકમાં હવે પ્રત્યાખ્યાની કષાયનો ઉદય નથી પણ સંજવલન કષાયનો ઉદય છે. દેશવિરતિમાં પાપસ્થાન કોનો દેશથી

ત્યાગ હતો. હવે સર્વ વિરતિ ગુણસ્થાનમાં, પાપસ્થાનકોનો સર્વથી ત્યાગ તે દ્રવ્યથી છઠ્ઠું ગુણસ્થાન પણ સંજવલનથી આગળનો કષાય ઉદયમાં ન આવે તો તે ભાવથી છઠ્ઠું ગણાય.

ચોથા ગુણસ્થાનકમાં સ્વરૂપમાં રૂચિ છે, પાંચમાંમાં રૂચિ અને અલ્પ અંશે રમણતા પણ છે, જ્યારે છઠ્ઠામાં રૂચિ સહિત વધુ રમણતા છે. રમણતાની શરૂઆત, છઠ્ઠા ગુણસ્થાનકથી થાય છે.

**પ્રશ્ન : સંયત ગુણ સ્થાકને બદલે પ્રમત્ત સંયત એવું નામ શાથી ?**

જવાબ : સમ્યગદર્શન છે - પાપાસ્થાનકોનો ત્રિવિધેત્રિવિધે ત્યાગ છે - ઉદયમાં સંજવલન કષાય છે. જઘન્ય અનંતાનુબંધી કષાય થી ઉત્કૃષ્ટ અનંતાનુબંધી કષાય સુધીના અધ્યવસાય સ્થાન અસંખ્ય લોકાકાશના પ્રદેશ જેટલા છે. બધાય અસંખ્યજથશે અનંત નહિં થાય. એ પ્રમાણે ચારેય કષાયમાં કષાયજન્ય અધ્યવસાય સ્થાનોમાં લેશ્યાના કારણે આટલો તફાવત (તરતમતા) હોય છે. જઘન્ય સ્થિતિ (અન્તર્મહૂર્ત સ્થાન) થી ઉત્કૃષ્ટ સ્થિતિની (૭૦ કોડાકોડી સાગરોપમ)વચ્ચેના સ્થિતિ સ્થાનોની સંખ્યા, અસંખ્યાતિ સરખે સરખા અસંખ્ય અધ્યવસાયસ્થાનો હોય છે. કષાયો જન્ય સ્થિતીસ્થાન એકજ હોય.

**પ્રશ્ન : એક સોય જેટલી આકાશ પ્રદેશની પંકિતમાં આકાશપ્રદેશોની સંખ્યા કેટલી ?**

જવાબ : ૧-૧ સમયે ૧-૧ આકાશપ્રદેશને અસત કલ્પના વડે કોઈ ખસેડે તો એ સોય જેટલી જગ્યાને ખાલી થતાં અસંખ્યાતી ઉત્સર્પિણી અવસર્પિણી જેટલો સમય(કાળ) પસાર થઈ જાય.

આકાશપ્રદેશ આટલા સુક્ષ્મ હોય છે. ક્ષપક શ્રેણીવાળાને ૧૦માં ગુણસ્થાનકનો છેલ્લો સમય જયાં જઘન્યમાંજઘન્ય સંજવલન કષાય છે. ત્યાર પછીના બીજાજ સમયે ૧૨મું ગુણસ્થાનકને

વીતરાગ ભાવ આવવાનો છે. ત્યાથી નીચેઉતરતાં ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ સંજવલન કષાયના કષાયજન્ય અધ્યવસાયસ્થાનોનીઅસંખ્ય લોકાકાશના પ્રદેશ જેટલી સંખ્યા છે.

પાંચ મહાવિદેહના થઈને કુલ સાધુમુનિરાજ વીશ તીર્થંકર દેવના ૨૦ અબજ હોય છે. એક એક તીર્થંકર ભગવંતનો સાધુસાધ્વીનો પરિવાર ૧-૧ અબજ નો હોય છે. અને તે બધાય ભગવંતના હાથના દિક્ષિતજ હોય. મહાવીર પ્રભુના હસ્ત દિક્ષિત ૧૪ હજાર શ્રી ગૌતમના ૫૦ હજાર જુદા. પાંચ મહાવિદેહના ૨૦ અબજ સાધુ ભાવ ચારિત્રિ હોય. એટલે ૬-૭ મા ગુણસ્થાનકે હોય અને ૭ મે કે ૮ મે ભવે મોક્ષ નક્કીજ હોય. ૬-૭-૮માં ગુણ સ્થાનક સુધી અધ્યવસાયની તરતમતા હોય, પણ ૮ માં ગુણસ્થાનકના છેલ્લા સમયે ત્રણેય કાળના જીવોની વિશુદ્ધ એક સરખી હોય, કારણ સિદ્ધાવસ્થામાં બધાજ જીવોને એક સરખુ થવું છે. તરતમતા દૂરકરવી છે. તેની શરૂઆત અહિં આ ગુણસ્થાનક થી થઈ જાય છે. ૮ માના છેલ્લા સમયે એટલી બધી અદભૂત વિશુદ્ધિ હોય તો જ જીવો નપમાના પ્રથમ સમયમાં બધાય સાથે આવી શકે

છઠ્ઠાના પ્રથમ સમયથી ૧૦ માના છેલ્લા સમય સુધી સંજવલન કષાય છે. સંયમની અપેક્ષાએ સંજવલન કષાયજન્ય અધ્યવસાય સ્થાનો, છઠ્ઠા ગુણસ્થાનકના વધારે છે. તરતમતા છઠ્ઠામાં વધુ છે. ૭માનો કાળ અતિ અલ્પ છે. ૭મા ગુણસ્થાને પહોંચ્યા પછી જો, ત્યાંથી શ્રેષ્ઠ વિર્યોલ્લાસ વડે ઉપર ચડે અને શ્રેણીમાંડી દે તો તો ઠીક નહિંતો ૭મે વધુ વખત ટકી શકે નહિં તેનો અત્યંત સૂક્ષ્મકાળ છે. ૬-૭ માનો દેશેઉણાપૂર્વ કોડ વર્ષના સમયં ૭માનો બધો સંકલિત કાળ બધોભેગોમળીને વધુમાં વધુ એકજ અન્તમુહૂર્તનો થાય. શ્રી તીર્થંકર ભગવંતના હજાર વર્ષનો છદ્મસ્થકાળમાં (પર્યાયમાં) સાતમાનો સંકલિતકાળ પણ એક અન્તર્મુહૂર્તનોજ થાય. શ્રી આદીશ્વર ભગવંતના એક હજાર વર્ષના

છદ્મસ્થપર્યાયમાં તેમનો નિદ્રાકાળ ૧ અહોરામનોજ, આટલી જાગૃત અવસ્થા છતાંય ૭માનો કાળ તેમને પણ એક અન્તર્મુહૂર્તથી વધુ નથી. ૭મું વારંવાર આવે અને ચાલ્યું જાય ફરી ફરી છટ્ઠું આવે. ક્ષપક શ્રેણીવાળો આઠમે પહોંચ્યા પછી, તો ૧૨મે પહોંચવાનોજ એક અન્તર્મુહૂર્ત પુરતો પણ કેવળી પર્યાયપાળીને મારૂદેવા માતાની જેમ મોક્ષે જાય. વચમાં આયુષ્ય પૂર્ણ ન થાય. ૮-૯-૧૦-૧૧માનો સ્વતંત્ર કાળ પણ અન્તર્મુહૂર્તનો અને સંકલિતકાળ પણ અન્તર્મુહૂર્તનો જ છે.

ઉપશમશ્રેણિ વાળો પણ એક અન્તર્મુહૂર્ત પછી પડેજ.

**પ્રશ્ન : સંજવલ કષાય છટ્ઠામાં છે તેવી જ રીતે ૭મા માં પણ છે તો છટ્ઠા ને જ કેમ પ્રમત્ત કહ્યું ?**

જવાબ : સંજવલના ચાર વિભાગ. (સંજવલનસંજવલન)(સંજવલન-પ્રત્યાખ્યાની)સંજવલન અપ્રત્યાખ્યાની (સંજવલન અનન્તાનુબંધી)(સંજવલન સંજવલનમાં) પણ અસંખ્ય અધ્યવસાય સ્થાનો છે. હવે એજ સંજવલન સંજવલન અધ્યવસાય સ્થાનો માં જો રહ્યા કરે તો તેને પ્રમત્ત કહેવો કે કેમ કેમકે દાખસા તરીકે ૧૦૦૦ અધ્યવસાય સ્થાનો છે તેના છેલ્લા હજારમા અધ્યવસાય સ્થાનો માં રહેલો અપ્રમત્ત છે. તો ૯૯૯માં સ્થાનમાં રહેલાને શું કહેવો પ્રમત્તદશાની ત્યાં તીવ્રતા પણ નથી.

સંજવલન પ્રત્યાખ્યાન એટલે સ્વરૂપમાં સંજલન પણ, પ્રત્યાખ્યાની જેવો. કષાય આવે અન્ત મુહૂર્ત પુરતો રહીને પાછો ચાલ્યો જાય તો તેને છટ્ઠું ગુણસ્થાનક જ કહેવાય. કારણ સ્વરૂપમાં સંજવલન છે. પણજોતે અનન્તર્મુહૂર્ત વધુ ટકે તો તે સંજવલનથી ખસી દેશવિરતિ પાંચમામાં ચાલ્યો જાય.

પ્રત્યાખ્યાની પ્રત્યાખ્યાની થઈ જાય. એજ રીતે સંજવલન અનન્તાનુ બંધિ આવે અને અન્તર્મુહૂર્તથી વધુ ટકે તો સીધે સીધો

પહેલે ગુણસ્થાને પહોંચી જાય. એક અન્તર્મુહૂર્ત પુરતો જે સંજવલન પ્રત્યાખ્યાની આવ્યો તે અશુભયોગ છે અને એ અશુભયોગમાં જ ૬ઠ્ઠા ગુણસ્થાનકમાં આયુષ્યનો બંધ પડે. શુભયોગમાં આયુષ્યનો બંધ પડે નહિં. શુભાશુભ યોગ ચાલ્યા કરે પણ તે અશુભયોગ એક અન્તર્મુહૂર્તથી વધુ ટકવો ન જોઈએ.

અનંતાનુબંધી આદિ ચાર કષાયોમાં તો તરતમતા હોય. પણ એકલા સંજવલનમાં તીવ્ર મંદતાના કારણે અસંખ્ય લોકાકાશ પ્રદેશ જેટલી તરતમતા હોય. જેમ અનિવૃત્તિ ગુણ સ્થાનકમાં ત્રણેયકાળમાં ત્રણેય કાળના જીવોની વિશુદ્ધિ સમાન હોય છે. તેમ ૬-૭-૮ ગુણસ્થાનક ત્રણેય કાળના જીવોના અધ્યવસાય સ્થાન સરખા હોવાને બદલે, તરતમતાવાળા જ હોય છે. કારણ કે જેમ જેમ વિશુદ્ધિ ઓછી તેમ તેમ તરતમતા વધુ. કષાયની તરતમતાનું કારણ રસ છે પણ સ્થિતિ નથી. સંસારી જીવો ૮મે અનન્તે છે સિદ્ધ ભગવંતો પાંચમે અનંતે છે જ્યારે અભવિ ૪ થા અનંતે છે. કેવળી ભગવાન જે ભાવો જે રીતે છે તે રીતે જ જુએ છે.પણ તેનો છેડો જોતા નથી. અધ્યવસાય સ્થાનો સ્થિતી સ્થાન કરતાં અસંખ્ય ગુણા છે. અને એક સ્થિતી સ્થાન પર અસંખ્ય અધ્યવસાય સ્થાનો છે.

૧. એક સ્થિતિ બંધ એક સરખી સ્થિતિવાળા અધ્યવસાય સ્થાનતા રસમાં પણ તરતમતા હોય . જેમ જેલમાં રહેલા બે કેદીની સજા પાંચ વર્ષની હોય પરંતુ બે માંથી એક કોઈ રાજકીય કેદી હોય તો ત્યાં તેને આરામ હોય અને બીજાને કામની સાથે મજુરી પણ હોય. સંજવલન કષાય પ્રત્યાખ્યાન કષાયનો ઉદય હોય ત્યારે બંધપણ સંજવલન પ્રત્યાખ્યાન કષાય જેવો પડે. જે વખતે બંધ પડે તે વખતે જેવો રસ હોય તેવા જ રસમાં સત્તામાં પડેલ રસનું સંક્રમણ થાય છે. ૧૪ પૂર્વિને પ્રજ્ઞાપનીય ભાવોમાં સંશય ન થાય પણ અપજ્ઞાપનીયભાવોમાં સંશય થઈ શકે. શ્રી શ્રુતકેવલીમાં

**અક્ષરશ્રુતની અપેક્ષાએ તરતમતા ન હોય પણ અર્થની અપેક્ષાએ અનંત ભાગ વૃદ્ધિ, અસંખ્ય ભાગ વૃદ્ધિ, સંખ્ય ભાગ વૃદ્ધિ,અનંત ગુણ વૃદ્ધિ, અસંખ્ય ગુણ વૃદ્ધિ, સંખ્ય ગુણ વૃદ્ધિની તરતમતા હોય છે. પ્રજ્ઞાપનીય ભાવોમાંથી અનંતમાં ભાગનું જ શ્રુત રૂપે હોઈ શકે. છઠ્ઠા ગુણ સ્થાનકમાં સાધુ મહારાજનું સ્થાન છે.**

**પ્રશ્ન : જેઓ પંચ મહાવ્રત ને પાળનાર છે તો તેમનામાં પ્રમાદ ક્યાંથી આવે ?**

જવાબ : પાંચ કારણે પ્રમાદ આવે છે (૧) મદ્ય એટલે માદક પણું અંતપ્રાન્ત આહાર લેવાથી તેના અભ્યાસ દ્વારા સંયમ માટે શક્તિ ટકી રહે પરંતુ માદકપણું ન આવે જયારે રસકસ વાળા પદાર્થોથી માદકપણું આવે છે અને તેનાથી પ્રમાદ આવે છે. પાંચેય ઈન્દ્રિયોના અનુકુલ વિષયો થી અને સખત તાપમાં આકુલતા આવવી વગેરે થી પ્રમાદ આવે છે. પણ ગરમી વખતે શીતલતા ને ન ઈચ્છે, અને એમ વિચારે કે સકામ નિર્જરાનો ધન્ય અવસર મળ્યો છે. અનુકુલ પ્રતિકુલ વિષયોમાં આધીન ન બનાય, તો પ્રમાદ ન આવે. શરીરનું સુકુમારપણું ટકાવી રાખી, ભવનો નિસ્તાર શક્ય નથી. અનુકુલતા કે પ્રતિકુલતામાં, આકુળ વ્યાકુળ પણું ન આવવું જાઈએ. મદ્ય એ વિષયનો પોષક છે અને વિષયની પુષ્ટિ એ કષાયની ઉત્તેજક છ. મદ્ય-વિષય-કષાય-નિદ્રા અને વિકથા . (સ્ત્રીકથા-દેશ-રાજ ભક્તકથાદિ) આ પાંચ કારણે પ્રમાદ આવે છે. સંજવલન સંજવલનમાં અન્તર્મુહૂર્તથી વધુ જો ટકી રહેવાય તો, ક્ષણવાર ૭મું ગુણસ્થાનક સ્પર્શી જાય અને પાછુ ફરી છઠ્ઠું આવી જાય. જે સમયે (વખતે) કોઈ ભાગ્યશાળી ચારિત્ર ગ્રહણ કરે છે તે વખતે તેને ચોથે કે પાંચમે થી સીધું ૭મું સ્પર્શી અને પછી છઠ્ઠે આવે. જો પ્રત્યાખ્યાની કષાય ન આવે અને સંજવલનજ એક અન્તર્મુહૂર્ત પછી પણ ટકે તો છઠ્ઠું બરાબર ટકે અને શુભયોગ પણ ટકે. અને સંજવલન એક અન્ત મુહૂર્તથી વધુ ટકે તો ૭મું સ્પર્શે. શુભયોગ શુદ્ધોપયોગ સંજવલન પ્રત્યાખ્યાની અન્તર્મુહૂર્ત

રહેતો છઠ્ઠું ગુણસ્થાનક ખરૂં પણ અશુભયોગ અને સંજવલન પ્રત્યાખ્યાની એક અન્તર્મુહૂર્તથી વધુ ટકે તો છઠ્ઠામાંથી પાંચમું આવે અને પ્રત્યાખ્યાની પ્રત્યાખ્યાની કષાય ગણાય ૬-૭ માનો દેશે ઉણા પૂર્વકોડ વર્ષનો કાળ છે. તેમાં અન્તર્મુહૂર્ત - અન્તર્મુહૂર્તમાં ૬ઠ્ઠામાંથી ક્ષણ ૭મે ફરી છઠ્ઠે એમ ચાલ્યા કરે પણ તે છઠ્ઠેથી પાંચમે ન જાય, જો જાયતો સર્વવિરતિવંત ન કહેવાય. ૯૭-૯૮થી વધુ ટેમ્પરેચર થાય એટલે આપણને ખબર પડી જાય તેમ કષાયની વ્યાકુયતા દ્વારા આત્માનું પતન થાય છે એવી ખબર પડી જાય છે અને તેનાથી બચવા આપણે પ્રયત્ન કરીએ છીએ. નિમિત્ત મળતાં સંજવલન પ્રત્યાખ્યાની આવી જાય તો પણ એક અન્તર્મુહૂર્તથી વધુ તેને ટકવા ન દે . એટલેજ પૂર્વના મહાપુરૂષો જ્ઞાનના ઘરમાં રહી, ગમે તેવા ઉપસર્ગોને સહી ને પણ આચાર પાળવા માં સજાગ રહેતા.

**પ્રશ્ન : છઠ્ઠા ગુણસ્થાનકમાં ધ્યાન કયા કયા હોય ?**

**જવાબ :** પાંચમા ગુણસ્થાનકમાં આર્તધ્યાનની મંદતા છે, અને ધર્મ ધ્યાન મધ્યમ કોટિનું છે. જ્યારે છઠ્ઠામાં આર્તધ્યાનની મુખ્યતા છે અને ધર્મ ધ્યાનની ગૌણતા કહેલી છે. તેનું મુખ્ય કારણ ગુણ સ્થાનકની અપેક્ષાએ, પાંચમામાં અમુક અંશેજ પચ્ચકખાણ છે. જ્યારે છઠ્ઠામાં ત્રિવિધે ત્રિવિધે પચ્ચકખાણ છે, તેથી અહિં ધર્મ ધ્યાનજ હોવું જોઈએ તેમ છતાં ધર્મ ધ્યાન કરતાં આર્તધ્યાન વધી જાય છે, અને આમ છતાંય ૬-૭ માની વચ્ચે તે, દેશે ઉણા પૂર્વક્રોડ વર્ષ સુધી ટકી રહી પણ શકે છે. શ્રી તીર્થંકર ભગવંતને નિરતિચાર ચારિત્ર હોય છે, એટલે તેઓ શ્રી પ્રત્યાખ્યાની કષાયનો ઉદયન થવા દે. પૌદગલિકભાવોનો ત્યાગકરવા છતાંય તેના ઉપરનો મમત્વભાવ રહે એટલે આર્તધ્યાન થાય જ. કોઈ પણ છદ્મસ્થજીવને. મોહનીય કર્મના ક્ષયોપશમના કારણે વિશુદ્ધિ ટકે તો એક અન્ત મુહૂર્ત સુધી જ તેના થી વધુ નહિં. પરંતુ મોહનો

સર્વથા ક્ષયથવા પછી વિશુદ્ધિ લાંબો સમય ટકેજ, કારણ કે સંકિલષ્ટ પરિણામ આવવાનું નિમિત્તજ નથી. સંજવલન સંજવલનમાં પણ અસંખ્ય લોકાકાશના પ્રદેશો જેટલી તરતમતા છે, અને એમાંજ શ્રી તીર્થકર ભગવંત રહે. હવે **છટ્ઠામાં આર્તધ્યાન વધુ કેમ ટકે છે તો કે નો કષાયના કારણે, હાસ્ય-રતિ-અરતિ-ભય શોક વગેરેના કારણે.** જે કષાયનો ઉત્તેજક જ હોય જેમ હાસ્યમોહનીયના ઉદયના કારણે. અવધિજ્ઞાનીમુનિને અવધિજ્ઞાન થવા પછી તેજ્ઞાનથી જ્યાં દેવલોકમાં ઈન્દ્ર મહારાજને પોતાની ઈન્દ્રણીને મનાવતા જોયા ત્યારે માધ્યસ્થભાવ રાખવો જોઈએ તેને બદલે હસવું આવ્યું એટલે મોહનીય કર્મનો ઉદય થયો અને પ્રગટેલો જ્ઞાન દીપક બુજાઈ ગયો.

**પ્રશ્ન : તો શું અવધિજ્ઞાની કદી હસેજ નહિં ?**

જવાબ : કોઈવાર પ્રસંગોપાત્ત કયારેક મલકે પરંતુ હસવા અને મલકવા માં (હસવા હસવામાં ફરક છે) ફેર છે. નાગદત્તને પ્રતિબોધ કરનાર સતિશય જ્ઞાની મુનિરાજ સહેજ હસ્યા (મલકયા)હતા પરંતુ તેમના અન્તરમાં વૈરાગ્યભાવ-માધ્યસ્થભાવ હતો મોહ નહોતો એમ પૂર્વાચાર્ય ભગવંતોનું યથાર્થ વિધાન હતું. નો કષાયો એકબીજા સાથે પરસ્પર સંકળાયેલા હોય છે. હાસ્ય છે ત્યાં રતિ છે, રતિ છે ત્યાં અરતિ છે ત્યાં ભય-શોક વગેરે હોય છે. નો કષાયના કારણે સંજવલનમાં તીવ્રતા આવે છે અને, પૌદ્‌ગલિકભાવ ઉપરના રાગાદિના કારણે આત્મામાં આર્તધ્યાન આવે છે. પાંચમામાં આર્તધ્યાનની મંદતા કહી છે તેનો અર્થ એવો નથી કે છટ્ઠા કરતા ઓછું છે. ના, છટ્ઠા કરતાં તો ઘણુંજ વધારે છે. પરંતુ છટ્ઠામાં હોવું ન જોઈએ. તેના કરતાં વધુછે. સર્વત્યાગનાપચ્ચકખાણ પછી જવાબદારી ઘણી વધી જાય છે, એક ત્રાજવાના બે પલ્લામાં એકમાં ધર્મધ્યાન અને બીજામાં આર્તધ્યાન મુકવામાં આવેતો પ્રમત્તદશા અને કષાયની

આધીનતાના કારણે આર્તવાળું પલ્લું નમી જાય છે. જો આર્તની મુખ્યતાન હોય તો તેને, પ્રમત્તગુણસ્થાનક કહેવાય નહિં. છઠ્ઠામાં સ્વગુણની રમણતા હોવી જરૂરી છે અને તે રમણતા હોવા છતાંય, તેમાં સ્થિરતા હોવી જોઈએ તે નથી રહેતી. જેમ કોઈ વ્યક્તિ ને સુખની સાધન સામગ્રીની ઘણી સારી અનુકુલતા હોવા છતાંય મોઢા ઉપર આનંદજ ન દેખાય જ્યારે જુઓ ત્યારે સોગીયુંજ મોઢું દેખાય. કલિકાલ સર્વજ્ઞશ્રી હેમચંદ્ર સૂરિજી એ શ્રી વીતરાગ સ્તોત્ર(૧૬) પ્રકાશમાં કહ્યું છે કે હે પ્રભુ આપની અદ્‌ભૂત અને મંગળમય પ્રતિમાના દર્શન કરતાં અંતરમાં આનંદની છોળો ઉછળવી જોઈએ. જાણે મોક્ષની સંપત્તિ મને અહિંજ પ્રાપ્ત થઈ ગઈ છે. પરંતું ક્ષણવારમાંતો રાગાદિના એવા પ્રબળ નિમિત્તોથી અત્યંતરાગના પરિણામો જાગીજાય છે ફરી પાછો તેમાં મુર્છિત થઈ જાઉ છું.

त्वन्मताऽमृत पानोत्था इतः शमरसोर्मयः इतश्चाऽनादिसंस्कार मूर्छितोमूर्छय त्यलं વગેરે ચાર પ્રકારની દશા જીવને હોય છે,(૧) નિદ્રા (૨) સ્વપ્ન, (૩) જાગર, (૪) ઉજાગર. મિથ્યાત્વે નિદ્રા દશા સમ્યકત્વે સ્વપ્ના દશા. ૬-૭ મા માં જાગર દશા. જેમાં ઝોકા વારંવાર આવી જાય છે. અને ૮ માંથી ઉજાગર દશાની તૈયારી શરૂ થઈજાય અને ૧૨મે સંપૂર્ણ ઉજાગર દશા અનુભવે. છઠ્ઠા ગુણસ્થાનકમાં જો વચ્ચે વચ્ચે ૭મું ન આવે તો, એકલું છઠ્ઠું દેશે ઉણા પૂર્વક્રોડ વર્ષ સુધી ટકી ન શકે. છઠ્ઠા અને સાતમાના કાળમાં મોટોભાગ-૧૫આની થી વધુ છઠ્ઠાનો હોવાથી, આર્ત ધ્યાનની મુખ્યતા બતાવી છે. છઠ્ઠામાં ક્યારેક રૌદ્ર ધ્યાન પણ આવે છે જ્યારે સંજવલન અનન્તાનુ બંધીનો ઉદય થાય ત્યારે એ અન્તર મુહૂર્ત સુધીથી વધારે ટકે નહિં તો પણ તેટલા સમય પુરતું રૌદ્ર ધ્યાન ગણાય.

**પ્રશ્ન : નિરતિચાર ચારિત્રિને પ્રમત્ત કહેવો કે અપ્રમત્ત ?**

જવાબ : અતિક્રમ અને વ્યક્તિક્રમ ભેદ સુધી નિરતિચાર ચારિત્ર છે અને એનાચાર એ મૂલ ગુણોચ્છેદ છે. આટલી હદે પહોંચેલાને ફરી થી ચારિત્ર (વ્રતાદિ) ઉચ્ચરાવવા પડે. નિરતિચાર ચારિત્રમાં પણ અતિ-વ્યતિક્રમ દોષ હોવાથી તેને અપ્રમત્ત ન કહી શકાય પ્રમત્તજ કહેવાય. અતિવ્યતિ ક્રમમાં માનસિક વિકલ્પોની અશુદ્ધિતો છે જ અપ્રમત્ત દશામાં અતિક્રમ વ્યતિક્રમ દોષો પણ ન જ આવે. આર્તધ્યાન મિથ્યાત્વીને ઉત્કૃષ્ટકોટીનું આવે, સમ્યગ્ દર્શન-દેશ વિરતિવાળાને મધ્યમકોટીનું આવે અને સર્વ વિરતિવાળાને જઘન્ય કોટિનું આર્ત આવે. ધર્મધ્યાન સર્વ વિરતિવાળાને, આર્તધ્યાન કરતાં ઓછું આવતું હોવાથી, તેની ગૌણતા કહી છે. પણ દેશ વિરતિ કરતા ધર્મધ્યાન વધુ છે. જો ધર્મ ધ્યાનની મુખ્યતા થાયતો ૭મે ગુણસ્થાનકે જઈ આગળ વધે પરંતુ છઠ્ઠામાં વારંવાર આર્તધ્યાન આવ્યા કરે છે. આત્માને અપ્રશસ્ત ભાવથી બચાવી પ્રશસ્તોપયોગમાં લાવવાને માટે, અનેક શુભાલંબનો છે. પિંડસ્થ - પદસ્થ - રૂપસ્થ અને રૂપાતીત. ધ્યાન પણ શુભાલંબનો છે. પ્રભુભક્તિ કરતાં અલ્પ કાળ માટે પણ પ્રશસ્તભાવ આવ્યા વિના ન રહે. આર્તધ્યાનને છોડી, દેવ ગુર્વાદિ સ્વરૂપ માત્રની વિચારણા હોયતો તે પણ પ્રશસ્તભાવ છે. ગૃહસ્થને માટે આ આલંબન, પણ સાધુ મુનિરાજ માટે ક્યું આલંબન ? જીન પડિમા એ શરૂઆતનું આલંબન છે. પણ તેથી પણ ઉચ્ચ કક્ષાનું આજ્ઞાવિચય - અપાયવિચય - વિપાક વિચય - અને સંસ્થાન વિચય. આ ચારેયની વિચારણા એ ઉત્તમ આલંબન છે ચારિત્રનું પાલન કરતા ખામી દેખાતા વિચારે કે ક્ષેત્રે સંસ્થાનાદિ ની અનુકુળતા મળી છે. પણ (નબળાઈ) પ્રમાદના કારણે હું સંપૂર્ણ પણે, ભગવાનની આજ્ઞાને પાળી શકતો નથી આમવિચાર આવે એટલે ભગવાનની આજ્ઞા પ્રત્યે આદર છે, ન પાળી શકવાનું દુઃખ પણ છે. પરિણતિમાં એજ છે કે આજ્ઞા પાળી શકતો નથી આનું નામ આજ્ઞા વિચય.

પ્રશ્ન : ગૃહસ્થને આજ્ઞાવિચય કેમ નહિં ?

જવાબ : ગૃહસ્થ પ્રવૃત્તિ અને પરિણતિ બન્નેથી રહિત છે. અમુક અંશે જે પરિણતિ પ્રશસ્ત થાય છે, એટલે અંશે ધર્મધ્યાન આવે છે. પિંડસ્થાદિ એ ધ્યેયભેદ છે. પરંતુ બાહ્ય છે. જ્યારે આજ્ઞાવિચયાદિ ધ્યેયભેદ છે તે આભ્યંતર છે, આધ્યેયભેદ દ્વારા આજ્ઞાદિ ધર્મ ધ્યાન આવે અને તેનાથી આત્માને પડતો અટકાવે છે. આજ્ઞાવિચયમાં કોઈ પણ હકીકતના નિરૂપણ પ્રસંગે ગમેતેવી પોતાની બુદ્ધિ છતાંપણ ભગવાનની આજ્ઞા અખંડ રહે અબાધીત રહે તેનો સંપૂર્ણ ખ્યાલ રાખે છે. ભગવાનની આજ્ઞાને અંકુશ તરીકે આગળ રાખે છે. ક્ષયોપશમની દ્રષ્ટિએ ચર્ચા વિચારણા ગમેતેટલી થાય પણ તેમાં ખોટો આગ્રહી ન થાય, અંતે તો તત્વંકેવલી ગમ્યં કહેજ સાધકને સાધના માર્ગમાં જોડાયા પછી રાગદ્વેષાદિ સાધનમાં કેટલા બાધક થાય છે એનું સતત ચિન્તન મનન એનું નામ અપાય વિચય. સાધના માર્ગે વિઘ્નભૂત પદાર્થોથી દૂર રહેવું જોઈએ વ્યાપારી ધંધો કરવા બેસે પછી હંમેશ તેને નફાનીજ ઈચ્છા હોય છે. ખોટ ખાવી તેને પરવડે નહિં. ઉપાય એટલે નફો અને અપાય એટલે નુકશાન. આ નુકશાન કષાયો દ્વારા જે થઈ રહ્યું છે તે ન થાય તેના માટેનું ચિંતન મનન એજ અપાય વિચય.

ઉપાય એટલે લાભ અને આપાય એટલે નુકશાન ધર્મધ્યાન વિના આર્તધ્યાનથી બચી ન શકાય. ધર્મધ્યાન જીવનમાં આવે અને ટકી રહે એવું કરવું જોઈએ. જે સાચી રીતે છઠ્ઠા ગુણસ્થાનકમાં વર્તે છે. તેને પણ ધર્મધ્યાનના અન્તર્મુહૂર્તનો સમય ઓછો અને અર્તધ્યાનનો વધારે પણ જેમ જેમ તે આગળ વધે તેમ તેમ ધર્મધ્યાનના અન્તર્મુહૂર્તનો સમય વધુ થાય. જેને આજ્ઞાવિચય છે તેને અપાય વિચય આવશેજ તેના દ્વારા વિપાક વિચય અને અનુક્રમે પછી સંસ્થાન વિચય આવશેજ. રાગદ્વેષાદિ શરીરાદિની અનુકુળતા પ્રતિકુળતાના કારણે છે તેને એ રાગાદિના કારણે શ્રીજીનાજ્ઞાને ધક્કો પહોંચે છે. હે જીવ અનુકુળ પુરૂષાર્થ કરવો

તે તારે પોતાને આધીન છે. ઉપયોગની શુદ્ધિએ સમ્યગ્ દર્શન પર્યાયનું મુખ્ય કારણ છે. દર્શન મોહનો ક્ષયોપશમ છે. મિત્રાદિ પ્રથમ ચાર દૃષ્ટિમાં દર્શન શુદ્ધિ અમુક અંશે છે. ધર્મ ધ્યાનની ભૂમિકા ત્યાં તૈયાર થાય છે. અનુકુળ પુરૂષાર્થ કરવા છતાં, જે પ્રતિકુળ સંયોગો ઉભા થાય ત્યારે, ચિંતવન કરવું કે ચેતન પ્રતિકુળ સંયોગનું કારણ તારી ભૂતકાળની પ્રતિકુળ પ્રવૃત્તિ છે. આવું ચિંતનમનન તેનું નામ વિપાક વિચય ધર્મધ્યાન. પોતેજ પોતાના સુખ દુઃખનું કારણ છે એવું વિચાર્યા પછી, સામી વ્યક્તિ ઉપર કષાય ન આવે. સમ્યકત્વનું પ્રધાન લક્ષણ એજ છે કે, જે જેમ છે તેને તે પ્રમાણે જ માનવું. અન્ય મારૂં અહિત કરે છે. એ માન્યતા ક્ષણવાર રહેતો વાંધો નહિં. પણ જો એની સંતતિ ચાલે તો, તેની પાછળ મૈત્રિભાવના ટુકડા થઈ જાય માટે તેનેં સમ્યકત્વ નથી. મનમાં શલ્ય ન રહેવું જોઈએ. નિમિત્તમાં ઉપાદાન ભાવ ન આવવો જોઈએ. નિમિત્ત એ બાહ્ય ગૌણ કારણ છે અને ઉપાદાન એ અભ્યંતર મુખ્ય કારણ છે. અઘાતી કર્મના ઉદયને કારણે અનુકુળ અને પ્રતિકુળ સંયોગોમાં ક્રોધ કે દ્વેષ આવે છે. વિપાક વિચયને કારણે કષાયોદયમાં આધીનતા નહિં થાય, અને એ વખતે કર્મનો બંધ પણ અત્યલ્પ થશે. વિપાક એટલે ફળ. અઘાતિ કર્મોદયને કારણે અનુકુળ પ્રતિકુળ સંયોગો આવે છે. અન્ય તો નિમિત્તમાત્ર છે, એવું ચિંતન એ વિપાક વિચય ધર્મધ્યાન. વિપાક વિચયમાં વેદનીયકર્મનો શાતા અશાતાનો વિપાક વધુ નુકશાન પહોંચાડે છે. ભૂતકાળમાં બંધાયેલા અપયશ નામ કર્મને કારણે વર્તમાનમાં સારૂં કર્મ કરવા છતાંય જસ મળેજ નહિં. વર્તમાનની પરિસ્થિતિ એ ભૂતકાળની પ્રવૃતિ પરિણતિનું કાર્ય છે. જેવો ભાવ એવું ભાવિ. આવી અથવા બીજી સત્ય વાતને વાંચવી સમજવી રૂચવી જેટલી સરળ છે, તેટલી અનુસરવી સરળ નથી. અનાદિકાળના સંસ્કાર છે. પણ અત્યાર સુધી જે અનિષ્ટ પ્રવૃત્તિઓ તરફ આદર રૂચી હતી, તેના તરફજો નફરત આવી હોય તો પણ આપણું અહોભાગ્ય.

શ્રી સિદ્ધ ભગવાન જ્ઞાતા છે કેવલજ્ઞાન એ પૂર્ણજ્ઞાન છે અને જગતના સર્વ પદાર્થોના સર્વ પર્યાય એ જ્ઞેય જાણવાલાયક છે. જ્ઞેય એ દ્રવ્ય કે પર્યાય જે રૂપે હોય તે કથંચિત્ અપેક્ષાએ પરિવર્તનશીલ છે. કહ્યું છે કે "જ્ઞેયની નવ નવી વર્તના રે સમયમાં સર્વ જણાય" જે પર્યાય ક્ષણવાર પહેલા વર્તમાન રૂપે હતો તે ક્ષણ પછી ભૂતરૂપે થાય, અને ભાવિ હતો તે વર્તમાન રૂપે થાય. બધા દ્રવ્યો એક સાથે જ રહે છે પણ ધર્માસ્તિ. પુદ્‍ગલાસ્તિ. આદિ વિજાતીય દ્રવ્યો સાથે જ હોવા છતાંય એક બીજાને ગ્રહણ પરસ્પર કરતાં નથી. ફક્ત એક જીવ દ્રવ્યજ એવું છે જે અનાદિ કાળથી, વિજાતીય પુદ્‍ગલદ્રવ્યને ગ્રહણ કરે છે. આમતો જીવનો પોતાનો સ્વભાવ પુદ્‍ગલોને ગ્રહણ કરવાનો નથી છતાંય અનાદિની પુદ્‍ગલોની આધીનતાના કારણે જુના ગ્રહણ કરેલા ભોગવાતા પુદ્‍ગલો દ્વારાજ રાગી દ્વેષીજીવ નવા નવા કર્મ પુદ્‍ગલોને ગ્રહણ કર્યેજ જાય છે. આત્માજો પોતાના સ્વભાવમાંજ રહેતો હોય તો પુદ્‍ગલરૂપી વિજાતીયદ્રવ્યોને ગ્રહણ કરી શકે જ નહિં. પુદ્‍ગલોમાં જ પરસ્પર ગ્રાહ્યગ્રાહક ભાવ છે જીવમાં નથી જુના કર્મના ઉદય ભોગવટા વાળો જ જીવ ઉદયમાં પરાધીનતાના કારણે નવા નવા કર્મ બાંધે છે. અને નવા બંધાતા કર્મો પણ, જુના બાંધેલા કર્મમાં જ ભળી જાય છે. જીવમાં નહિં. ચઉદમાં ગુણસ્થાનક માં કર્મોનો ઉદય છે પરંતુ ત્યાં નવા કર્મ પુદ્‍ગલોનું ગ્રહણ નથી. કારણ કે ત્યાં મનવાણી કાયાનો પરિસ્પંદન રૂપે પણ વ્યાપાર નથી. ૭માં ગુણસ્થાનક પછી કર્મોદયની પરાધીનતા અટકી એટલે નવા કર્મ પુદ્‍ગલોનું ગ્રહણ હોવા છતાં તે કર્મો, નવો સંસાર ઉત્પાદનકરે તેવા ન હોય. તેરમા ગુણસ્થાનકમાં વર્તતા કેવળી ભગવાનને તેરમાના છેલ્લા સમય સુધી શ્વાસોત્શ્વાસનું ગ્રહણ ચાલુ જ એટલે પરિસ્પંદન ભાવે પણ મન વાણી કાયાના વ્યાપાર ચાલુ હોવાથી કર્મ પુદ્‍ગલોનું ગ્રહણ છે તે કર્મ પુદ્‍ગલોમાં આઠેય કર્મ રૂપે થવાની યોગ્યતા છે. તો પણ નવો સંસારન રચાય જેમ જીવમાં મોક્ષ પ્રાપ્તિની

શક્યતા બેઠી છે તેમ જગતના સર્વપુદ્ગલો દ્રવ્યોમાં ઉપાદન કારણ બેઠું જ છે. નિમિત્ત મળતાંજ તે પ્રાપ્ત કરી શકે છે. તેમ જીવવિભાવદશામાં કર્મ પુદ્ગલને ગ્રહણ કરે છે. એટલે ઘાતી કર્મોમાં ઘાતક પણું આવ્યું. જીવનો પોતાનો સ્વભાવ કર્મ બાંધવાનો નથી છતાંય અનાદિથી આ ધંધા ચાલે છે આ વાત જ્યારે સમજશે મજબૂત પણ ત્યારે આર્ત ધ્યાનથી જીવ બચીજશે. આ રીતનું ચિંતન અને સંયમની ભક્તિથી વહોરાવનાર, નવું ઉપકરણ વહોરાવે તે જોઈને, સંયમી સાધુમુનિરાજને જો થોડું પણ આકર્ષણ રાગ થાયતો સાંપરાયિક બંધ થયોજ. સંસ્થાન વિચય એટલે૧૪ રાજલોકની આકૃતિનું ચિંતનમનન, પંચાસ્તિકાય દ્રવ્યોથી લોક ભિન્ન વસ્તુ નથી. પંચાસ્તિકાયમય જ છે. તેનું ચિંતન અનેક રીતે કરી શકાય.

મૃત્યુ સમયે દુઃખ શોક થાય છે અને જન્મ વખતે આનંદ હર્ષ થાય છે. પણ વિચારવું જોઈએ કે જન્મને મૃત્યુ કોના હે ચેતન તું તો અવિનાશી અજન્મા - શાશ્વતો છે. તો પછી કોના જન્મ મૃત્યુમાં, ઉત્પત્તિમાં હર્ષને શોક કરે છે જે તારા નથી એવા પુદ્ગલને કારણે આત્માની શક્તિ આનંદ સમતા ખોઈ રહ્યો છે જરા વિચાર. જીવદ્રવ્યજ સર્વ દ્રવ્યોનો ભોગવટો કરનાર છે, એટલે જીવદ્રવ્ય કારણ દ્રવ્ય અને બીજા અકારણ દ્રવ્યો છે.

જીવમાં પુદ્ગલના કારણે ગતિપરિણામ સ્થિતિ પરિણામ પેદા થયા પછી, ધર્માસ્તિકાયાદિ નિમિત્ત તરીકેનું કામ કરે છે. એક એક આત્મ પ્રદેશ ઉપર અનંતાનંત કર્મ સ્કંધોના પરમાણુંઓ રહેલા છે. સોનામાં સોના કરતાં અસંખ્યગુણું કથીર ભળેલું છે. સુખને દુઃખ પરવસ્તુ છે, દુઃખમાં હજુ સમભાવ કેળવી શકાય છે, પરંતુ ખૂબ સુખોમાં સમભાવ કેળવવો અતિ મુશ્કેલ છે.

દુઃખમાં સમભાવ કેળવી મોક્ષમાં જેટલા ગયા છે. તેટલા સુખમાં કેળવીને બિલકુલ ગયા નથી.

સંસ્થાન વિચય ફક્ત આકૃત્તિના ચિંતન પુરતું નથી, તે વૈરાગ્ય લાવવાને મજબૂત કરવા અનેક રીતે ચિંતન થઈ શકે છે.

**ધર્મ ધ્યાનના બે ભેદ છે.**

એક સાલંબન અને બીજું નિરાલંબન પિંડસ્થ-પદસ્થ અને રૂપસ્થ સાલંબન ધ્યાન છે, જ્યારે રૂપાતીત એ આજ્ઞાવિચયાદિ ચાર રૂપે નિરાલંબન ધ્યાન છે. શ્રી જીનપડિમા અને શ્રી જીનવાણી શ્રવણ વડે આર્ત ધ્યાન દૂર થાય અને જે ધર્મધ્યાન આવે તે સાલંબન. જીવનમાં અનેક વાર અનેક ભવ સુધી સાલંબન ધ્યાન આવ્યા પછી, એકજ વાર પ્રાયઃ નિરાલંબ ધ્યાન આવે છે.

શુક્લ ધ્યાન વિના ચાલવાનું નથી, પણ શુક્લ ધ્યાન માટે વધુ નિરાલંબન ધ્યાનની જરૂર છે એ નિરાલંબન ધ્યાન સાલંબનના ખૂબ અભ્યાસવિના આવે નહિં. છઠ્ઠા ગુણસ્થાનકમાં વર્તતો આત્મા તેને બે પ્રકારના યોગ હોય શુભયોગ અને અશુભયોગ ઉભયકાલ પ્રતિક્રમણાદિનચર્યા કરવા પછી જો ઉપયોગની શૂન્યતા હોય તો છઠ્ઠે હોવા છતાં તેને અશુભયોગ છે. જ્યારે ઉપયોગની બરાબર જાગૃતિ હોય તો તેને શુભયોગ. આવો શુભયોગી અણારંભક છે અને અશુભયોગી આરંભક છે. જ્યારે જીવ અશુભયોગમાં વર્તતો હોય ત્યારેજ આયુષ્ય બંધાય છે અને તે વૈમાનિક નિકાયમાં કોઈ સ્થાનનું બાંધે. છઠ્ઠા પ્રમત્ત સંયત ગુણસ્થાનવાળાને નિરલંબન ધ્યાન ટકી શક્તું નથી. એવું શ્રી જીન ભાસ્કર અર્થાત્ સામાન્ય કેવળીયો માં સૂર્ય સમાન જીનેશ્વર દેવે કહ્યું છે. નિરાલંબન ધ્યાન સાતમા થી છેક બારમા સુધી હોય છે. ૭માં અને ૭ માંથી આગળ ના ગુણસ્થાનકોનું નિરાલંબન ધ્યાન જો કોઈકવાર એકજ ક્ષણ પુરતું આવી જાય અને આવશ્યક ક્રિયા છોડી પદ્માસન લગાવી બેસી જાય તો તે ભાઈ ઉભયભ્રષ્ટ થઈ જાય. ન ધ્યાન ટકે અને વ્યામોહથી ક્રિયાતો છોડી જ દિધી છે. પણ તે વખતે જો તે ભાઈ એમ વિચારે કે આ નિરાલંબન

ક્ષણ વાર પુરતું પણ આવ્યું તે અનેક વર્ષોના અને ભવોના સાલંબન ધ્યાનથી જ આવ્યું છે. તેના સતત અભ્યાસના કારણે જ આવ્યું છે. માટે સાલંબન ધ્યાન બિલકુલ છોડવું જોઈએ નહિં. પ્રથમતો છઠ્ઠું સાધુ સાધ્વીને કેટલે અંશે સ્પર્શ્યુ છે તેતો જ્ઞાની જાણે. આ અતિ દુષમકાળ માં પણ છઠ્ઠામાં સાતમું સ્પર્શિ જવું ખૂબજ દુર્લભ છે. સમ્યગદર્શન પણ સ્પર્શેલું છે કે કેમ એ વિચારણીય બને છે. ત્યાં નિરાલંબ ધ્યાનનીવાત ક્યાંથી આવે.

શરૂમાં ચારિત્ર લેતી વખતે જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય થી ગ્રહણ કર્યું પણ હોવા છતાં વર્ષોના ચારિત્ર પર્યાયમાં બાહ્ય પ્રવૃત્તિ સાથે એક સરખી અંતરંગ જાગૃતિ રહેવી બહુ મુશ્કેલ છે. નમોસિદ્ધાણં પદ બોલતાં જો ઉપયોગમાં શ્રી સિદ્ધભગ. પોતે સાક્ષાત આવી જાયતો નો આગમની દ્રષ્ટિથી અપેક્ષાએ તે વખતે આત્મા સિદ્ધ સ્વરૂપી બની જાય, તદ્સ્વરૂપી છે. તે સમયે તે પવિત્ર આત્મા દીર્ઘ સ્થિતિવાળા કર્મો ન બાંધે અને પૂર્વ બાંધેલામાં અપવર્તના કરણ વડે કર્મની સ્થિતિને રસમાં જરૂર ઘટાડો કરેજ ઘટાડો અવશ્ય થાય.

યમ એટલે ચરણ સિત્તરિ અને નિયમ એટલે કરણ સિત્તરી નિરાલંબન ધ્યાન સાધુજનોના વિષય વાળું છે, તેને ગૃહસ્થતો બિલકુલ કરી ન શકે આ વાત નિશ્ચિત બને છે. ગૃહસ્થને ભાવ સાધુપણું સ્પર્શે ખરૂં, પણ, પછી તે ગૃહસ્થ પણામાં રહે નહિં. સંસારમાં રહ્યાં પછી ગમે તેટલા નિર્લેપ રહેવાની ભાવના છતાંય રાગાદિકની પરિણતિ આવ્યા વિના રહે નહિં. જો એમ ન જ હોય તો પ્રબળ વૈરાગી શ્રી તિર્થંકર દેવો રાજયાદિ છોડીને શા માટે નિકળે ? ગૃહસ્થાશ્રમમાં સાધનાની શકયતા નથી. ગૃહસ્થાશ્રમમાં પૂર્વની આરાધનાને કારણે અને સમ્યગદર્શનની પ્રબલતાને કારણે, અન્તર્મુહૂર્તમાં કેવલજ્ઞાન થઈ જાય. જેમ ભરત મહારાજને કેવલ જ્ઞાન પછી તુર્તજ દેવોએ આપેલ ચારિત્ર વેષ ને ગ્રહણ કરે છે અને તેવેષ ઔદારિક વર્ગણાના પુદ્ગલોનો

બનેલો હોય. પાંચમામાં જઘન્ય ધર્મધ્યાન, છઠ્ઠામાં મધ્યમ અને ૭ માંથી ઉત્કૃષ્ટ કોટીનું ધર્મધ્યાન હોય. છઠ્ઠામાં મધ્યમ અને તે ગૌણ પણે હોય છે. અને આવા કારણે જ છઠ્ઠામાં ઉત્કૃષ્ટ કોટીનું નિરાલંબન ધર્મ ધ્યાન ન હોય. નિરાલંબન ધર્મધ્યાન એટલે ઉત્કૃષ્ટ ધર્મધ્યાન અને તેમાં પણ અનેક પ્રકારની તરતમતા. મૂળ ૭ માંથી ઉત્કૃષ્ટની શરૂઆત. ઉપશમ શ્રેણિવાળા કરતાં ક્ષપક શ્રેણિવાળાનું ઘણું પાવરફુલ ધર્મધ્યાન હોય જ્યાં સુધી શ્રેણિ નથી માંડી ત્યાં સુધીતો ૭ મું ક્ષણવારજ રહેવાનું છે. તેથી તેણે આવશ્યકાદિ ક્રિયા ને છોડવી જોઈએ નહિં. કોઈ પણ સાધકને પ્રાયઃ મોટે ભાગે છઠ્ઠું ગુણ હોય કારણ એનો કાળજ ખૂબ મોટો છે. ઉપશમ શ્રેણિવક્ળો ૧૧મે પહોંચે અને આયુષ્ય પૂર્ણ થાય તો સીધો ૪ થા ગુણસ્થાનમાં જવાનો એટલે આવશ્યક ક્રિયાની વાત ત્યાં નથી પણ જો ઉપશમ શ્રેણી માંડયા પછી તેનો કાળ બે ઘડી નો પુરો કરે તો ફરી પાછો છઠ્ઠે પહોંચી જાય અને ત્યાં થી ફરી ઉપશમકે ક્ષપકશ્રેણિ માંડે. જેણે એકજ ભવમાં બે વખત ઉપશમશ્રેણિ માંડેલી હોય તો તે તેજભવમાં હવે ક્ષપક કે ઉપશમ કોઈ શ્રેણિમાંડી ન શકે. પણ જેણે એકજ વાર માંડી હોય તે ફરી બીજીવાર તેજ ભવમાં માંડી શકે ઉપશમ શ્રેણિ એક ભવમાં બે વાર માંડી શકાય છે. અને ક્ષપક એકજવાર અને જેણે ઉપશમશ્રેણી બે વખત માંડી છે તે તેજ ભવમાં ક્ષપક પણ માંડી ન શકે. ૮માં ગુણસ્થાન થી ૧૧માં ગુણ નો સ્વતંત્ર અને સંકલિત ભેગો બન્ને રીતે કાળ એકજ અન્તર્મુહૂર્તનો છે. છઠ્ઠામાં ક્ષણવાર નિરાલંબન ધ્યાનનો આનંદ અનુભવી પછી એમ માને કે હવે મારે ક્રિયા કાંડની કોઈ જરૂર નથી, તો તે હજુ શ્રી જીન શાસનના રહસ્યને સમજ્યોજ નથી અને તેથીજ તે મિથ્યાત્વથી મોહિત બને છે. કારણ શ્રી જૈન શાસનની આ અણમોલ વ્યવસ્થાને તોડી, વિપરીત ભાવ, શ્રદ્ધા ઉભી કરી તે પોતે માનેલી વાતનું પ્રતિપાલનતો કરશે, સાથે પ્રતિપાદન પણ કરવા લાગશેજ. જેમ શ્રીમદ્ રાજચંદ્રજી એ પૂર્વજન્મના જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમના

કારણે અનેક ગ્રંથો જે લખ્યા છે તે જો કોઈ વાંચે તો વાંચનારને ક્રિયા તરફ અરૂચી અનાદર થયા સિવાય રહે નહિં. અસ્તુ ક્રિયાની જરૂરતો અવશ્ય ખૂબ જ છે પરંતુ તેમાં જડતા ન હોવી જોઈએ વાત પણ એટલીજ જરૂરી છે. પ્રથમજ્ઞાન અને પછી ક્રિયા અને સાથે સાથે જ્ઞાન આ બન્ને વાતો પૂર્વાચાર્ય ભગવંતોએ સાપેક્ષ ભાવે કહી છે, એકાન્તભાવે નથી કહી. આપણે જ્ઞાન કે ક્રિયાના આળસુ કે ચોર હોઈએ તો, તે સાપેક્ષ બાબતોને એકાન્તે ગ્રહણ કરી લઈશું. શ્રી જૈન સાશનના મહાપ્રભાવક પૂ. શ્રીમાન્ ઉપા. યશો વિજયજી મહારાજ સાહેબ ફરમાવ્યું છે કે "ક્રિયા બિન જ્ઞાન નહિં કબહિ ક્રિયા જ્ઞાન બિનનાંહિ ક્રિયા જ્ઞાનદોનું મિલત રહત હૈ જ્યું જલરસજલમાંહિ". જ્યાં સુધી સમ્યગ્ દર્શન નથી ત્યાં સુધી ક્રિયાની મુખ્યાતા અને સમ્યગ દર્શન પામ્યા પછી જ્ઞાન પૂર્વકની સમજણ પૂર્વક ક્રિયા થવાથી જ્ઞાનની મુખ્યતા ગણાય પણ ક્રિયા ક્ષપક શ્રેણી માંડવા સિવાય ક્યારેય છોડવાની નથી.

**પ્રશ્ન : પરાણે વ્રત નિયમ કે બાધા આપ્યા પછી કોઈ તેનો ભંગ કરે તો?**

જવાબ : સામાન્ય રીતે કોઈ અપવાદ સિવાય નિયમ બાધા વગેરે કોઈને પરાણે તેની ઈચ્છા વિરૂદ્ધ આપવામાં આવતા નથી તેને સમજાવી જો તે લેવામાં રાજી હોય તો અપાય છે છતાં પણ પ્રમાદ કે અજ્ઞાનના કારણે ભંગ કરે તો પ્રાયશ્ચિત્તનું વિધાન છે અને કદાચ તે પ્રાયશ્ચિત્ત લેવા તૈયાર ન થાય તો જ્યાં સુધી તેણે નિયમનું પાલન કર્યુ ત્યાં સુધી તો તેને લાભ મળ્યો જ ગણાય.

કોઈ પણ આગળના ગુણની પ્રાપ્તિમાટે અંતરંગ ભાવની વિશુદ્ધિ કારણ મુખ્ય છે. જે છઠ્ઠે ગુણસ્થાનકે છે તે જો પાંચમે ન જાય તો અન્તર્મુહૂર્ત પછી તેને ૭મું અપ્રમત્ત આવવું જ જોઈએ છઠ્ઠાનો સ્વતંત્રકાળ એક અન્તર્મુહૂર્તનો જ છે. જેમ પાંચમાંગુણ નો સ્વતંત્રકાળ દેશે ઉણા પૂર્વક્રોડ વર્ષનો છે. તેમ છઠ્ઠા અને સાતમાનો બન્નેનો ભેગો મળીને કાળ દેશેઉણાપૂર્વક્રોડ વર્ષનો છે. એકલા

છઠ્ઠાનો નથી. હિંચકા- હિંડોળાની જેમ છઠ્ઠું ને સાતમું, છઠ્ઠું ને સાતમુ એમ ચાલ્યા કરે સાતમુંગુણ. એક એવી બ્રેક છે કે જે આત્માને છઠ્ઠાથી નીચે જવા દેતુંજ નથી. અવધિજ્ઞાની, મનઃપર્યાયજ્ઞાની અને શ્રુતકેવળી દરેકને જ્યાં સુધી પ્રમત્ત છઠ્ઠું છે, ત્યાં સુધી આવશ્યકાદિ ક્રિયાની ઘણી જરૂર છે જ તે સાલંબન ધ્યાન છે. મતાન્તરે પાંચમું કે સાતમું સ્પર્શ્યાવિના એકલા છઠ્ઠાનો કાળ દેશોન પૂર્વક્રોડ વર્ષનો પણ હોઈ શકે છે એમ કોઈ કોઈક આચાર્યો માને છે. તેમાં જઘન્ય-મધ્યમને ઉત્કૃષ્ટ તરતમતા ચાલ્યા કરે. નિરાલંબન ધ્યાન નો અભ્યાસ જરૂર કરવો જોઈએ, પરંતુ સાધુ પદનો વ્યવહાર ન બગડે તેને કારણે પ્રમત્તસ્થાનવાળાએ આવશ્યકાદિ ક્રિયા છોડવી જોઈએજ નહિં. જેના સતત અભ્યાસને કારણે નિરાલંબન મળ્યું છે તેને જ્યાં સુધી પૂર્ણાતાએ આત્મા ન પહોંચે ત્યાં સુધી બિલકુલ છોડવું જોઈએ નહિં અધ્યાત્મસાર - અધ્યાત્મ ઉપનિષદ્ વગેરેમાં પંચાચારના બરાબર પાલનનેજ અધ્યાત્મ કહ્યું છે. ફક્ત પ્રવચન અને મિથ્યા દલિલોના તડાકા મારવાને કહ્યું નથી.

સાચીરીતે શ્રી જૈન શાસનને પામેલો, વ્યવહાર પૂર્વકના જ નિશ્ચયને માને. છઠ્ઠામાંજ નિરાલંબનની હઠકરનારો વ્યવહારને માનતો નથી. અને વ્યવહારને આચર્યા વિના, નિશ્ચય ને સાચી રીતે પામતો નથી. વ્યવહારને નિશ્ચય બે માંથી એકેય છોડવાનો જ નથી. આત્મામાં અંતરમાં નિશ્ચયની દ્રષ્ટિ રાખીને જ વ્યવહાર આચરવાનો છે. નિશ્ચયને છોડવાથી તત્વનો ઉચ્છેદ થશે, માટે પ્રમત્ત ગુણસ્થાનકે ષડ આવશ્યક ક્રિયા ખૂબ જ જરૂરી છે. વ્યાખ્યાન શ્રવણ-વાચનાદિ શ્રુત સામાયિક છે. પ્રભુ પૂજન કરતાં ગ્રંથીભેદ થી સમ્યગ દર્શનને આત્મદર્શન થી જાય એ નિશ્ચયથી ચતુર્વિશતિ સ્તવ છે. કદાચ પાંચમામાં ષડ્ આવશ્યક ફરીજીયાત ન બને તો પ્રથમના બે શ્રુતતામાયિક અને નિશ્ચયથી ચતુર્વિશતિ સ્તવતો નક્કી ફરજીયાત જોઈએ જ છઠ્ઠાગુણવાળો ક્રિયા અનુષ્ઠાન દ્વારા પ્રમત્ત દશાને કારણે વધુમાં વધુ અનુત્તરવિમાનમાં પેદા થવાનું પુણ્ય મેળવી શકે અને તે

પણ અશુભયોગમાં વર્તતો હોય ત્યારેજ. અનુત્તર-સર્વાર્થસિદ્ધ વિગેરેનું આયુષ્યતો તે જ બાંધે જે પ્રમાદી હોય છતાંય તેની અન્તરંગ દ્રષ્ટિ તો અપ્રમત્ત ભાવ તરફ જ હોય. કારણ કે અનુત્તરની પાછળ એકાવતારી પણું બેઠું છે. જો કે છટ્ઠાવાળા બધાજ કાંઈ અનુત્તરનું જ આયુષ્ય બાંધે એમ, ન સમજવું અબદ્ધાયુષ્ક ક્ષાયિક સમ્ય વાળો અને અત્યંત નિર્મળ વિશુદ્ધિ યુક્ત ક્ષયોપશમ વાળોજ અનુત્તરનું આયુષ્ય બાંધે બીજા નહિં. સંજવલન કષાયોની આધીનતાજ એટલેજ છઠ્ઠુંગુણ. ૭માંથી સંજવલન ની આધીનતાજ એટલેજ છઠ્ઠુંગુણ. ૭માંથી સંજવલન ની આધીનતા દૂર થઈ જાય છે. સંજવલનનો ઉદયતો બન્ને ૬ને ૭મા માં પણ છે જ તો પણ સાતમામાં આધીનતા અત્યંત અલ્પજ છે. સંજ્વલન કષાયો દેશઘાતી જ છે. જે ક્ષયોપશમ ભાવનો ગુણ હોય તે અવશ્ય ઉદયાનુ વિદ્ધજ હોય જેટલો ઈન્દ્રિયોનો સંયમ તેટલી ચિત્તવૃત્તિની સ્થિરતા વૃત્તિનિરોધ ચિત્તવૃત્તિની સ્થિરતા નિરાલંબન ધ્યાન માટે જ સૌ પ્રથમ જરૂર છે. આલંબન સામે હોવા છતાં પણ વૃત્તિ નિરોધ નથી થતો. સ્વાધ્યાય અને પ્રભુપ્રતિમા એ પ્રશસ્ત આલંબન છે. સ્વાધ્યાય કરતી વખતે અર્થના ચિંતન વખતે, તન્મયતા વર્તતી હોય છે. એવી જ રીતે પ્રભુ ભક્તિમાં પણ કોઈવાર તન્મયતા આવી જાય છે. નિરાલંબન ધ્યાનમાં એકાન્ત સ્થાન, ઈન્દ્રિયવિજય, ચિત્તવૃત્તિનિરોધ, પછી વાયુને કાબૂમાં લેવાનો અભ્યાસ એટલે પ્રાણાયામનો અભ્યાસી હોવો જોઈએ, ધૈર્ય અને ઉપસર્ગ સહન કરવાની શક્તિ અને નિર્ભયપણું વર્તતું હોવું જોઈએ., અંતરમાં શ્રદ્ધા પેદા થવી જોઈએ કે, ધર્મ અંદર આત્મામાં છે. પછી બહાર ગમે તે કારણ આવે તો શી ચિંતા છે. પ્રાણાંત કષ્ટ આવે અને કદાચ પ્રાણ ચાલ્યા જાય તો પણ ભાવ પ્રાણ સાથે લઈને જાય છે. ૧૦ પ્રાણની પ્રાપ્તિએ પુણ્ય છે. જ્યારે ૧૦ સાથે ધર્મ ૧૧મો પ્રાણ ભળે ત્યારે પુણ્યાનું બંધિ પુણ્ય બંધાય.

આત્મા આત્મગુણો માંજ રમણતા કરે તે આધ્યાત્મ. વર્તમાન સમયમાં રાગાદિકના સાધનો વધ્યા, અને શાસ્ત્રોનું વાંચન છતાંય

ચિંતન - મનન પાચન ઘટયું છે. ધર્મક્રિયા એ ધર્મનું શરીર છે અને ધર્મક્રિયા પછી કષાયો મંદ પડવા અને સમ્યગ્ દર્શનની વિશુદ્ધિ બરાબર થવી એ ધર્મનો પ્રાણ છે. આજે એ પ્રાણ વગરનું કલેવર ગંધાઈ ઉઠયું છે. કારણ કે અંદરથી પ્રાણ ચાલ્યા ગયા છે. પ્રમત્ત ગુણમાં નિરાલંબન ધ્યાન આવતું નથી પણ તેને માટે બરાબર લક્ષ્ય ભાવના રાખવી જોઈએ. કાઉસગ્ગ એ ધ્યાનની પ્રક્રિયા નું મંગલાચરણ છે અન્નત્થ સૂત્રમાં બતાવેલા આગારો અશક્ય પરિહાર હોવાથી છૂટ આપવામાં આવેલ છે અગ્નિ સર્પાદિકના સમયે આગાર છૂટ છે, પરંતુ તેનો ઉપયોગ કરવોજ જોઈએ એવું નથી. એ વખતે પણ ખૂબ નિર્ભયતા અને દૃઢ શ્રદ્ધા હોયતો કાઉસગ્ગ અખંડ રાખે. ધૈર્યતા પછી કલ્યાણને માટેની ભાવના નિરાલંબન ધ્યાનમાં હોવી જોઈએ. મહર્ષિ પતંજલી એ પણ કહ્યું છે કે "અહિંસાયાં પ્રતિષ્ઠાયાં તત્સમીપે વૈર નાશઃ" પ્રબળ અહિંસકની નજીક આવનાર હિંસક પણ, અહિંસક બની જાય છે. રાગાદિકની પરિણતિનો ઉપશમ થાય પછી ઈન્દ્રિયોના વિષયોનું જોર નબળું પડે છે. કલ્યાણ પછી, જૈન શાસનનું નિર્મળજ્ઞાન વર્તતું હોય પ્રશસ્ત મૈત્રિ ભાવની ભાવના હોય તો, ભગવાનની વાણી રૂપી પરમૌષધ દ્વારા, રાગ રૂપી રોગને દૂર કરી, ચિત્તની એકાગ્રતા પૂર્વક કરેલ ધ્યાનની પ્રબળ અગ્નિ કેવલજ્ઞાન રૂપી લક્ષ્મીનો સાક્ષી છે.

वने पद्मासनासीनं क्रोडस्थितमृगार्भकम् ।
कदाऽऽघास्यन्ति वक्त्रेमां जरन्तो मृगयुथपा ।।
शत्रौमित्रे तृणेस्त्रौणे स्वर्णेऽश्मानि मणौ मृदि ।
मोक्षेभवे मविष्यामि निर्विशेष मति कदा ।।

વસ્તુપાલ ચરિત્રમાં તેમની ભાવના-હે શ્રી ઋષભદેવ ભગવંત શ્રી શત્રુંજય મહાતીર્થની ઉડી ગુફામાં આસન લગાવી મારૂં જ્ઞાનગર્વથી રહિત મન ક્યારે થશે સંસારના વ્યવહારની પ્રવૃત્તિ ચાલુ છે તેમાંથી મારી બુદ્ધિ વિરામ ક્યારે પામે હું ગૃહસ્થના કર્તવ્યની વાતને તિલાંજલી આપી અ ત્રણેયલોકના સ્વરૂપનું યથાશક્તિ ચિંતન કરતો રહું એવી ચિત્તની નિર્મળતા ક્યારે પ્રાપ્ત કરૂં.

જે લાભ અત્યાર સુધી પ્રાપ્ત નથી થયો તેની પ્રાપ્તિ, અહિં આ ગુણસ્થાનકમાં થાય છે માટે. મિથ્યાદ્રષ્ટિને સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ વખતે બીજું જે અપૂર્વકરણ થાય છે, અને તેકરણમાં પૂર્વે અનંતકાલમાં પણ ન થયેલું એવું રાગદ્વેષની અતિતીવ્ર ગાંઠ તોડવાનું અતિ અપૂર્વકાર્ય થતું હોવાથીજ, તેનું નામ અપૂર્વકરણ પડેલું છે. પરંતુ તે કરણ ક્રિયા છે ગુણસ્થાનક નથી. પરંતુ મિથ્યાત્વમાંથી સમ્યકત્વ દેશવિરતિ સર્વવિરતિ અપ્રમત્તા અપૂર્વ સ્થિતિઘાત રસઘાત ગુણસંક્રમ ગુણશ્રેણી વગેરે આગળ આગળના ગુણો કાર્યો અપૂર્વ અપૂર્વ એવી અધ્યવસાયની વિશુદ્ધિ વડે જ પ્રાપ્ત થતાં હોવાથી અપૂર્વકરણ એવું નામ અપાયું છે. સમ્યગ્ દર્શન માટે તો પ્રથમ પ્રાપ્તિ વખતે એકજ વાર અપૂર્વ કરણ કરવાનું હોય છે, અનેક વાર મિથ્યાત્વે જાય તો પણ ફરી નહિં. જયાં અપૂર્વકોટિનો લાભ થવાની તૈયારી કરાય તે અપૂર્વકરણ, નવમા ગુણ સ્થાનકે અત્યાર સુધી ઉદયમાં વર્તતિ મોહનીયની ૨૧ - કે ૨૦ પ્રકૃતિનો ક્ષય કરવાનો છે અથવા ઉપશમ કરવાનો છે. તેને માટેની પરમ વિશુદ્ધિની તૈયારી આઠમે કરવાની છે. ફક્ત એકજ અન્તર્મુહૂર્તમાં વીશવીશ પ્રબળ પ્રકૃતિઓને ઉડાડવા માટે કેટલી જોરદાર તૈયારી કરવી પડે છે. અને તે તૈયારી આઠમે થાય છે. ૭મા માંજે સંજવલન કષાય હતો, તેનાથી પણ ઘણો મંદ સંજવલન અહિં આઠમે હોય. અને નોકષાય પણ અત્યંત મંદ. ઉદયાધીનતા અને નવો બંધ જેમ મંદ પડે તેમ, કષાયોદયમાં પણ મંદતાજ આવે. ત્યારે કોઈ **અપૂર્વ કોટિનો આત્મઆલ્હાદ પ્રગટે**. જેટલા અંશે કષાયની મંદતા, તેટલા અંશે વર્તના પર્યાય નિર્મળ. અને આ નિર્મળતા અદ્ભુત હોવાથી, પૂર્ણતાએ પહોંચાડયા વિના રહેવાની નથી. સમ્યગ્ જ્ઞાન એટલે સ્વનેયથાર્થ જાણવું, સમ્યગ્ દર્શન તેસ્વમાં સુદૃઢ રૂચિ, દેશને સર્વવિરતિ એટલે સ્વતરફ જવાની પ્રવૃત્તિ ને દોટ મૂકવી. અને દોટ મૂકતાં ગબડે ઉભો થાય, ગબડે ઉભો થાય ફરી દોડે. આ છઠ્ઠાસુધીમાંજ જયાં સાતમે થી આઠમે જવા માટે આવ્યા પછી પડવાનું કે પિછે હઠવાનું નથી. ૭મા સુધી જ છઠ્ઠાની સાંકળ બંધાયેલી હતી પણ જયાં આઠમે પહોંચ્યો એટલે છઠ્ઠાની સાંકળ તુટી, છુટી ગઈ, **આ પણ મહાન અપૂર્વલાભ થયો.**

**પ્રશ્ન : ત્યારે નવમા ગુણસ્થાનકનું નામ અનિવૃત્તિકરણ કેમ ?**

**જવાબ :** નિવૃત્તિ એટલે તરતમતા અને અનિવૃત્તિ એટલે તરતમતાનો

અભાવ. એક સમયનો એકજ અધ્યવસાયભાવ-પરિણામનું સ્થિર પણું હોવાથી, અનિવૃત્તિ પાછા ફરવાનુંજ નહિં માટે એવું નામ છે ભાવો બદલાયા કરવાનાજ નહિં. કીટ્ટીકૃત સૂક્ષ્મલોભમાત્ર અહિં બાકી છે. મહાવિશુદ્ધિ વડે કષાયનો રસ એવો તોડી નાખ્યો છે કે મોહનીયનો ઉદય છતાંય બંધ નથી.

ગુણસ્થાનકની વ્યવસ્થા જ્ઞાન પર્યાય અને વર્તના પર્યાય ઉપર આધારિત છે. સર્વપ્રથમ જ્ઞાનપર્યાય શુદ્ધ થવો જોઈએ. અનંતા કાલથી વર્તના અને જ્ઞાન બન્ને પર્યાયો અશુદ્ધજ છે.

મિથ્યાત્વ ગુણસ્થાનકમાં જ્ઞાનપર્યાયમાં વિપર્યાસ છે મિથ્યાત્વના અનાદિના ઉદયના કારણેજ જ્ઞાન દર્શન વીર્યમાં વિપર્યાસ છે. કરણવીર્યની અનુકુલતાએ દ્રવ્યચારિત્ર, અને ઉપયોગ વીર્યની અનુકુલતા એ ભાવ ચારિત્ર. અસત્ કલ્પનાથી વિચારો કે ૮ કર્મમાં એક મોહનીયકર્મ ન હોય તો જે બંધથાય તે ઐર્યાપથિક થાય સાંપરાયિક ન થાય. સાસ્વાદન બીજા ગુણમાં દ્રષ્ટિ નિર્મળ છે. ૬ આવલિકાપર્યન્ત મિથ્યાત્વનો ઉદય નહિં થાય. પરંતુ અનન્તાનું બંધિ કષાયનો ઉદયતો ચાલુજ છે. અને તે જરૂર મિથ્યાત્વને ખેંચી જ લાવશે. આ એકજ ગુણ સ્થાનક એવું છે જ્યાં, અનન્તાનુબંધિ ઉદયમાં છે છતાંય મિથ્યાત્વ નથી. બીજાનું નામ સાસ્વાદન એટલે જ્યાં સમ્યકત્વનો જરાકજ સ્વાદ છે. અને સાસાદન એવું પણ નામ છે એટલે જ્યાં, સમ્યકત્વનો સાદન કેતા નાશ થવાનો છે તે. સાસ્વાદનમાં પણ અવિરતિના કારણે પૌદ્‌ગલિક રમણતા હોવા છતાં આત્માની સાથે કનેક્ષન છે જ. પૌદ્‌ગલિકભાવો માં તેટલો સમય ઉપાદેયતા નથી. મિશ્રમાં પૌદ્‌ગલિકની પક્કડ વધુ છે પણ પહેલા ગુણ જેવી નહિં. મિશ્રે મિશ્ર પુંજનો અર્ધશુદ્ધ - અધકચરા પુંજનો ઉદય છે. એકવાર જેને સમ્યગ દર્શન મળ્યું છે, તેનેજ આ મિશ્ર ગુણ આવે છે. જો અન્તર્મુખ થતાં સમ્યક્ કે મિથ્યાનો ભાવ ન થતો હોય તો આજગુણ સ્થાનક વિદ્‌યમાન છે. સમ્યકત્વનો

ઉત્કૃષ્ટકાળ સાધિક ૬૬ સાગરોપમનો છે, જયારે મિશ્ર ગુણ સ્થાનનો કાળ એક અન્તર્મુહૂર્તનો જ છે.

મિશ્રનો કાળ પૂરો થયા પછી તે સમ્યકત્વે કે મિથ્યાત્વે જાય. મિત્રા તારા બલા દિપ્રા યોગ દ્રષ્ટિ માં હજુ સમ્યકત્વ નથી, પણ સન્મુખ પણું છે. મિથ્યાત્વની મંદતા છે. હજુ સમ્યકત્વનો સૂર્યોદય નથી થયો પણ અરૂણોદય થયો છે. એટલે સૂર્યોદય થશે તે નક્કી જ છે. ચોથા ગુણ સ્થાનકની પ્રાપ્તિ પછી, જ્ઞાન પર્યાયની નિર્મળતા છે અષ્ટપ્રવચન માતા જેટલુંજ જ્ઞાન હોવા છતાં તેમાં નિર્મળતા છે. એક ક્ષાયિક સમ્યકત્વીને અષ્ટપ્રવચન માતા જેટલું જ જ્ઞાન છે, જયારે એક ૧૪ પૂર્વીને ક્ષયોપશમ સમ્યકત્વ છે. તેથી ક્ષાયિકવાળો અતિ અલ્પ છતાંય, પરમનિર્મળ જ્ઞાનવાળો હોવાથી પહેલો મોક્ષેજશે ભલે થોડું જેટલું જ્ઞાન પરંતુ સુનિર્મળ છે ૪થા ગુણ સ્થાનેવર્તતાને અષ્ટ પ્રવચન માતાના જ્ઞાનવાળાનો શ્રદ્ધાપર્યાય,અને કેવલીભગવંતનો જ્ઞાનપર્યાય એક સરખો વિશુદ્ધ છે.

સર્વદ્રવ્યના સર્વપર્યાયને એક શ્રદ્ધા વડે અને બીજા ૧૩મે કેવલજ્ઞાની જ્ઞાન પર્યાય થી જાણે છે. અવિરતસમ્ય માં જ્ઞાન પર્યાયશ્રીકેવળી જેવો, અને વર્તના પર્યાય મિથ્યાત્વી જેવો છે. ગુણકસ્થાનકનું કનેકક્ષન આંતરપરિણામ સાથે છે. બાહ્ય પ્રવૃત્તિ સાથે નથી. ચરમાવર્તમાં આવેલાને અનંતર કે પરંપરપણાએ પણ સમ્યગ્ દર્શન છે.

ગુણસ્થાનક પણ પરિણતિને કારણેજ છે અને વિકાસપણ પરિણતિને કારણે જ છે આજે પ્રવૃત્તિ વધી છે પણ પરિણતિ ઘણીજ ઘટી ગઈ છે. અઘાતિ નો બંધ પ્રવૃત્તિ ના કારણે છે, જયારે ઘાતીકર્મના બંધનું કારણ પરિણતિ છે અનંતા પુદ્ગલ પરાવર્ત પછી પ્રબળ ભાગ્યોદયે સમ્યગ્ દર્શનની પ્રાપ્તિ થઈ છે, સમ્યગ્ દર્શનમાં મોક્ષનું પ્રતિબિંબ છે નિર્મળ જ્ઞાન પર્યાયથી જાણ્યા પછી પણ અનાદિની અવિરતિની સાંકળના કારણે અંતરથી અવિરતિ ન ગમવા છતાંય વિરતિ તરફ

આગળ વધવા દેતી નથી, તેની સમ્યગ્ દ્રષ્ટિને વેદના જરૂર છે જ. બાર કષાયના ઉદયની આધીનતા પણ હવે ગમતી નથી તેથી તેના બંધમાં પણ હવે મંદતા આવે છે, અંતરમાં હવે એક નિર્ણય થઈ ગયો છે કે વિરતિમાં આવવું એજ ફક્ત કર્મના પ્રબળ બંધનો માંથી બચવાનો રાજ માર્ગ છે. જેટલી વિરતિ વધુ તેટલો પાપ બંધ ઓછો, મુક્તિનું અનંતર કારણ વિરતિ જ છે. સમ્યગ્ દર્શન પાછળ વિરતિ આવવી જ જોઈએ કારણ પાછળ કાર્ય આવવું જ જોઈએ.

સમ્યગ્ દર્શન પાછળ વ્હેલી કે મોડી પણ જો વિરતિ ન આવે તો તે સમ્યગ્ દર્શન યથાર્થ નથી. સમ્યગ્ જ્ઞાનનું કારણ સમ્યગ્ દર્શન છે, અને વિરતિનું કારણ સમ્યગ્ જ્ઞાન છે.

કર્મબંધનથી બચવું એટલે સંવર અને જ્યાં સંવર હોય ત્યાં સકામ નિર્જરા હોય જ. વિરતિ દ્વારાજ સંવર આવે, અને તપથી પણ સકામ નિર્જરા. મિથ્યાત્વમાં અનન્તાનુબંધિની ગ્રંથી હતી, અહિં ચોથામાં અપ્રત્યાખ્યાની ની ગ્રંથી છે તેને અપૂર્વકરણ વડે તોડવીજ પડે સમ્યગ્ દર્શન પછી ખરી રીતે સર્વવિરતિની જ ભાવના હોવી જોઈએ, છતાંય અનાદિકાળની અવિરતિની પક્કડથી કદાચ, સર્વ વિરતિ ન આવે તો દેશ વિરતિતો આવવીજ જોઈએ. દેશવિરતિ એટલે શુભયોગનો આરંભ. જીવન પર્યંત પાપની નિવૃત્તિ એનું નામ શુભયોગ છે. દેશ વિરતિમાં દ્રવ્યપાપોના પ્રત્યાખ્યાન, અને ભાવ પાપોના ત્યાગની સત્યપરિણતિ હોય. ચોથા ગુણસ્થાનકમાં વર્તતો જીવ જેટલો સમય તન્મયતાથી ધર્મક્રિયા કરે, તેટલો સમય શુભયોગ. આ વાત ઉપા. શ્રીમાન્ યશોવિજય મહારાજે એટલા માટે જ કહી છે. અને તેથી તો ચોથામાં વર્તતો જીવ શ્રી તીર્થંકરનામ કર્મ બાંધી શકે છે. છટ્ઠાનું નામ પ્રમત્ત સંયત છે તેમાં સં એટલે સમ્યક્ અને યત એટલે મન વાણી કાયાના પાપ વ્યાપારનો ત્યાગ મનવચન કાયા - કરણ કરાવણ અનુમોદન એમ નવકોટિ પચ્ચકખાણ છે. સર્વવિરતિની દરેક પ્રતિજ્ઞાના આલોવા પાઠ માં ત્રિવેધે ત્રિવિધેજ ભાંગો હોય છે પ્રત્યાખ્યાની ની ગ્રંથી અપૂર્વકરણ

વડે તોડી એટલે સર્વવિરતિ પ્રમત્ત સંયત છઠ્ઠું આવે પાંચ મહાવ્રત સ્વીકાર એ દ્રવ્ય છઠ્ઠું અને સંજવલનની ક્રમેક્રમે મંદતા તે ભાવ છઠ્ઠું. કષાયની આધીનતા ટાળવા માટે પુરૂષાર્થ છતાં અનાદિની અતિપરાધીનતાના કારણે કષાયમાં આધીનતા આવી જાય. માટે જ સંયત આગળ પ્રમત્ત વિશેષણ છે.

**પ્રશ્ન : શું દરેક અન્તર્મુહૂર્તો એક સરખા ?**

જવાબ : ૯ મા ૧૦ મા ૧૨માનુ અન્તર્મુહૂર્ત દરેક માટે એક સરખું ૯ માના પ્રથમ સમયથી ત્રણે કાળના જીવોના અધ્યવસાય એક સરખા હોય, એટલે દરેકને એક સરખું અન્તર્મુહૂર્ત અને ૧૦મા માં પણ હવે કોઈ પરિસ્થિતિમાં ફેરફાર થવાનો નથી, દરેક જીવને કીટ્ટીકૃત લોભ એક સરખોજ ૧૨મા નો સમય પણ સરખોજ, અહિં દરેકનો મોહનો ક્ષય થઈ ગયો છે. સત્તામાં રહેલા અનન્તા જ્ઞાનવરણાદિ ત્રણેય ઘાતીનો તીવ્ર અપવર્તના વડે એક અન્તર્મુહૂર્તનો કાળ કરી નાંખે છે. એટલે નવમા ગુણનાં પ્રથમ સમયે નવમામાં જેટલા જીવો દાખલ થયા તેટલા સર્વેને, કેવલ જ્ઞાન પણ એક સાથે જ થશે.

બંધની અપેક્ષાએ જ્ઞાનાદિત્રણમાં જે તરતમતા પડતી હતી, તે મોહના કારણે. મોહના ક્ષયથી તે તરતમતા દૂર થઈ છે. રસમાં પણ ૧૦ મે પહોંચતા જ ૧ સ્થાનિકજ બાંધે દ્વિ સ્થાનિક રસને પણ એક સ્થાનિક કરી નાંખે. મોહના ક્ષયથી હવે પ્રશસ્ત જ કરણ વીર્ય હોય છે. ઉત્કૃષ્ટ પ્રશસ્ત કરણ વીર્ય ૧૨મા માં છે. જયાં જ્ઞાનવરણાદિ ત્રણનો વીર્યયોગના પ્રકર્ષવડે ક્ષય કરવો છે. ૯મામાં કષાય-નોકષાયને વેદનો અત્યંત મંદોદય થતાં જ **અપૂર્વવિશુદ્ધિની પ્રાપ્તિ માટે જ અપૂર્વકરણ**. જોએલા સાંભળેલા પાંચેય ઈન્દ્રયોના વિષયની અભિલાષા અત્યાર સુધી અલ્પઅંશે પણ હતી, અને આંકાક્ષાના કારણે એટલા અંશે સંકલ્પ હતા. પરંતુ હવે ૯મા માંતો જયાં પરમાત્મતત્વ એકજ તત્વ ધ્યાનમાં એકાન્તે છે નિશ્ચલ પણે પરિણતિ છે નિવૃત્તિ પીછેહઠ નથી, તરતમતા નથી તેથીજ નવમાનું અનિવૃત્તિકરણ નામ છે. ધ્યાતા ધ્યેય બન્ને જેમ જેમ ધ્યાનમાં આગળ

વધતા જાય, તેમ તેમ એકમેક થાતા જાય, પરભાવ પણાનો ૯મા માં સર્વથા અભાવ છે. ૯મું ગુણસ્થાનક બે પ્રકારનું છે. એકતો ૧ ૨ **કષાય અને ૯ નોકષાય સત્તામાં છે પણ, ઉદય અટકાવ્યો છે. અને બીજા પ્રકારમાં** સત્તામાંથીજ તેનો ક્ષયકર્યો છે. મોહનીયની આપ્રકૃત્તિઓનો ક્ષય કે ઉપશમ ૯મે થાય છે. ક્ષયવાળા કરતાં ઉપશમવાળાની વિશુદ્ધિ ઓછી તેથી, ક્ષપક શ્રેણીવાળા કરતાં ઉપશમવાળો ડબ્બલસ્થિતિ બાંધે છે.

**પ્રશ્ન : તો પછી અનિવૃત્તિના અધ્યવસાય સ્થાન સમાન અને અન્તર્મુહૂર્ત નો કાળ પણ સરખો શી રીતે ?**

જવાબ : તેને માટે બે વિભાગ છે. ઉપશમ શ્રેણીવાળા દરેકજીવોના અધ્યવસાય સ્થાન સરખા, તેવીજ રીતે ક્ષપકવાળા દરેક જીવોના અધ્યવસાયસ્થાન સરખા. પરંતુ તે બન્નેની સરખામણી નકરવી. કારણ બન્ને ભાવો જુદા છે, એક ઉપશમ ભાવ છે જયારે બીજો ક્ષાયિકભાવ છે. એટલે બન્નેની વિશુદ્ધિ ક્યારેય સમાન હોય જ નહિં. ૧૦મે સંજવલનનો જે ઘટ્ટ રસ હતો તે તોડી નાખ્યો છે નુકશાન કરનાર રસ જ છે. લોખંડનો ટુકડો કે ઓજાર નુકશાન કરી શકે છે, પરંતુ લોખંડનો ભૂક્કો ચૂર્ણ કરી નાંખ્યા પછી ન કરી શકે તેમ કીટ્ટીકૃત લોભ નુકશાન કરી શકતો નથી .

**પ્રશ્ન : અહિં વર્તતા બન્ને શ્રેણિવાળા ની વિશુદ્ધિમાં તરતમતા છે. પરંતુ ૧૧મે ઉપશમ ને ૧ ૨મે ક્ષપકવાળા ની વિશુદ્ધિને સંયમસ્થાન સમાન કેમ ?**

જવાબ - ૯મા ૧૦મા માં મોહનો સંજવલન કષાયરૂપ ઉદય છે તેથી બન્નેમાં તરતમતા છે ત્યારે ૧૧ ને ૧ ૨ મે મોહના ઉદયનો અભાવ છે તેના કારણે વિશુદ્ધિ સમાન છે. તરતમતા મોહના ઉદયના કારણેજ પડે છે. ૧૧મે અન્તર્મુહૂર્ત પછી સત્તામાં પડેલા મોહના ઉદયની અસર દેખાશે, પણ જયાં સુધી ઉદયાભાવ છે ત્યાં સુધી બન્નેમાં સમાનતા છે.

આઠમાના પ્રથમ સમયથી શ્રેણીની શરૂઆત પરંતુ જેની ભવસ્થિતિ હજુ બાકી છે પાકી નથી. અથવા જેને ક્ષપકને યોગ્ય વિશુદ્ધિ હજુ આવી નથી. તેજ ઉપશમ શ્રેણી માંડે

**પ્રશ્ન : ઉપશમ શ્રેણી કેવા જીવો માંડી શકે ?**

જવાબ : પૂર્વધર શુદ્ધિમાન્ વિશુદ્ધિમાન્ અને પ્રથમના ત્રણેય સંઘયણોવાળો માંડી શકે. જ્ઞાન પર્યાયમાં જેટલી સ્થિરતા તેટલાજ ચારિત્ર પર્યાય. પરંતુ સંયમ સ્થાન જુદી વસ્તુ છે. સંયમ સ્થાન સમાન હોવા છતાંય, ચારિત્ર પર્યાયમાં ભિન્નતા તરતમતા હોય. ૧૧મે, ૧૨મે, ૧૩મે ગુણસ્થાને મોહના ઉદયનો અભાવ છે તેથી ત્રણેયમાં સંયમ સ્થાન એક સમાન છે. જયારે મતિશ્રુતવાળાને જેટલો જ્ઞાનનો ક્ષયોપશમ તેટલો જ્ઞાન પર્યાય ને ચારિત્ર પર્યાય, જેટલો જ્ઞાન પર્યાય તેટલી નિર્વિકલ્પતા જુઓ મહામુનિ ગજસુકુમાલને સસરા સોમિલે ઉપસર્ગ કર્યો તે વખતે ઉપસર્ગના કાળામાંજ તેઓ સર્વજ્ઞ બની ગયા હતા અને તે ઉપસર્ગની સર્વ હકીકત જ્ઞાનથી જાણતા હતા છતાંય જ્ઞાન પર્યાય માં વિકૃત્તિ આવતી નથી. ઉપસર્ગ ચાલુ જ છે ત્યારેજ તેમને ઘાતી કર્મ નો ક્ષયને કેવલ જ્ઞાન થઈ ગયું છે. તેથી તેજ વખતે ક્ષપક શ્રેણી તેજ સમયે ૧૦મે થી તુર્ત બારમે પહોંચ્યા છે, એટલે ઉપસર્ગના સમયે કેવલ જ્ઞાન થતાં માત્ર ઉપસર્ગ જાણ્યો એટલેજ તેમાં તેને જરાય વિકાર નથી આવ્યો. એમ કેવલી ભગવાન સર્વ પદાર્થોને જાણે પણ રમણતાતો સ્વસ્વભાવ ગુણોમાંજ. એટલુંજ જ્ઞાન પર્યાયો તેમના અનંતા પરંતુ સંયમસ્થાન બન્ને નું સમાન. જેવી કેવળી ભગવંતના અનંતાજ્ઞાન પર્યાયમાં નિર્મળતા તેવીજ અલ્પજ્ઞાનવાળાની પણ નિર્મળતા. ઉપશમ શ્રેણી માંડવાવાળાની યોગ્યતા તે પૂર્વધર હોવા જોઈએ, નિરતિચાર ચારિત્રવાળા જોઈએ. વિશુદ્ધ અધ્યવસાયવાળા અને પ્રથમના ત્રણ સંઘયણવાળા જોઈએ.

**પ્રશ્ન : અહિં સંઘયણનું કામ શું ?**

જવાબ : આત્મબળને પુર બહારમાં વિકસાવવા માટે કાયાના બળની પણ

ખૂબજ જરૂર છે ઉપયોગ વીર્યમાં પ્રશસ્તકરણવીર્યપણ ખૂબ જરૂરી છે. ક્ષપકશ્રેણીવાળાને તો પહેલું જ સંઘયણ હોય સંઘયણ એટલે ઉત્તરોત્તર હાડકાંની દ્રઢતા મજબુતાઈની ખાસ જરૂર. શુક્લ ધ્યાનના પ્રથમ પાયાનું ધ્યાન કરતો થકો સાધક ઉપશમ શ્રેણી ઉપર ચડી શકે છે. વળી પૂર્વજ્ઞ એટલે બારમું અંગ દ્રષ્ટિવાદ તેના પાંચ વિભાગો માંથી ચોથો વિભાગ પૂર્વગત છે. તેનું જાણપણું હોવું જોઈએ. કારણ કે શુક્લ ધ્યાનના પ્રથમના પાયાના વિષયો સવિતર્ક સવિચાર વિગેરે પૂર્વગત શ્રુતના જ્ઞાનવિના જાણી શકાતા નથી.

**પ્રશ્ન : શ્રેણી આરૂઢ જીવોમાં એક દીર્ઘઆયુષ્યવાળો અને બીજો અલ્પ આયુષ્યવાળો પણ હોય છે તેમાં વિશેષ શું રહસ્ય છે ?**

જવાબ : શ્રેણી ઉપર આરોહણ કર્યા પછી જે જીવો હજુ ૮ - ૯ - કે ૧૦મે જ હોય, ૧૧મેં હજુ ન પહોંચ્યા હોય, અને વચ્ચે આયુષ્ય પૂર્ણ થયું તો તે મરીને, ચાર અનુત્તરમાંજ જાય.

પરંતુ ૧૧મેં પહોંચ્યા પછી તેનું આયુષ્ય પૂર્ણ થાયતો નિયમા તે સર્વાર્થ સિદ્ધ વિમાનમાં જ જાય, અને તે નિયમા પ્રથમ સંઘયણવાળાજ હોય. અને તે વિમાનમાં જવાવાળા નિયમા એકાવતારીજ હોય. અને બાકીના ચાર અનુત્તરવાળા એકાવતારી પણ હોય, અને બે વખત એકાન્તરે વિજયાદિ માં જાય તો પછી એકાવતારી બને. અને તે સિવાયના બીજા વધુમાં વધુ ૨૪ ભવને અન્તે મોક્ષે જાય. પાંચેય અનુત્તરોમાં જે ઉત્કૃષ્ટ આયુષ્યવાળા તેમજ એકાવતારી હોય તેજ લવસત્તમીયા ગણાય બીજા વિજયાદિ ચારવાળા ન ગણાય.૧૦માં ગુણસ્થાને કોઈ પણ પ્રકૃતિને તે ઉપશાન્ત કરતો નથી. રસહીન પ્રાયઃ કરેલા એકલા થોડા સુક્ષ્મ લોભને ભોગવે છે. અને નવમેજ જે ૨૧ કે ૨૦ પ્રકૃત્તિ, ઓનો ઉપશમવાળા એ ઉપશમ કર્યો છે. તેજ નવમાની બે ઘડી ની વિશુદ્ધિ વધુ વિશુદ્ધિ ચાલુ રાખી બે ઘડી આગળ વધારી ૧૦મે બાકી રાખેલા સુક્ષ્મલોભનો ઉપશમ ભાવ કરી ૧૧મું પામે છે.

અને અગીયાર મે ઉત્તરોત્તર ચડતા પરિણામે ચારિત્રમહાગુણના પ્રબળ અનુરાગ વડે પરમ શાતા વેદનીયનો જ ફક્ત બંધ કરી અને શ્રેણી ઉપરથી પુનઃ ૪૮ મીનીટ પછી મોહના સજ્જડ ઉદયે નીચે પડે છે. હવે જેણે એકભવમાં એકજવાર ઉપશમ ભાવ પ્રાપ્ત કર્યો છે. તે ભવ્યજીવજો ચરમ શરીરી હોય તો ૧૧મે થી પડતા ૧૦-૯-૮મે થી ૭મે આવી અટકી જાય છે અને પુનઃ પરમ સંવેગભાવે રંગાઈ ઉત્તરોત્તર અનંત અનંતગુણ વિશુદ્ધિને પામતો ક્ષપકશ્રેણી માંડી ક્રમે ક્રમે સર્વકર્મ ખપાવી મોક્ષમાં ચાલ્યો જાય છે. પરંતુ જેણે એકજ ભવમાં બે વખત ઉપશમ શ્રેણી માંડી દીધી છે. તે ચરમ શરીરી નહોવાથી ફરી એજભવમાં ક્ષપક કે ઉપશમ માંડી શકતો નથી. આઠમાં ગુણકસ્થાનકના પ્રથમભાગે ૫૮ નો બંધ અને બીજાભાગથી ૬ઠ્ઠા ભાગ સુધીમાં ૫૬નો રહે અને ૭માં ભાગે સીધો ૩૦ ઘટાડી ૨૬નો બંધ કરે. તેમજ ૭૨ પ્રકૃત્તિઓનો ઉદય હોય અને ૧૪૮ની સત્તા હોય. તથા ૯મા ના પ્રથમ વિભાગે ૨૨નો બંધ, બીજાભાગે ૨૧નો, ત્રીજા ભાગે ૨૦નો ચોથા ભાગે ૧૯નો અને પાંચમાભાગે ૧૮નો બંધ હોય બાકીની નો બંધ વિચ્છેદ - ૭૨ માંથી ૬૬નો ઉદય ને ૧૪૮ની સત્તા ૧૦મે સંજવ. સૂક્ષ્મલોભનો બંધ વિચ્છેદ થતાં ૧૭નો બંધ ૬૦નો ઉદય અને ૧૪૮ની સત્તા હોય.

ઉપશાન્ત મોહવાળાને સામાન્યરીતે બીજોભાવ ઉપશમ વિના પ્રાયઃ ન હોય છતાંયકોઈકે દર્શન સપ્તકનો ક્ષય અગાઉ કર્યો હોય તો ક્ષાયિકભાવ, અને જ્ઞાના વરણાદિનો ક્ષયોપશમ ભાવ પણ સાથે હોય. ઉપશમ વાળો જો ચરમ શરીરી ન હોય તો ૧૧મે થી પડતાં ૧૦ - ૯ - ૮ - ૭ અને ૬ - ૭ - ૭ - ૬ એમ અનેક વાર આવજા કરી ફરી ઉપશમ માંડે જયારે અચરમશરીરી કેટલાક જીવો કોઈ પણ શ્રેણી ન માંડતા નીચે પડતા પડતા પહેલા ગુણસ્થાને આવી જાય છે. એકભવમાં બે વાર ઉપશમ શ્રેણીની કે ઉપશમ ક્ષપકની વાત કર્મગ્રંથકારના મતે જ છે. સિદ્ધાન્ત કારના મતે નથી. તેઓના

મતે એકભવમાં કોઈ પણ એકજ શ્રેણી માંડી શકે બે માંડી નશકે.
તત્વં કેવલી ગમ્યં.

अल्पप्रज्ञाप्रबोधादपिसपदिमयाऽऽलेखितेऽस्मिन्प्रबन्धे ।
भूयोभूयोऽपियूयंजनयतनयनक्षेपतो दोषमोषम् ॥

જૈન દર્શનની ભવ્યતા અને સુસૂક્ષ્મતા સમજવા માટે
અતિમનનીય વિચાર વૈભવો.

# વિવિધ પરિશિષ્ટોમાં

# પરિશિષ્ટ નં - ૧

## સંક્ષિપ્તનય વિચાર

નય એટલે - કોઈ પણ પદાર્થનું તે પદાર્થના એક ધર્મ-પર્યાય દ્વારા, તેના બીજા પર્યાયો ધર્મો નો અપલાય (વિરોધ) કર્યા વિના, સાપેક્ષપણે નિરૂપણ કરનાર, પ્રમાણથી અબાધિત, વકતા - જ્ઞાતાનો અભિપ્રાય - વિચાર-આશય - તે નય.

નયો ૭ છે. નૈગમ - સંગ્રહ - વ્યવહાર - ઋજુસૂત્ર - શબ્દ - સમભિરૂઢ - એવંભૂત

આ સાતેય નયોના એકએકના સો સો પેટા ભેદો છે.

**૭ નયોમાં અલ્પત્વ બહુત્વ. "આદ્યચશબ્દૌ દ્વિત્રિ ભેદૌ"** જો શબ્દ નયમાં સમભિરૂઢ ને એવંભૂતનો સમાવેશ કરીએ તો **પાંચનય** - નૈગમ માં સંગ્રહ અને વ્યવહારનો સમાવેશ કરીએ તો ૩નય અને પહેલા ચારનો વ્યવહારમાં અને છેલ્લા ત્રણનો નિશ્ચય નયમાં સમાવેશ, કરીએ તો બેજ નય-નિશ્ચય અને વ્યવહાર નય.

આચરણમાં વ્યવહારનું અને ભાવમાં નિશ્ચય નું પ્રધાન્ય છે.

નિશ્ચય તે શુદ્ધ સત્ય અને વ્યવહારતે લોકવ્યવહારથી ઉપચારથી પણ સત્યજ છે.

શુદ્ધ પરિણામનેપેદાકરનાર પ્રગટકરનાર અને સ્થિર કરનાર તો ઉત્તરોત્તર પરમશુભ વ્યવહારનયજ છે.

નિશ્ચય પ્રધાન અને વ્યવહાર પ્રધાન નયોનું પોત પોતાના વિવક્ષા ક્ષેત્રમાં

સમાનપણે પ્રાધાન્ય રહેલું છે. **પાછળના ક્રમથી** વિચારતાં એવંભૂત સૌથી થોડા વિષયવાળો છે. તેનાથી **સમભિરૂઢ** વધુ વિષયવાળો - તેનાથી શબ્દ, તેનાથી ઋજુસૂત્ર તેનાથી વ્યવહાર, તેનાથી સંગ્રહ, અને નૈગમ સૌથી વધુ વિષય ધરાવવા વાળો છે.

**એક એક નયનું ટુંકું સ્વરૂપ આ પ્રમાણે** નૈગમ બે પ્રકારે સામાન્ય - અને વિશેષ અનેક ઘટ વ્યક્તિઓમાં સામાનાકારા એકાકારા બુદ્ધિ તે સામાન્ય. અને જેનાથી મનુષ્ય પોતપોતાનો ઘડો ઓળખે તે રૂપાદિવિશેષ. નૈગમ બન્ને ધર્મોનો સમાન પણે સ્વીકાર કરે છે.

વળી નૈગમના સૂક્ષ્મ ત્રણ પ્રકાર પણ છે.

૧. **ભૂત નૈગમ** - અગાઉ થઈ ગએલી વસ્તુનો વર્તમાન રૂપે વ્યવહાર કરવો. જેમ આ તેજ દિવાળી છે કે જે દિવસે શ્રી વીરપ્રભુનું નિર્વાણ થયું હતું.

૨. **ભવિષ્ય નૈગમ** - ભવિષ્યમાં થવા વાળી વસ્તુનો થઈ ગયા રૂપે વ્યવહાર ચોખા હજુ ચુલે મુકયા નથી છતાંય ચોખા પાકી ગયાનો વ્યવહાર.

૩. **વર્તમાન નૈગમ** - હજુ પાલી કે પ્રસ્થ બનાવવાનું શરૂ નથી કર્યું બજારમાં તેને માટે લાકડું લેવા જાય છે. ત્યાં કોઈ પૂછે ક્યાં જાઓ છો તો કહેકે પાલી- પ્રસ્થ લેવા.

**સંગ્રહનય** - વસ્તુના ફકત સામાન્ય ધર્મનોજ સ્વીકાર કરે છે વિશેષ પ્રત્યે ઉદાસીન હોય છે.આ નયવાદી કહે છે કે વસ્તુ નિષ્ક્રિય હોય છે અને તેજ સત્ય છે. સત્ ને જ વસ્તુ માને. સત્પ્રત્યય પોતે જ સત્ ને ઉત્પન્ન કરે છે. વિશેષ નથી સત્ નો એવોજ સ્વભાવ છે. વનસ્પતિના બધાનામો, વનસ્પતિથી જુદા છે જ નહિં. હાથ પગ આંગળાઓ શરીર જ છે જુદા નથી.

**વ્યવહારનય** - આ નય ફક્ત વિશેષ પ્રતીતિનેજ સત્ય માને છે. કેમકે લોક વ્યવહારમાં વિશેષનો જ ઉપયોગ થાય છે. વનસ્પતિ લ્યો એમ કોઈ કહેતું નથી નામો જ બોલાય છે ને નામ પ્રમાણે લેવાય છે. એક એક નામો જુદા જુદા લેવા પડે છે સામાન્યથી ન ચાલે સત્પ્રત્યયની ઉત્પત્તિ વિશેષથી ભિન્નનથી. જેમ

ગવાદિ વિશેષથી જુદી ગોત્વ રૂપ સામાન્યની પ્રતીતિ થતી નથી. સામાન્ય પ્રત્યે ઉદાસીન આ નય છે.

**ઋજુસૂત્રનય** - આ નય ભૂત અને ભવિષ્યકાળને માનતો નથી. કેમકે અતીત નષ્ટ થઈ ગયું છે અને ભાવિ અપ્રાપ્ત છે, - અતીત અને અનાગત વસ્તુ હોવા છતાંય તે પારકી છે. પરવસ્તુમાં અર્થક્રિયાકારિત્વનથી જેમ દેવદત્તનું ધન જીન દત્તને નકામું છે. સ્વકીયજ સત્ છે તેજ સત્ય છે. આ નય અતીત અનાગતપ્રત્યે ઉદાસીન છે. આ નય સાથે પછીના નયો ફક્ત ભાવ નિક્ષેપાને જ માને છે.

**શબ્દનય** - આ નય સમાન અર્થવાચક અનેક શબ્દો પર્યાયો વડે એજ એક પદાર્થને માને છે જેમ નીર - જલ - પાણી - અમ્બુ - વારી કુંભ - ઘડો - કળશ

**સમભિરૂઢનય** - આ નય સમાનાર્થ શબ્દોના ભેદે પદાર્થ ભિન્ન ભિન્ન માને છે. ઘટ શબ્દનું વાચ્ય - કળશ શબ્દનું વાચ્ય કુંભ શબ્દનું વાચ્ય અને વાચક ત્રણેય ના જુદા જુદા છે. વાચકના ભેદે વાચ્ય ભેદ છે. જેમ પટ - મઠ - કટ નો વાચક વાચ્યનાં ભેદથી ભેદ છે. જો શબ્દ ભેદથી વસ્તુનો ભેદનમાનીએ તો ઘટને પટમાં ભિન્નતા નહિં થાય. તેમાં પણ શબ્દને પદાર્થનો પર્યાયનો ભેદ છે જ.

**એવંભૂતનય** - આ નય તો પર્યાય ભેદ વડે ભિન્ન વસ્તુ પણ જ્યારે પોત પોતાનું કામ કરે, કામ કરતી હોય ત્યારેજ વસ્તુ તરીકે સ્વીકારે છે. પહેલાં કે પછી નહિં. જેમ પહેરાતી વખતેજ કપડાને કપડું અને પાણી લાવતી વખતે જ ઘડો ને ઘડો ગણાય - આગળ પાછળ નહિં. જો પોતાનું કામ ન કરતી હોય ને તેને વસ્તુ ગણવામાં આવે તો પછી ઘટને પટ ને પટને ઘટ કેમ ન ગણાય ? બન્ને એક બીજાનું કાર્ય કરતાં નથી. ઉપર જણાવેલ મુખ્ય સાત નયોમાં, પ્રથમના ત્રણ નૈગમ - સંગ્રહ - વ્યવહાર - નયો દ્રવ્યની પ્રધાનતા જણાવવા વાળા હોવાથી તેને દ્રવ્યાર્થિક નય કહેવાય. અને ત્યાર પછી ના ચાર નયો ઋજુસૂત્ર શબ્દ-સમ ભિરૂઢ - અવંભૂત વગેરે પર્યાય ધર્મની પ્રધાનતાવાળા હોવાથી તે પર્યાયાર્થિક નય કહેવાય.

નૈગમ - વ્યવહાર અને ઋજુસૂત્ર નયોની અપેક્ષાએ આત્માજ દ્રવ્યને ભાવ કર્મનો કર્તા છે. જ્યારે શબ્દાદિ નયો ની અપેક્ષાએતો આત્મા સ્વ સ્વભાવનો

જ્ઞાન દર્શનાદિનો જ કર્તા છે.

તેમજ જ્ઞાનનય-ક્રિયાનય-ભેદનય-અભેદનય વગેરે પણ બીજા નયોના ભેદ છે. જ્ઞાન પ્રધાન દ્રષ્ટિને જ્ઞાનનય. ક્રિયા પ્રધાન નયને ક્રિયાનય, ભેદ પ્રધાન નયને ભેદનય અને અભેદપ્રધાન નયને અભેદ નય કહેવાય.

કલિકાલસર્વજ્ઞ શ્રીમાન્ હેમચન્દ્રાચાર્ય મહારાજે ત્રણ વિભાગમાં નયોની વહેંચણી કરી છે. જેમકે "સદેવ, સત્ સ્યાત્સદિતિ તિત્રિધાર્થો મીયેત દુનિતિ નય પ્રમાણૈઃ।"

અર્થાત્ સદેવ આ પ્રકાર દુર્નયનો છે. સત્ આ પ્રકાર નયનો છે અને સ્યાત્સતઆ પ્રમાણનય યુક્ત વાક્ય છે. વળી બૌદ્ધ દર્શનનો એકાન્ત ક્ષણિક વાદ, ઋજુ સૂત્રનયના વિષયવાળો છે. અદ્વૈત વેદાન્ત ને સાંખ્ય દર્શન સંગ્રહનયની એકાન્ત માન્યતા વાળા છે. ન્યાય વૈશેષિક અને યોગ દર્શનની એકાન્ત માન્યતા નૈગમનયની છે. શબ્દ બ્રમ્હવાદીની એકાન્તથી શબ્દ નયની માન્યતા છે પરંતુ અપેક્ષા પૂર્વક સર્વનયોને એકીસાથે માનનાર શ્રી જૈન દર્શન નો મત ક્યારેય પક્ષપાતી હતો નહીં અને ભવિષ્યમાં ક્યારેય હશે પણ નહીં.

"નયાનશેષાનવિશેષમિચ્છન્ નપક્ષયાતી સમયસ્તથા તે" જૈનદર્શનના નયવાદને યથાર્થ સમજાવો જોઈએ.

## નિશ્ચય અને વ્યવહાર બન્નેની અતિ આવશ્યકતા

આત્માનો પરમ વિશુદ્ધિ પરિણામ કે અવસ્થા તે શુદ્ધ **નિશ્ચય** અને તે આત્માના સુવિશુદ્ધ પરિણામને પ્રગટકરનાર ઉત્પન્ન કરનાર અને મજબૂત પણે ટકાવી રાખે તે **શુદ્ધ વ્યવહાર.**

નિશ્ચયને જ્ઞાની પોતે એકલોજ જાણી શકે જયારે વ્યવહારને સમગ્રવિશ્વ જાણી શકે છે. વ્યવહારની શુદ્ધિજ અનેકોને ગુણવાન્ સંસ્કારી અને આરાધક બનાવી શકશે નિશ્ચય નહિં. આખાયે જગતમાં સર્વત્ર વ્યવહારનીજ પ્રધાનતા મુખ્યતા છે તેથી છદ્મસ્થ ગુરુને કેવલ જ્ઞાની શિષ્ય પણ વંદન કરે છે.

અને ૪થા ગુણસ્થાનકથી લઈ ૧૩માં ગુણસ્થાનક સુધીતો નિશ્ચયયુક્ત વ્યવહારજ મુખ્ય છે એકલો સંપૂર્ણ નિશ્ચયતો ૧૪મા ગુણસ્થાનકેજ હોય. એકલા **નિશ્ચયનયથી તો ફક્ત વર્તમાન સમય જેટલું જ કાળ દ્રવ્ય છે.** આવલિકા મુહૂર્ત - ઘડી - રાત - દિવસ - માસ - વર્ષ - ઉત્સર્પિણી - અવસર્પિણી વગેરે ભેદો વ્યવહાર કાળના જ છે.

તેથીજ મહાપુરૂષો ઉપદેશે છે કે

**"નિશ્ચય દ્રષ્ટિ હ્રદય ધરીજી પાળે જે વ્યવહાર, પુણ્યવંત તે પામશેજી, ભવસમુદ્રનો પાર".**

**"નિશ્ચયનય અવલંબતારે, નવિજાણે તસમર્મ, છોડે જે વ્યવહારનેરે, તે લોપે જિનધર્મ ॥**

નિશ્ચયનથી કેવલ શુદ્ધ આત્માજ છે. પરંતુ પિતા - પુત્ર - પતિ - પત્ની - માં - દિકરી - સાસુ - સસરા - કાકા - ભત્રિજા - ફુઈ - ફુઆ - શેઠ નોકર - આસર્વ વ્યવહાર નયથીજ હોય.

વળી આ જુનું અને નવું આ નાનું અને મોટું પહેલા અને પછીનું આસર્વ વ્યવહાર વડે જ છે.

દશદ્રંવ્ય પ્રાણ ધારી પદાર્થને જીવ - ચેતન - પ્રાણી વ્યવહાર નયથીજ કહેવાય છે.

નિશ્ચયનયથી તો જ્ઞાન દર્શન ચારિત્ર વીર્ય તે ઉપયોગ વાળાને જ જીવ (આત્મા) ગણાય.

વ્યવહારવિના ચતુર્વિધ સંઘ રૂપ ધર્મતીર્થનો નાશ અને નિશ્ચયવિના નવેયતત્વોનો નાશ થાય છે.

આત્મા જયાં સુધી મોહનીય અને પ્રમાદદશા ની પકકડમાં છે ત્યાં સુધી તો શુભ શુદ્ધ વ્યવહાર જ હોય અને મોહને પ્રમાદનો વિજેતા બન્યા પછી જ શુદ્ધ નિશ્ચયનય હોય.

સમયસાર ૧૨મી ગાથામાં કહ્યું છે કે નિશ્ચયના લક્ષ્ય ઉપયોગ વિનાનો વ્યવહાર ખોટો આભાસ છે. અને વ્યવહારની આચરણા વિનાનો નિશ્ચય - નિશ્ચયાભાસ છે.

નિશ્ચયનયથી તો આત્મા સ્વભાવનો જ કર્તા છે. કર્મનો નથી વ્યવહારનય વડેજ તેને કર્મનો કર્તા કહી શકાય. અને તોજ આત્માનો સંસારને મોક્ષ ઘટી શકે. એકલા નિશ્ચયનયને એકાન્તે માને તેજ સમકિતિ અને વ્યવહારને પણ સત્યમાને તે મિથ્યાત્વી આ વાત તદ્દન અસત્ય છે. એકાન્ત પણું જ મિથ્યા ભાવ છે.

# પરિશિષ્ટ નં. ૨

# કર્મવિચાર (अ)

**જૈન કર્મ ફિલોસોફિ સમજવા માટેની કેટલીક ચાવીઓ માસ્ટરકીઓ.**

### ૧) આઠ પુદ્‌ગલ વર્ગણાઓ (વિભાગો)

આપણા આત્માને સંસાર પરિભ્રમણ વખતે જુદા જુદા ઉપયોગમાં લેવાતા આ આઠ પ્રકારના પુદ્‌ગલ દ્રવ્યના લોકવ્યાપિ જત્થા એટલે વર્ગણાઓ,

૧) ઔદારિક વર્ગણા. ૨) વૈક્રિય વર્ગણા. ૩) આહારક વર્ગણા. ૪) તૈજસ વર્ગણા. ૫) ભાષા વર્ગણા. ૬) શ્વાસોત્શ્વાસવર્ગણા. ૭) મનો વર્ગણા. ૮) કાર્મણ વર્ગણા.

મનુષ્યો અને પશુઓના શરીરો માટે ઉપયોગી પ્રથમવર્ગણા. દેવો અને નારકી ઓના શરીરો માટે ઉપયોગી બીજી વર્ગણા.

લબ્ધિધારી મનુષ્યો ને સાધુ ભગવંતોના શરીરો માટે બીજી અને ત્રીજી વર્ગણા.

ખાધેલો ખોરાક પચાવવા માટેની ચોથી વર્ગણા.

વચન ભાષા વ્યવહારમાટે ઉપયોગી પાંચમી વર્ગણા.

શ્વાસ લેવા મુકવા માટે ઉપયોગી છઠ્ઠી વર્ગણા.

વિચારો કરવા માટે ઉપયોગી સાતમી વર્ગણા.

અને સુખ ને દુ:ખ જન્મ ને મરણ માટે આઠમી ઉપયોગી વર્ગણા.

## ૨) આત્મા અને કર્મ પુદ્ગલોનો સંબંધ (બંધ) મૂળ ચાર પ્રકારે

૧) **પ્રકૃતિરૂપે** શુભ કે અશુભ કર્મ પરિણામ. ૨) **સ્થિતિરૂપે** કાળનું માન ૩) **રસરૂપે** અનુભવ આસ્વાદ. ૪) **પ્રદેશરૂપે** કર્મનો જત્થો ઢગલો.

ઉપરના ચારેય પ્રકારના બંધના કારણો - **પ્રકૃતિબંધનું** કારણ કષાયસહિત મનવચન કાર્યની પ્રવૃત્તિ.

**સ્થિતિબંધનું** - કષાય, ક્રોધમાન-માયાલોભની ઉગ્રતા મંદતા.

**રસબંધનું** - કષાયની સાથે ભળેલા ભાવલેશ્યાના પુદ્ગલો

**પ્રદેશબંધનું** - મનવચન કાયયોગના પુદ્ગલો સાથે રહેલાં દ્રવ્ય લેશ્યાના પુદ્ગલો.

**અધ્યવસાય** - આત્માનો તીવ્ર તીવ્રતર તમ અને મંદ મંદ તરતમ શુભાશુભ શુદ્ધાશુદ્ધ પરિણામ જેની સંખ્યા હંમેશા અસંખ્ય લોકાકાશના પ્રદેશ જેટલી નિયતજ હોય છે.

**ઘાતી કર્મ** - આત્માના મૂખ્ય ગુણો જ્ઞાન દર્શન ચારિત્રાદિને દબાવે રોકે પૂરા પ્રગટ ન થવા દે તે .

**અઘાતિ** - આત્માના (મૂળ) મુખ્ય સિવાયના બીજા ગુણોને દબાવે તે.

**બંધ** - દૂધને પાણી - લોઢું અને અગ્નિના સંબંધ ની જેમ આત્મા અને કર્મો નો સંબંધ. તે સ્પૃષ્ટ - બદ્ધ - નિધત્ત - અને નિકાચીત ચાર રૂપે.

**ઉદય** - બાંધેલા કર્મનો શુભાશુભ પણે ભોગવટો - અનુભવ.

**ઉદીરણા** - અનુક્રમે મોડા ઉદયમાં - (ભોગવટામાં) આવનાર કર્મપુદ્ગલોને, આત્માના પ્રયત્ન વિશેષ વડે ચાલુ ભોગવાતા સજાતીય કર્મોમાં ભેળવી વહેલા ભોગવવા તે.

**સત્તા** - જુના અને નવા કર્મો મહાવિશાળ જત્થો સ્ટોક.

**અપવર્તના** - બાંધેલા કર્મની દીર્ઘ સ્થિતિ અને તીવ્ર રસમાં ઘટાડો કરાવનાર વિશુદ્ધ આત્મ પરિણામ.

**ઉદ્વર્તના** - અશુદ્ધ આત્મપરિણામ વડે બાંધેલા અને નવા બંધાતા કર્મ પુદ્ગલોની સ્થિતિ અને રસમાં વૃદ્ધિ થવી તે.

**ઉદ્વલના** - અશુદ્ધ અને વિશુદ્ધ આત્મા પરિણામ વડે બાંધેલા, શુભાશુભ કર્મપુદ્ગલોને ભોગવ્યા વિના વિખેરી નાખવા તે.

**નિર્જરા** - બાંધેલા શુભાશુભ કર્મપુદ્ગલોને ભોગવીને આત્મામાંથી છુટાપડવાતે

**કષાય** - આત્માનો પ્રાયઃ અણઉતાર મહાતાવ (જવર).

**નિકાચિતબંધ** - કોઈ જીવવિશેષ માટે અપવાદ સિવાય કર્મ પુદ્ગલોને જેવા બાંધ્યા હોય તેવા ભોગવવાજ પડે.

**અનિકાચિત બંધ** - પ્રકારના કર્મપુદ્ગલો પોતાનો અનુભવ ભોગવટો કરાવ્યા સિવાય કે અલ્પ ભોગવટો કરાવી પણ આત્મામાંથી વિશુદ્ધિ ના કારણે છુટા પડી જાય.

**ક્ષય** - ભોગવી ને કે ભોગવ્યા વિના પણ કર્મ પુદ્ગલોનું આત્મામાંથી ખરીજવું.

**ઉપશમ** - અમુક પ્રકારના શુદ્ધ પરિણામ વડે મોહના વિકારને અમુક મુદત સુધી

ઉપશાન્ત કરી દેવો તે.

**ક્ષયોપશમ** - અહિં ક્ષય શું અને ઉપશમ શું ? ક્ષય એટલે સર્વઘાતી રસવાળા કર્માણુઓને ઉત્તમઆત્મવિશુદ્ધિ વડે દેશઘાતી બનાવી તેમાં પણ વધુ ને વધુ રસ ઘટાડી ઉદયાં વર્તતા અન્ય દેશઘાતી સાથે નાખી ભોગવી નાખવા અને-

**ઉપશમ** - એટલે બાકીના સર્વઘાતીઅને અતિસ્નિગ્ધ દેશઘાતી નો ઉદય અટકાવવો તે.

**સ્કંધ** - અનંતાનંત - પુદ્ગલો કે કર્મ પરમાણુઓના મોટા મોટા વિભાગો.

**દેશ** - નાના ને મધ્યમજત્થાઓ.

**પ્રદેશ** - સ્કંધ સાથે હંમેશા જોઈંટ જ રહે છુટો ન પડે તે

**પરમાણું** - ત્રણેય કાળમાં કયારેય જેના બે ભાગ થઈજ ન શકે અને શ્રી સર્વજ્ઞ પ્રભુ પણ તેના વિભાગ ન જોઈ શકે તે.

**વર્ગણા** - એકસરખા અનંતાનંત કર્મપરમાણુમય અનંત કર્મસ્કંધો ની બનેલી હોય છે.

**રસ સ્પર્ધક** - અભવ્ય જીવોથી અનંતગુણી અને સર્વસિદ્ધોથી અનંતમાં ભાગ જેટલી જંઘન્ય રસવાળી રસ વર્ગણાનો એક સ્પધર્ક.

**આગાલ** - નહિં ભોગવતી કર્મની લાંબી સ્થિતિવાળા કર્મ પુદ્ગલોને આત્મા પ્રયત્ન વિશેષ વડે ચાલુ ભોગવાતી નાની સ્થિતિમાં નાખે તે ક્રિયા.

## સંક્રમ.

**અશુભપ્રકૃતિને ઉદયવતી શુભમાં નાખી શુભરૂપે પરાવર્તન તે** પ્રકૃતિ સંક્રમ તેના અનેકભેદો છે.

પ્રકૃતિ - ગુણ વગેરે. ગુણ સંક્રમ એટલે ભોગવાતા સમ્યકત્વના પુદ્ગલોમાં મિથ્યાત્વના પુદ્ગલો નાખી સમ્યકત્વ રૂપેભોગવવા તે.

**સ્થિતિઘાત** - આત્માના વિશુદ્ધ પરિણામ વડે બાંધેલા લાંબી સ્થિતિવાળા કર્મોની લાંબી સ્થિતિને ક્રમેક્રમે ઓછી ઓછી, નાની નાની કરતા જવી તે.

**રસઘાત** - સત્તામાં રહેલી શુભાશુભ કર્મ પ્રકૃત્તિઓ ના રસાણુંના અનંતભાગ કરી ૧ અનંતમોભાગ રાખી બાકીના નો એક અન્ત મુહૂર્તમાં નાશ કરે. અને રાખેલા અનન્તમાં ભાગના ફરી અનંત ભાગો ૧ રાખી બાકીના નો નાશ આમ બીજી ત્રિજી - ચોથીવાર પાંચમીવાર આમ ટુકડા કરી રસનો નાશ કર્યે જાય તે.

**સમય** - કાળ દ્રવ્યનો હંમેશા માટે નિર્વિભાજય ભાગ.

**અન્તર્મુહૂર્ત** - બેથી ૯ સમય સુધીના થી લઈને ૪૮ મીનીટમાં ૧ સમય ઓછા કાળનું માપ તે. તેના પણ અસંખ્ય પ્રકારો છે.

**ગુણશ્રેણી** - "ગુણસેઢી દલરયણા"

ઉદયાવલિકાના પ્રથમ સમયથી પ્રતિસમય એક અન્તર્મુહૂર્ત સુધી અસંખ્ય અસંખ્ય ગુણા કર્મ દલિકોની રચના. કર્મ પરમાણુઓને ઉપાડી ઉપાડી ઉદયાવલિકામાં અનુક્રમે ગોઠવવા તે અનેક પ્રકારની હોય છે.

અર્થાત્ થોડા સમયમાં વધુકર્મો ભોગવાય તેવી સ્થિતિ તે ગુણ શ્રેણી.

## રસઘાતની થોડી દાખલા સાથે સમજ

ઘણા મહિના સુધી ચાલે તેટલું અનાજ ભસ્મકનામના રોગવાળો એકજ વખતમાં ખાઈજાય તેમ વિશુદ્ધિ થી કર્મનો રસ થોડા સમયમાં અનંતો સુકાઈ જાય બળીજાય અને સૂર્યના પ્રખર તાપ વડે રસભરપુર શેરડીના સાંઠામાંથી અલ્પસમયમાં પણ રસ સુકાઈ જાય તેમ અતિતીવવિશુદ્ધિ વડે કર્મના તીવ્ર રસનો અલ્પ સમયમાં પણ અત્યંત ઘાત થઈ જાય છે.

# પરિશિષ્ટ નં-૨ (બ)

(માસ્ટર - કી)

## કાર્મણ વર્ગણા અને કર્મમાં તફાવત

કર્મ બાંધવામાટે ઉપયોગમાં આવે તેવો અતિવિશાળ પુદ્‌ગલોનોજત્થો તે કાર્મણ વર્ગણા જે સમગ્ર લોકમાં ઠાંસી ઠાંસીને ભરેલી છે. અને અગાઉ બાંધેલા કર્મના ઉદયવડે ઉપરની કાર્મણ વર્ગણા જીવ જયાં પોતે છે ત્યાંજ રહેલી તે વર્ગણાને યોગ અને કષાય વડે ગ્રહણ કરી અગાઉના કર્મો સાથે આત્મામાં ચોંટાડી દે તે બંધાએલું નવું કર્મ.

કર્મો બાંધવાનો આત્માનો પોતાનો મૂળ સ્વભાવ નથી છતાંય અતિગાઢ અજ્ઞાનના કારણે કર્મ બાંધે છે. જેમ અતિ દુઃખી થતો માણસ પાપો નહિં કરવાનો પાકો વિચાર કરે છે પરંતુ દુઃખ દૂર થઈ ગયા પછી તે વિચાર મનમાંજ રહી જાય છે તેમ.

**મૂળ પ્રકૃતિ રૂપે કર્મ આઠ પ્રકારે છે.**

આત્માના મૂળ મુખ્ય ગુણ જ્ઞાન અને દર્શન, (સામાન્ય જ્ઞાન) ને દબાવે તે પ્રગટ ન થવાદે (૧) જ્ઞાનાવરણીય (૨) દર્શનાવરણીય. પુણ્ય અને પાપના ફળ રૂપે આત્માને સુખી દુઃખી કરે તે (૩) વેદનીયકર્મ.

આત્માને (મનને) સ્વ અને પરમાં - સત્ય અસત્યમાં, હેય અને ઉપાદેયમાં, અર્થાત્‌ મેળવવા લાયક અને છોડવા લાયકમાં, કરવા લાયક અને ન કરવા લાયકમાં, ભ્રમપેદા કરે - નિર્ણય ન કરવાદે મુંજવે તે (૪) મોહનીય સર્વ કર્મોનો સેનાપતિ.

ચારેય ગતિ રૂપ કેદખાનામાં કયાં કેટલી મુદત સુધી રહેવાનું એનાવર્ષોનું પરિમાણતે (૫) આયુષ્ય. દરેક પદાર્થો ના નામકરણનો રંગીન અને સંગીન ગમતા ને અમગમતા નામોનો સમારંભ તે (૬) નામકર્મ. મનુષ્ય તરીકેના એક

સરખા જન્મમાં પણ એક ને ઉચ્ચ બીજાને નીચા તરીકે બનાવે તે (૭) ગોત્રકર્મ. અભિષ્ટ વસ્તુને મેળવવા માટે અત્યંત સતત પ્રયત્ન છતાંય તેવસ્તુ કેમેય કરી જેના કારણે ન મળે તે (૮) અંતરાયકર્મ.

ઉપર જણાવેલા આઠેય મૂળ ભેદ અને તેના ઉત્તર ૧૫૮ ભેદોના બંધાદિ કાર્યો માટે સંબંધ ધરાવતા આત્માના આઠ પ્રયત્ન વિશેષ કે જેને કર્મ શાસ્ત્રમાં આઠ કરણો તરીકે કહ્યા છે તેના નામ આપ્રમાણે છે.

આત્મા અને કર્મપુદ્ગલના સંયોગ માટે (૧) બંધનકરણ. બંધમાં વધુ અને અત્યંત મજબૂતાઈ માટે (૨) નિધત્તને (૩) નિકાચનાકરણ. સ્થિતિ રસમાં વૃદ્ધિ-હાની માટે (૪) ઉદ્વર્તના (૫) અપવર્તનાકરણ. શુભાશુભરૂપ પરાવર્તન માટે (૬) સંક્રમણકરણ. કર્મો ના જલદી ભોગવટા માટે (૭) ઉદીરણાકરણ. અને અલ્પ સમયના ઉપશમન માટે (૮) ઉપશમનાકરણ.

**વિરતિ** - મનવચન કાયાથી કરણ કરાવણને અનુમોદન પૂર્વક પાપ કરવું નહિં. પાપથી બચવું અને ન કરવાની દ્રઢ પ્રતિજ્ઞા પચ્ચકખાણ કરવા તે.

**આવલિકા** - અસંખ્ય સમયની. દરેક કર્મનો ભોગવટો કર્મો ઉદયાવલિકામાં દાખલ થયા પછી જ થાય ઉદયાવલિકાઓ એક પૂરી થાય બીજી શરુ થાય પછી ત્રીજી - ચોથી - પાંચમી આમ ઉદયાવલિકામાં કર્મો દાખલ કરી આત્મા કર્મોને ભોગવતો જાય અને કર્મોનો ક્ષય થતો જાય. એક મુંહૂર્ત એટલે પ્રાયઃ એક કલાકમાં ૧ ક્રોડ ૬૭ લાખ ૭૭ હજાર બસોને સોળ આવલિકા થાય. ઉદયાવલિકામાં દાખલ થએલા કર્મને આઠ માંથી કોઈ કરણ અસર કરતું નથી.

**પ્રમાદ** - એટલે દુર્ધ્યાન, મદ્ય, દારૂ, ઈન્દ્રિયોના વિષયો - કષાય, નિદ્રા - વિકથા,વારંવાર ઉપયોગની શૂન્યતા, આ સર્વ પ્રમાદ છે.

**ધ્રુવબંધી** - જે કર્મ પ્રકૃતિઓ સ્વબંધ હેતુ પામી નિરંતર બંધાયા જ કરે તે.

**ધ્રુવોદયી** - જે પ્રકૃતિઓ પોતાના ઉદયવિચ્છેદ સ્થાન પર્યંત નિરંતર ઉદયમાં પ્રવર્તે તે.

**ધ્રુવસત્તાક** - જે પ્રકૃતિની સત્તા સમ્યકત્વાદિ ગુણ વિશિષ્ટ જીવ સિવાય સર્વ સંસારી જીવોને નિરંતર સત્તામાં હોય તે.

**પરાવર્તનમાન** - જે કર્મ પ્રકૃતિ પોતાના બંધ અને ઉદય અથવા બંધોદય બન્ને વખતે બીજી પ્રકૃતિના બંધના ઉદયને અથવા બન્નેને અટકાવી પોતાના બંધ ઉદય અને બન્ને ને પ્રગટ કરે તે.

**અપરાવર્તમાન** - પોતાના બંધ ઉદય અને બન્નેને અન્ય કર્મ પ્રકૃતિના બંધ ઉદય કે બન્નેને અટકવ્યાવિના પ્રગટ કરે તે.

**ક્ષેત્રવિપાકી** - જીવને પરભવમાં જતી વખતે અને જયાં થી નીકળી જયાં ઉત્પન્ન થવાનું છે ત્યાં ગતિના વળાંક વખતે ઉપયોગી (૪) અનુપૂર્વી.

**જીવવિપાકી** - જે કર્મ પ્રકૃતિઓનો અનુભવ સીધેસીધો જીવનેજ થતો હોવાથી તેને જીવવિપાકી કહેવાય.

**ભવવિપાકી** - જે પ્રકૃતિઓનો ઉદય પરભવમાં જતી વખતે થાય જેમકે ચાર ગતિ નામ કર્મ અને ચાર ગતિના આયુષ્ય.

**પુદ્ગલવિપાકી** - જે પ્રકૃતિનો ઉદય પાંચ શરીર રૂપે પરિણમતા પુદ્ગલો અને તેના સંબંધી પુદ્ગલો રૂપે થતો હોય તે. જેમકે (૩) શરીર - ઉપાંગ (૬) સંઘયણ - સંસ્થાન (૪) વર્ણાદિ નિર્માણ સ્થિરાદિ આઠ તૈજસ - કર્મણ વગેરે.

**સ્તિબુકસંક્રમ** - ઉદયવતિ કર્મ પ્રકૃતિમાં ભળી પોતાનું જુદું સ્વતંત્ર ફળ ન બતાવતા પ્રદેશ માત્રથી ભોગવાઈ જવું.

**એક - બે - ત્રણ - ને ચાર સ્થાનિક (ઠાણીયો) રસ એટલે ?**

અશુભ પ્રકૃતિનો રસ (ફળ) કડવો લિંબડાના રસ જેવો હોય. અને શુભકર્મ પ્રકૃતિઓનો રસ શેલડીના રસ જેવો મીઠો હોય. હવે રસ કડવો કે મીઠો ઉકાળ્યાવિનાનો જે સ્વાભાવિક પ્રમાણ વાળો તે ૧-૨-૩-૪ શેર હોય તો તે એક સ્થાનિક. પછી બે શેરમાંથી ઉકાળી ને ૧ શેર રાખ્યો હોય તે દ્વિસ્થાનિક જાણવો.

એજ પ્રમાણ ૩ શેરને ઉકાળી તેમાંથી એકજ શેર રખાય તે ત્રિસ્થાનિક. અને ચાર શેરને ખૂબ ઉકાળી એક શેર રખાય તે ચઉઠાણીયો (અતિઅતિ તીવ્ર) ત્રીસ્થાનિક અતિ તીવ્ર. દ્વિસ્થાનિકતીવ્રને એકસ્થાનિક મંદ ગણાય.

**શ્રદ્ધા અને સમ્યગ્ દર્શનમાં કાર્ય કારણ રૂપે તફાવત છે.**

"તત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્ દર્શનમ્" અહિં સમ્યગ્ દર્શન એ કાર્ય સ્વરૂપે છે અને શ્રદ્ધાન એ કારણ રૂપે છે પરંતું આ સમ્યગ્ દર્શનનું લક્ષણ જેને મનઃ પર્યાપ્તિ નથી તેને અને શ્રી સિદ્ધ ભગવાનમાં ઘટતું નથી તેથી આથી વધુ સૂક્ષ્મ સંર્વમાં ઘટી શકે તેવું સમ્યગ્ દર્શનનું લક્ષણ આ પ્રમાણે છે. "મિથ્યાત્વાદિના ક્ષય કે ક્ષયોપશમથી પ્રગટ થએલ જે મોક્ષને અનુકુળ પ્રશમસંવેગાદિ લક્ષણવાળો શુદ્ધાત્મ પરિણામ તે સમ્યગ્ દર્શન. આ લક્ષણ દરેક જીવનમાં ઘટી શકશે.

# પરિશિષ્ટ નં -૩
# નિમિત્ત અને ઉપાદાન કારણ વિચાર

ઉપાદાન એટલે મુખ્ય મૂળકારણ. અને નિમિત્ત તે સહકારી કારણ છે જેમ ઘડામાં માટી એ ઘડાનું મૂળકારણ છે. અને કુંભાર ચક્ર - દંડ ગધેડું છાલકું પાણી કોદાળી આ સર્વ સહકારી નિમિત્ત કારણો છે.

વળી જેમ બીજ એ અંકુરાનું મૂળ મુખ્ય કારણ છે અને જમીન વરસાદ હળ - ખેડુત - બળદ - તાપ - વાડ વગેરે પાક રૂપ અંકૂરના નિમિત્ત સહકારી કારણો છેજ.

મેલા કપડામાં સ્વચ્છતા એ મૂળ કારણ છે. અને સાબુ - ધોકો ધોબી ગરમ પાણી અને મહેનત આ બધાય નિમિત્ત કારણો છેજ કપડાને સ્વચ્છ કરવા નિમિત્તો જોઈશેજ.

અનાદિકાળથી ઉપાદન બગડેલું છે તેને સ્વચ્છ ને શુદ્ધ કરવા શુભનિમિત્તોની અત્યંત જરૂર છેજ.

ઝાડના ઠુંઠાની જેમ નિમિત્તો માત્ર કાર્ય વખતે હાજરજ હોય છે, પણ કોઈ સહકાર કે ઉપકાર કરતુંજ નથી આમ કહેવું મિથ્યાવાદ અસત્યવાદ જ છે.

માટીમાં ઘડો બનવાની પૂરી લાયકાત હોવા છતાંય કુંભારાદીના નિમિત્ત વિના ત્રણ કાળમાં ક્યારેય ઘડો બની શકેજ નહિં.

**ઉપાદનમાં રહેલી લાયકાત પ્રગટ કરવા માટેજ નિમિત્ત અતિ આવશ્યક છે.**

શ્રી અરિહંત દેવનો અને તેમના શાસનનો અને ગુરૂદેવોનો જો કશોજ ઉપકાર ન હોય તો અનન્તાનન્તમાંથી એકપણ જીવ મોક્ષ જઈ શકતજ નહિં.

જો શુભ નિમિત્તોનો ભવ્ય જીવો ઉપર કશોજ ઉપકાર ન હોય તો પ્રભુએ સંઘ ધર્મશાસન ગણધર પદ અને વિવિધ આરાધનાઓ શા માટે પ્રગટ કર્યા?

મોક્ષ જવામાં જીનેશ્વરો તેમનું ધર્મતીર્થ તેમણે બતાવેલો મુનિવેશ વગેરે ઉપકારી ખરા કે નહિં જો ન જ હોય તીર્થ સિદ્ધ સ્વલિંગસિદ્ધ પ્રત્યેકબુદ્ધ બુદ્ધ બોધિત વગેરે ભેદો શામાટે? બાહ્યનિમિત્તોની જેઓ કોઈજ અસર કે ઉપકાર માનતાજ નથી તો

સ્ત્રીનું શરીર અને કપડાં મોક્ષેજતાં જીવને રોકી શકે ખરા ? ના.

**માટીમાં** ઘડાની જેમ, દરેક ઉપાદાનમાં કાર્ય સત્તા રૂપે છે તેને પ્રગટ કરવા પ્રબળ નિમિત્તો ખૂબજ જરૂરી છે. શિષ્યને જ્ઞાન અને કલ્યાણમાં ગુરુદેવ પરમનિમિત્ત છે જ, શું ગુરૂની ફકત હાજરી થી જ પ્રયત્ન કે ઉપકાર વિના જ્ઞાન મળી જાય અને કલ્યાણ થઈ જાય ? ને ગુરૂ મુંગા હાથજોડી પાટ ઉપર બેસી જ રહે કે ઉપદેશ પ્રેરણા માર્ગદર્શન આપે ?

બ્રહ્મચર્યની નવવાડો જો બ્રહ્મચર્યના રક્ષણમાં ઉપયોગી ઉપકારી ન જ હોય તો ભગવાને શા માટે બતાવી ખરાબ ચિત્રોજો સાધુને અશુભ નિમિત્તરૂપે ન બનતા હોય તો ભગવાને એવા ચિત્રો વાળા મકાનમાં રહેવાની મનાઈ ફરમાવી શા માટે ?

અનાદિ કાળથી આત્મા શુભાશુભ નિમિત્તવાસી જ છે. અશુભનિમિત્તોનો સંગ કરવાથી આત્મા અધોગતિમાં અને શુભનો સંગ કરવાથી ઉર્ધ્વ ગતિમાં જાય જ છે.

આત્મા જયાં સુધી પ્રમાદી મોહી અજ્ઞાની છે ત્યાં સુધી એ ત્રણેયને દૂરકરવા અતિપવિત્ર નિમિત્તો જોઈએ જ સેવવા જ જોઈએ.

કોઈ કહેકે ઉપાદાન જેનું તૈયારજ નથી તેને નિમિત્ત શું કરે ? તેને તૈયાર કરે ઉપાદનને તૈયાર કરવા માટે જ, નિમિત્તો છે.

જોવાની શક્તિતો આંખમાંજ છે પણ પ્રકાશ રૂપ નિમિત્ત ના ઉપકારવિના આંખ જોઈજ ન શકે.

**ઉડવાની શક્તિતો** પક્ષિમાં જ છે પરંતુ હવાના નિમિત્તવિના ઉપકાર વગર ઉડીશકે જ નહિં. તરવાની શક્તિ તો માછલામાં છે જ પરંતુ પાણી ના ઉપકાર વિના તે તરી શકે જ નહિં.

**જાણવાની શક્તિતો** આત્મામાંજ છે છતાંય કર્મના ક્ષયકે ક્ષયોપશમ રૂપ નિમિત્તવિના જાણી શકાય જ નહિ.

**જીવવાની શક્તિતો** આત્માજ છે પરંતુ સંસારી જીવને પુદ્ગલની મદદ વગર શી રીતે સુખી શાન્ત આનંદી બની જીવી શકે ? નહિં જ.આરાધક વિરાધક બની શકે નહિં.

# પરિશિષ્ટ નં - ૪

## સ્યાદવાદ - અનેકાન્તવાદ - વિચાર

**સ્યાદવાદ** એટલે અમુક અપેક્ષાએ વસ્તુના સ્વરૂપને નિશ્ચિત રૂપે અન્ય અપેક્ષાઓનો અપલાપ કર્યા સિવાય કહેવું તે સ્યાદવાદ

**અનેકાન્તવાદ - નયવાદ - સમન્વયવાદ સાપેક્ષવાદ** આ બધાય સ્યાદવાદનાજ નામાન્તરો છે.

સંભાવનાવાદ કે સંશયવાદએ સ્યાદવાદ નથી પણ મિથ્યાવાદ છે.

શ્રી જૈન દર્શનનું વાસ્તવિક ગૌરવ જો કોઈના કારણે હોય તો તે પ્રાયઃ સ્યાદવાદ ના કારણે જ છે સ્યાદવાદનું સાચુ જ્ઞાન મેળવનાર જ પોતાના જૈનત્વને સાચી રીતે શોભાવી શકે છે. પરંતુ અનેકાન્તવાદનું સંપૂર્ણજ્ઞાન મેળવવું એ, મોટા મોટા વિદ્વાનો માટે પણ મુશ્કેલ હોય છે. તેની અત્યંત દુર્ગમ નયવાદની વ્યવસ્થાને અને સપ્તભંગીની ભંગજાળને હ્રદયસ્થ કરવી તે, કોઈ અતિ વિકટ અટવીને પારકરવા જેવું ખૂબ જ મુશ્કેલ છે. તેતો શ્રી જૈન શાસનમાં લઘુ હરિભદ્રનું માનવતું બિરૂદ પામેલા, ન્યાયાચાર્ય ન્યાયવિશારદ શ્રીમાન્ ઉપાધ્યાય યશોવિજયજી જેવા કોઈક વિરલાજ કરી શકે છે.

નયોની સંપૂર્ણ અપેક્ષાઓને સ્વીકારી દરેક પદાર્થનું યથાર્થ પણે કથન કરનાર જગતમાં કેવલ શ્રીજૈન દર્શન જ છે.

**છ અંધ પુરૂષોએ કરેલા સુપ્રસિદ્ધ હસ્તિ દર્શન ના દ્રષ્ટાન્તની જેમ, એકાન્ત દ્રષ્ટિએ કોઈપણ** પદાર્થનું સ્વરૂપ વિચારવાથી તે પદાર્થની સર્વ બાજુઓ સાચી રીતે સમજી શકાતી નથી. જો દરેકે દરેક પદાર્થનું સંપૂર્ણ સ્વરૂપ યથાર્થ પણે જાણવું હોય તો તેને સાતકે તેથી વધુ વિવિધનયો ની અપેક્ષાઓ દ્વારા અને સપ્તભંગો દ્વારા વિચારવું જોઈએ.

અન્યના મતને યોગ્યરીતે સાપેક્ષપણે ન સ્વીકારનાર અને પોતાનોજ મત

સત્યમાનનાર બુદ્ધિથી અંધ ગણાયો છે.

તત્વોનું કથન કરનારઓ તો વિશ્વમાં અનેક હોય છે, પરંતુ અનેકાન્ત - સ્યાદવાદ શૈલિએ કથન કરનારતો ગણત્રીનાજ વિદ્વાનો હોય છે.

શ્રી ભગવતિ સૂત્રની ટીકામાં કહ્યું છે કે

**सर्वमस्तिस्वरुपेण, पररुपेण नास्तिच ।**
**अन्यथा सर्वभावाना-मेकत्वं संप्रसज्यते ।।**

દરેક દરેક પદાર્થો જે સમયે સ્વસ્વરૂપથી અસ્તિરૂપ છે, તેજ સમયે તે પદાર્થ સ્વભિન્ન પર પદાર્થ ના સ્વરૂપની અપેક્ષાએ નાસ્તિરૂપ પણ છે જ. એટલે એકજ સમયે દરેક પદાર્થમાં એકસાથે સ્વપરરૂપની અપેક્ષાએ અસ્તિ અને નાસ્તિ રૂપ બન્ને વિરૂદ્ધ જણાતા પર્યાયો રહેલાંજ છે. આ વાત કોઈનેય માન્યા વિના ચાલેજ નહિં. જો એમ માનવામાં ન આવે તો દરેક પદાર્થ પોત પોતાનું સ્વરૂપ છોડી, એકજ પદાર્થરૂપ બની જશે જે અનિષ્ટ ગણાશે.

તેવી રીતે નિત્યત્વ અને અનિત્યત્વરૂપ બન્નેવિરૂદ્ધ જણાતા પર્યાયો પણ એક પદાર્થમાં સમકાળે દ્રવ્યરૂપથી નિત્યત્વ અને પર્યાય અવસ્થા સ્વરૂપથી અનિત્યત્વ સાથે રહેજ છે. એજ રીતે દરેકે દરેક પદાર્થો એકજ સમયે એકીસાથે દ્રવ્ય સ્વરૂપે સત્ અને પર્યાય સ્વરૂપે અસત્ છે જ. જે સમયે પદાર્થ અમુક દ્રષ્ટિએ અપેક્ષાએ સત્ છે તેજ સમયે તે પદાર્થ અન્ય દ્રષ્ટિએ-અપેક્ષાએ અસત્ છે.

આવાત જે સ્યાદ્વાદને સ્વીકારે તેજ સ્વીકારી શકે બીજા નહિં.

એજ રીતે જે જીવ ઈન્દ્રિયાદિ દ્રવ્ય પ્રાણો વડેજ ફક્ત ચેતન જીવતો રૂપે હોય તે ભાવપ્રાણો વડે અચેતન મરેલો ગણાય. અને જે પવિત્ર આત્મા ફક્ત ભાવપ્રાણો વડે જ જીવતો હોય તે દ્રવ્ય પ્રાણો વડે અપેક્ષાએ મરેલો અચેતન ગણાય.

સ્યાદવાદમાં સ્યાત્શબ્દ નિપાત છે અને નિશ્ચિત અપેક્ષા વાચક - દર્શક છે.

સંભાવના કે સંશય વાચક નથી. પણ તે શબ્દ અનુક્તનહિ કહેવાયેલા અનંત ધર્મનો બોધક છે. જેમકે આત્મા નિત્ય પણ છે અહિં નિત્ય સિવાયના બીજા સર્વ અનંત ધર્મો પર્યાયો આત્મામાં છે. એમ આ પણ શબ્દ જણાવે છે. પણ એટલે સ્યાત્ જે અપેક્ષાએ આ વાત બતાવી છે. તે બરાબર તેવીજ છે તેમાં કોઈજ શંકા નથી. જૈન આગમની દ્રષ્ટિ એ જગતમાં દરેક પદાર્થ અનંત ગુણ અને પર્યાયાત્મક છે અને વસ્તુનું પદાર્થનું ખરૂં સ્વરૂપ પણ એજ છે એમ જૈન દર્શન માને છે. સ્યાદવાદ શબ્દનું સ્યાત્ પદ સાપેક્ષભાવને દર્શાવે છે અને વાદ એટલે વિવાદ હઠવાદ કે વિતંડાવાદ નહિ પરંતુ કથન કરવું. અર્થાત્ સાપેક્ષભાવે વસ્તુના સ્વરૂપનું યથાર્થ કથન કરવું તેનું નામજ સ્યાદ્વાદ.

દેવદત્તાદિ કોઈ પણ એકજ વ્યક્તિમાં પણ પરસ્પર વિરોધી જણાતી, વાસ્તવિક પણે વિરોધી ન હોવા છતાંય વિરૂદ્ધ રૂપે ફક્ત બહારથી જણાતી અનેકાનેક બાબતો-પર્યાય-ધર્મો હોય છે. જેમકે દેવદત્ત પિતા છે પુત્ર પણ છે એકજ વ્યક્તિમાં એકી સાથે સાળા - બનેવી પણું કાકા - ભત્રિજા પણું સસરા - જમાઈ પણું - મામા - ભાણેજ પણું ગરીબ - તવંગર પણું જાડા - પાતળા પણું ભણેલા - અભણ પણું સુખી - દુઃખી પણું વગેરે પરસ્પર વિરોધી બાબતો એક સમાન કાળે છે જ પરંતુ સાપેક્ષ દ્રષ્ટિ સમન્વય દ્રષ્ટિ વિનાનો એકાન્ત મિથ્યાવાદી આ બાબતો શી રીતે સમજી - સ્વીકારી શકે ? દરેકે દરેક પદાર્થોમાં સાપેક્ષ અવસ્થાઓનું ભરપુર વૈવિધ્ય છે, તેને યથાયોગ્ય દ્રષ્ટિ બિન્દુઓ વડે અપેક્ષાઓને સ્વીકાર્યાવિના કેવી રીતે સમજી સ્વીકારી શકાય. સેંકડો હજારો માન્યતાઓ મતોનો વિરોધ કર્યા વિના યોગ્યપણે ઉચિત પણે સમન્યવય કરી, સ્યાદ્વાદ વડે દિવ્ય વિશ્વ મૈત્રિનો સુદ્રઢ પાયો નાખી, જગતના સર્વ જીવો પરસ્પર સાચા મિત્ર બની, સુખી થાય એજ અનેકાન્તવાદ સ્યાદ્વાદનો મુખ્ય ઉદ્દેશ છે. મર્મજ્ઞ વિદ્વાનો એ કહ્યું પણ છે કે

द्रष्टिबिन्दुविशेषेण समन्वयसुसंमुखी ।
वाणिर्विजयतेजैनी, मैत्रिभावप्रचारिणि ।।

જૈન ધર્મના અનેકાન્ત સિદ્ધાન્તને પણ અનેકાન્ત પણે સાપેક્ષભાવે જ માન્યો છે - તેને પણ એકાન્તરૂપે નથી સ્વીકાર્યો કહ્યું પણ છે કે -

अनेकान्तो प्यनेकान्तः प्रमाणनयसाधनः ।

સમ્યગ્ એકાન્ત એટલે નયવાદ, અને સમ્યગ્ અનેકાન્ત એટલે પ્રમાણવાદ છે. સિદ્ધાન્ત ભેદ કે માન્યતાભેદ વડે ઉત્પન્ન થતાં ઈર્ષ્યા - અસુયા - કલેશ કંકાસો - દ્વેષાદિને એક સાપેક્ષભાવે સમન્વયભાવે સ્વીકારવાથી જ મિટાવી શકાય. અને વસ્તુમાત્રમાં જેટ જેટલા સ્વરૂપો ધર્મો પર્યાયો છે. તે બધા શંકિત ભાવે ન માનતા કથંચિત નિશ્ચિતભાવે જ માનવાના છે.

શ્રીમાન્ સમંતભદ્રાચાર્યજી પ્રભુની ભાવપૂર્ણ સ્તુતિ કરતાં જણાવે છે કે હે મુનિપતિ આપનું ચરિત્ર ખરેખર અગમ્ય અતિગહન છે, કેમકે પરસ્પર વિરોધીઓની અપેક્ષાઓને સ્વીકારનાર વિવિધ વિષયવાળા નયોને આપ સુનય તરીકે કહો છો, જયારે વિરોધીઓની અપેક્ષાઓને નહિં સ્વીકારનાર ખંડનકરનાર નયમાત્રને આપ દુર્નય કહો છે જે ખરેખર આશ્ચર્યકારી છે. સ્યાદ્વાદને યથાર્થ સમજયા વિના જે વિદ્વાનો સ્યાદ્વાદરૂપ સર્વવ્યાપિ સિદ્ધાન્તનો અપલાપ નિંદા કરે છે તે ખરેખર પરમ કરૂણાને પાત્ર છે દ્વેષને પાત્ર નથી. તેથીજ મહોપાધ્યાય શ્રીમાન્ યશોવિજયજી ગણિવરે કહ્યું છે કે

दूषयेदज्ञएवोच्चैः स्यादवादं नतु पण्डितः ।
अज्ञप्रलापेसुज्ञानां नद्वेषःकरुणैव हि ।।

સ્યાદ્વાદ દ્રષ્ટિએ જયાં ક્રૂરતા છે ત્યાં એજ વ્યક્તિમાં એકજ સમયે ભરપૂર પ્રેમભાવ પણ રહેલો છે જ. જુઓ બિલાડી ઉંદરને ક્રૂરતાથી પકડે છે જ્યારે એજ બિલાડી પોતાના નાના નાના બચ્ચાને ખૂબજ જાળવીને પ્રેમથી પકડે છે. એકજ વ્યક્તિના બન્ને વિરોધિ ભાવો જુદા જુદા સમયે પ્રગટ થાય છે.

# પરિશિષ્ટ નં - ૫

# લેશ્યા વિચાર

લેશ્યા એટલે પહેલાના ચોંટેલા જુના કર્મો સાથે
નવા કર્મ ચોટાડનાર સોલ્યુશન.

શ્રી પન્નવણાજી પદ ૧૭ પાનું ૩૩૦

लिष्यते - श्लिष्यते आत्मा कर्मणा सह अनयेति -

लेश्या. कृष्णादि द्रव्य साचिव्यादात्मनः परिणाम -

विशेषः

આત્મા જેના વડે જે દ્રવ્યો વડે કર્મની સાથે જોડાય, અર્થાત્ જે કૃષ્ણ નીલ વગેરે દ્રવ્યો કર્મોને આત્મા સાથે ચોંટાડે તે લેશ્યા, આત્માનો તે પ્રકારનો પરિણામ ભાવવિશેષ જેમ. નિર્મળ એવું સ્ફટિક રત્ન પણ જો લાલ કે લીલા - કાળા ફુલો કે પદાર્થો સાથે મૂકવામાં આવે તો રંગ - ગ્રાહક સ્વભાવના કારણે તે તે લાલ લીલા કાળા રંગ વાળું દેખાયતેમ સ્વભાવે નિર્મળ એવો પણ આત્મા કર્મ સહિત હોવાના કારણે પુદ્ગલ ગ્રહણ કરવાના સ્વભાવવાળો બની તે તે લેશ્યાના પુદ્ગલોને ગ્રહણ કરી તે તે લેશ્યાના પરિણામ ભાવ વાળો બને છે. તે દ્રવ્ય લેશ્યાઓ છ પ્રકાર છે - કૃષ્ણ-નીલ-કાપોત -તેજો-પદ્મ-શુક્લ.

**પ્રશ્ન - હવે તે લેશ્યાના કૃષ્ણાદિ દ્રવ્યો કયાં રહેલા છે અને તે દ્રવ્યો શેમાંથી બને છે ?**

જવાબ - જયાં સુધી મન વચન કાયા રૂપ યોગો પ્રવૃત્તિમાં છે ત્યાં સુધી તે ગુણ સ્થાનક સુધી લેશ્યાઓ હોય છે અશુભ શુભાશુભ શુભ કે શુદ્ધ અર્થાત્ દ્રવ્યલેશ્યા

યોગની પ્રવૃત્તિના અન્તર્ગત સ્વતંત્ર દ્રવ્ય સ્વરૂપ છે જેના છ પ્રકાર છે તે પુદ્ગલ સ્વરૂપ હોવાથી વર્ણ ગંધાદિક થી સહિત હોય છે.

તે દ્રવ્ય લેશ્યાના પુદ્ગલો જયાં સુધી કષાય હોય છે ત્યાંસુધી તે કષાયોને ઉત્તેજીત કરે છે.

જેમ પિત્તના અતિ પ્રકોપથી ઘણો ક્રોધ ઉત્પન્ન થાય છે એટલે ક્રોધને ઉત્પન્ન કરવામાં વધારવામાં પિત્ત વર્ધક દ્રવ્યો નિમિત્ત બને છે તેમ અને જેમ બ્રાહ્મી આદિનું ચૂર્ણ જ્ઞાનવરણીયના ક્ષયોપશમમાં નિમિત્ત બને છે, તથા મદિરાનાં દ્રવ્યો જ્ઞાનાવરણીયના તીવ્ર ઉદયમાં નિમિત્ત બને છે તથા મીઠું સરસ દહિંનું ભોજન નિદ્રારૂપ દર્શનાવરણીયમાં કારણ બને છે તેવી જ રીતે યોગની અન્તર્ગત રહેલા દ્રવ્ય લેશ્યાના પુદ્ગલો રસબંધ માં નિમિત્ત બને છે. અહિં કોઈ આચાર્ય ભગવંતો લેશ્યા દ્રવ્યોને કષાય રૂપ દ્રવ્યની અન્તગર્ત સ્વતંત્ર દ્રવ્યરૂપ ગણે છે તે વાત પણ બરાબર છે. દ્રવ્યલેશ્યાઓ જે વર્ણ રૂપ છે પુદ્ગલરૂપે છે, તે યોગનાં અન્તર્ગત દ્રવ્ય પરિણામ રૂપ છે. જયારે ભાવ લેશ્યાઓ છે તે કષાય ક્રોધાદિ દ્રવ્યનાં અંદર રહેલા સ્વતંત્ર દ્રવ્ય પરિણામ રૂપ છે. ક્લિષ્ટ - ક્લિષ્ટતર - ક્લિષ્ટતમ પરિણામ-ભાવ સ્વરૂપ છે, એટલે મનના ભાવો આત્માના પરિણામ સ્વરૂપ છે અને તેમાં ચડતા ઉતરતા શુભાશુભના ફેરફારો થયા કરે છે.

કર્મ ભોગવવાના કાળનું પરિમાણ તે સ્થિતિબંધ તેનું કારણ કષાયો છે. કર્મોના શુભાશુભ રસના અનુભવનું કારણ લેશ્યા છે ભાવ લેશ્યા છે. માણસની છાયા પડછયો માણસની આગળ કે પાછળ જાય પણ પુરૂષ છાયા પાછળ જતો નથી જઈ શકતો નથી. તેમ, જે લેશ્યાના ભાવમાં આત્મા એક શરીરમાંથી નિકળે તેજ લેશ્યાના ભાવ સાથે બીજા ભવના શરીરમાં દાખલ થાય છે એટલે જીવલેશ્યા દ્રવ્યોને અનુસરે છે લેશ્યા દ્રવ્યો જીવને અનુસરતા નથીજ ઈતિ.